શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કક્ક • વર્ષ-૮ અંક-૪ એપ્રિલ/મે-૧૩



## મહિલા સશક્તિકરણ વિશેષાંક

એકલ નારી તૂં ન હારી

મહિલા-મહાત્મ્ય

હું નારી... નખશિખ નારી...

સોળ સંસ્કારમાં સ્ત્રીની ભૂમિકા

ઘરની શોભા : સુલક્ષણા નારી

તરૂણાવસ્થાના સ્વપ્નો

વાનગી સ્પર્ધા-ભુજ

KANSARA

Dream Dare Do

Rollers for Bearings

World - Class Worldwide


Kansara Modler Limited

an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.

Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657

Website : www.kansara.com Email : info@kansara.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૮ ● અંક : ૪
એપ્રિલ'૧૩ - મે'૧૩

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**<u>વ્યવસ્થાપક સમિતિ</u>**

***ચેરમેન***
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**<u>જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક</u> :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(ફુલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **કોઠારા**
કાંતિલાલ દામજી પોમલ ૯૯૭૯૭ ૯૮૬૨૧

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

'સેતુ' ના વિકેન્દ્રીત સંપાદન અભિગમનું આ ત્રીજું 'સુફળ' વાંચકો સમક્ષ પ્રસ્તુત કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું. સંપાદન વિકેન્દ્રીત થતાં, આ અંક ખરેખર 'વાસ્તવદર્શી' થયો છે. જેના 'યશભાગી', અતિથિ સંપાદિકા બહેનો છે. આ વિશેષાંકમાં મહિલા સશક્તિકરણ વિષે કોઈ મોટી વાતો નથી, દાદ-ફરિયાદો નથી, સલાહ સૂચનો નથી, તેમ કોઈ આશ્વાસનો પણ નથી. છે માત્ર નરી વાસ્તવિકતા, જેના કેન્દ્રમાં સમાજનો સંભ્રાંત વર્ગ નથી પરંતુ એવો વર્ગ છે કે જેના વિષે ભાગ્યે જ કોઈ વિચાર કરતું હોય.

આ અંકમાં આપણી સંપાદીકા બહેનોએ વ્યક્તિગત સંપર્ક થકી ભાવપૂર્વક અને જહેમતથી ઝીલેલાં કેટલાક વિશિષ્ઠ પ્રતિબિંબો પ્રત્યે વાંચકોનું વિશેષ ધ્યાન દોરું છું.

આપણા સમાજની અનેક વયોવૃદ્ધ મહિલાઓ એકલવાયું જીવન વ્યતિત કરે છે, એ હકીકત છે. આવી કેટલીક 'બા'ને રૂબરૂ મળી સંપાદક બહેનોએ એમની પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી વિગતો આ અંકમાં સંકલીત કરી છે. આપણી સંપાદીકા બહેનોની આ 'દૃષ્ટિ' ખરેખર અદ્‌ભુત કહી શકાય. વડીલ વંદના વિશેષાંક તંત્રીલેખમાં સ્વયંસેવકો દ્વારા વયોવૃદ્ધ વડીલો સાથે વ્યક્તિગત સંપર્ક કેળવવાનું જે સૂચન હતું, તેને બહેનોએ નક્કર કાર્યલક્ષી સ્વરૂપ બક્ષ્યું છે.

એક અન્ય લેખ પણ ખૂબ જ મહત્વનો છે. એક ભૂકંપ-ભગ્ન પરિવારની યુવા વિધવા પુત્રવધુને એના જ શ્વસુરપક્ષે દીકરી સમાન માની, પ્રેમથી પુનઃલગ્ન કરાવ્યા. આ 'ક્રાંતિકારી કદમ' વિષે 'સેતુ'ને ત્રણ લેખ મળ્યા. આ ત્રણે લેખમાં અભિવ્યક્ત લાગણીની વાચકો નોંધ લે તે હેતુથી 'પુનરાર્વતન'નો આરોપ માથે લઈને પણ એ ત્રણે લેખના સંક્ષેપ આપ્યા છે.

અંતમાં આ અંક વિષે માત્ર એટલું જ કહીશ કે આપણું સામયિક 'જ્ઞાતિ-સિમિત' હોતાં સાહિત્ય જગત એની નોંધ ન લે તે સ્વાભાવિક છે. પરંતુ જો આ અંક કોઈ માતબર સામયિકની નજરે ચડશે તો મને વિશ્વાસ છે કે આ અંકમાં મહિલા 'સશક્તિકરણ' નો ખરો મર્મ વ્યક્ત થયો છે, તેની નોંધ અવશ્ય લેવાશે.

આ અંકમાં યોગદાન આપનાર સંપાદક બહેનો અને લેખિકાઓને મારા હાર્દિક ધન્યવાદ.

— અસ્તુ

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

**આ અંકના અતિથિ સંપાદક બહેનો શ્રીમતી લત્તા સોલંકી, કુ. એકતા કટ્ટા, શ્રીમતી રોહિણી બુદ્ધભટ્ટી અને અન્ય સહયોગી બહેનો**

## શુભેચ્છા સંદેશ



મહિલા સશક્તિકરણ વિશેષાંક પ્રકાશિત કરવા માટે સેતુ પરિવારને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ..

મહાભારત અને રામાયણનું સર્જન પણ મહિલા સશક્તિકરણના પૌરાણિક ઉદાહરણો છે.


મહિલા જે ખુદ શક્તિનો જ અવતાર છે તેનું સશક્તિકરણ એટલે...

આજના સમયમાં મહિલા સશક્તિકરણના અર્થમાં આપણી મહિલાઓની સજાગતા, સંસ્કારિતા, સુવિચારીતા, સુનારીતા, સુમાતા, સુપત્ની અને આ બધું સર્જવા માટે સંવાદીતા અનિવાર્ય છે. અને આ બધા સર્જનથી જ સમાજને સુસંસ્કૃત કરી શકવાનો પ્રશસ્ત પ્રયત્ન એટલે મહિલા સશક્તિકરણ વિશેષાંક.

પ્રસ્તુત અંકમાં સામગ્રી એકત્રીત અને સંપાદીત કરવા બદલ સેતુ પરિવારની અતિથિ સંપાદક બહેનોને વિશેષ અભિનંદન અને ધન્યવાદ.

**હરિલાલ લખમશી વિશાપરમાર-ઉપપ્રમુખશ્રી**
**અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ-અંજાર**

## શુભેચ્છા સંદેશ



જ્ઞાતિ સેતુનો આગામી અંક 'મહિલા સશક્તિકરણ' જેવા સશક્ત અને સાંપ્રત વિષયને સ્પર્શતો વિશેષાંક હશે તે જાણી હર્ષ થયો. આ અંકનું સંપાદન શ્રીમતી લત્તાબેન સોલંકીના નેતૃત્વ હેઠળ, ભુજના આપણા મહિલા મંડળની બહેનો તેમજ અંજારના કુ. એકતા કટ્ટા જેઓ પ્રારંભથી જ 'સેતુ'ના તંત્રી વિભાગમાં છે તેઓ સંભાળે છે, જાણી વિશેષ આનંદ થયો. સ્વાભાવિક રીતે જ મહિલાને મહિલા જ સમજી શકે અને સમાજની વચ્ચે રહેતી લોકાના સુખ-દુઃખની સાક્ષી સુજ્ઞ મહિલાઓ જ સમાજના મનનો મર્મ જાણી શકે અને એને યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે. 'સેતુ પરિવાર'નો 'અતિથિ સંપાદન અભિગમ' અનોખો છે. આપણા સમાજના હાર્દ સુધી પહોંચવા આપણા સમાજના સ્થાનિક બૌદ્ધિકોનો સહયોગ મેળવીને 'સેતુ'નું સંપાદન થાય તો તે અવશ્ય વધુ લોકભાગ્ય બને. 'સેતુ' આપણા વિવિધ સ્થળોના જ્ઞાતિ સમાજો વિષેના વિશેષાંકો પ્રકાશીત કરવાનું વિચારે છે તે જાણી હર્ષ થયો, સમય આવે મુંબઈ વિશેષાંક પણ થશે તેવો અમને વિશ્વાસ છે. આ અંકની સંપાદિકા બહેનોને મારી હાર્દિક શુભેચ્છાઓ સાથે 'સેતુ પરિવાર'ને હાર્દિક અભિનંદન.

**જયંતિભાઈ સાકરીયા-પ્રમુખશ્રી**
**મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-મુંબઈ**

## શુભેચ્છા સંદેશ



આપણા 'સેતુ'નો આગામી અંક મહિલા વિશેષાંક છે અને તેના 'અતિથિ સંપાદીકાઓ આપણા ભુજ મહિલા મંડળની બહેનો તેમજ અંજારના કુ. એકતાબેને સંભાળ્યું છે તે જાણી ખૂબ જ હર્ષ થયો. મને ખાત્રી છે કે આ અંક સેતુના અત્યાર સુધીના બધા અંકોમાં 'શીરમોર' અંક હશે. આશા છે કે આ અંક સમસ્ત ભારતમાં તેમજ વિદેશમાં વસતા 'સેતુ' વાચકોને ખૂબ જ ગમશે. સંપાદીકા બહેનો તેમજ સમસ્ત સેતુ પરિવારને આપણા અમદાવાદ સમાજ વતી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

**રમેશભાઈ સોની**
**પ્રમુખ-અમદાવાદ જ્ઞાતિ મંડળ**

## સંપાદકીય


કુ. એકતા કટ્ટા


શ્રીમતી લતાબેન સોલંકી


શ્રીમતી રોહિણી બુદ્ધભટ્ટી

નારી તું નારાયણી... વિગેરે જેવા અનેકો તથ્યો ભારતીય સંસ્કૃતિમાં સર્વ સામાન્ય સ્વીકૃત તથ્યો છે. સમયનું વ્હેણ બદલાતું રહે પણ આ તથ્યો જાણે મૂળભૂત વાસ્તવિકતા સમ ‘સચવાયેલો’ રહ્યા છે ! પણ શું તે જળવાયા છે ખરાં – સીતાથી લઈ દિલ્હીની દામિની સુધીનાં સફર પર નજર ફેરવીએ.. નારી સશક્તિકરણ સામે પ્રશ્નાર્થ ચિહ્ન લાગી જશે...!

જ્યારે આપણી જ્ઞાતિની વાત આવી ત્યારે અગાઉના સમયનું સાંભળેલું અને હમણાં વિવિધ ઘટકની બહેનોનાં સંપર્કથી એક સંતોષકારક તથ્ય પ્રકટ થયું.. ‘આપણી જ્ઞાતિમાં નારીનું સ્થાન હંમેશથી સન્માન્નીય રહ્યું હતું છે અને હાલની પરિસ્થિતિઓ એંધાણ આપે છે કે હંમેશા રહેશે...’

ત્યારે વિચાર આવે કે આપણે સશક્તિકરણની જરૂરત ક્યાં છે ? જ્યારે શિક્ષણની વાત આવે ત્યારે ચંદાબેન બુદ્ધભટ્ટીથી લઈ નેહા બગ્ગા સુધીની સફર પ્રગતિકારક છે અને તે ઉપરાંત જ્યેષ્ઠાબેન રોહિણીબેન જેવા લગ્નજીવનના આટલા લાંબા સફર બાદ પણ અભ્યાસ ક્ષેત્રે આગળ વધી નવું જ ચિલું ચીતરી રહ્યા છે. તો વળી અધ્યાત્મ ક્ષેત્રે આપણા આદરણીય ‘ગોમતી બા’ના સ્વાશ્રયી ભક્તિમય જીવન સામે નત-મસ્તક થઈ જવાય ! પરિવારની આર્થિક સદ્ધરતામાં પોતાનું યોગદાન આપનાર નારીવૃંદની તો ગણતરી કરવી અઘરી પડે ! કારણકે અગાઉ તો આપણી જ્ઞાતિની બહેનો જાણે એ પોતાનો સહજધર્મ સમજીને જ એ યોગદાન આપતી રહેતી ! આજે સમય બદલાયો વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચપદે નોકરી કરી થોડું જાણીતા બનવાનું પણ સહજતા થઈ પોતાનું roll pay કરવાનું માંગું છું તેવું કહેતી હોય છે... ક્યો ક્ષેત્ર છે જ્યાં સાંપ્રત સમયને અનુરૂપ આપણી જ્ઞાતિનું નારીવૃંદ પાછળ હોય ?

સાહિત્ય અને લેખન ક્ષેત્રની વાત કરીએ તો, આ ક્ષેત્રમાં પણ આપણી ઘણી બહેનો આગળ વધેલ છે તેમને પ્રોત્સાહીત કરવામાં જ્ઞાતિસેતુનું મહત્તમ યોગદાન છે જે સર્વ વિદીત છે.

નારી સશક્તિકરણ વિશેષાંકનું સંકલન કરતી વેળાએ અનુભવ્યું, જે વાસ્તવિકતા ઉજાગર થઈ તે પ્રગટ કરવાનું પ્રયત્ન કર્યું છે. ‘એકલનારી તું ના હારી’... ના સંકલન દ્વારા નારી સશક્તિકરણની વાસ્તવિકતા પ્રગટ થઈ.. કોઈ કુદરતી વિપદામાં બધા જ પરિવારજનો ગુમાવી એકલપંડે જીવન સંઘર્ષ જીતતી નારીઓ માટે અહોભાવ જન્મે ત્યાં બીજી બાજુ કોઈ સામાજિક કે કૌટુંબિક સમસ્યા થઈ પીડાઈ પરિવારજનો હોવા છતાંય એકાંકી જીવન ગાળતી નારીઓ જ્ઞાતિ સ્તર માટે લાલબત્તી ધારે છે. આવી સમસ્યાઓ ઉદ્‌ભવે નાહી તે અંગે નક્કર પગલાઓ લેવા ઘટે...

વિશેષમાં જ્ઞાતિસેતુના મહિલાસશક્તિકરણ વિશેષાંકનું સંપાદન કરવાની અમને પ્રથમ વખત તક મળી અને અમોને અમૂલ્ય અનુભવ મળ્યો. સંપાદન કાર્યમાં સહયોગી બહેનો તથા જ્ઞાતિસેતુના મુખ્યતંત્રી માનનીય હંસરાજભાઈ કંસારા, અતુલભાઈ સોની તથા મનુભાઈ કોટડીયા, જેઓ તરફથી સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન મળેલ છે તે અંગે અમો અંતઃકરણપૂર્વક આભારી છીએ...

– અસ્તુ

| | | |
|---|---|---|
| **કુ. એકતા કટ્ટા** | **શ્રીમતી લતાબેન સોલંકી** | **શ્રીમતી રોહિણી બુદ્ધભટ્ટી** |
| **અંજાર** | **ભુજ** | **ભુજ** |

**મહિલા સશક્તિકરણ વિશેષાંકના અતિથિ સંપાદિકાઓ**

# અન્ન તેવો ઓડકાર

લતા કે હેડાઉ-નાગલપુર (માંડવી)

ભારે રસિક વાત છે મહાભારતના જમાનાની એકવાર હસ્તિનાપુર રાજા યુધિષ્ઠિરે યજ્ઞ માંડેલો.

દેશ દેશ કંકોતરીઓ કાઢવામાં આવી. દેશ-દેશથી રાવરાણા સામંત-સરદાર શેઠ સાહુકાર આવ્યા. કંઈ કેટી તેમની સરભરા પાણી માંગો તો દૂધ મળે.

એક હસ્તિનાપુર જેવા ચાર હસ્તિનાપુર તો મહેમાનો માટે વસી ગયા. મહારાજ યુધિષ્ઠિર પોતે મહેમાનોનું સ્વાગત કરતા હતા. રસોઈની દેખભાળ ભીમસેનના હાથમાં આવી રક્ષાનોને નૃત્ય ગાનનો ભાર અર્જુનને માથે હતો. નકુલ ને માથે વાહન વ્યવહાર ખાતુ હતું. સહદેવ સરભર ખાતામાં હતા. ખાવાના તો ઢગલા હતા. પીવાના ના તો પાર નહિ. દૂધ-ઘીની તો નદીઓ વહેતી હતી. યોજનો સુધી પકવાનના ભંડારો ખડકાયા સૂકા લીલા મેવાના તો ગંજ ખડકાયા. પાન-સોપારી ના તો પહાડ રચાયા. ભીમસેન કહે ખાધે રાખો ભાઈ ખાનાર થાકે પણ પીરસનાર ન થાકે.

અને પીરસનાર પણ કોણ ? ખુદ ભીમસેન, અર્જુન પોતે રાજા યુધિષ્ઠિર સ્વયં બાકીના બધા રાજકુમારો. મહેમાનોમાંય કાંઈ જોવા તેવા નહોતા. ખુદ ભગવાન કૃષ્ણ જ્યાં છપ્પન કોટિ યાદવોને લઈ આવ્યા હાત. અને ભગવાન શ્રીકૃષ્ણ હાજર હોય ત્યાં કોણ ગેરહાજર રહે ?

આ યજ્ઞ દુનિયામાં પહેલો વહેલો હતો. તે એના પુરોહિત ભગવાન વેદવ્યાસજી પોતે હતા. આખા દેશમાંથી વિદ્વાન બ્રાહ્મણો, બંદીજનો ને યાચકો ઉભરાણા હતા. સહુને ભરપેટ જમાડવાના ને ઉપર દાન-દક્ષિણા આપવાની અને તે પણ સોનારૂપા અને હીરામાણેકની !

યજ્ઞ તો ભારે ધામધૂમથી પૂરો થઈ ગયો. લોકો કહે ભાઈ પહેલા કદી આવો યજ્ઞ થયેલો નહિં. ને હવે ત્રણેકાળમાં થશે પણ નહિં. જેણે આ યજ્ઞ જોયો તેનો જીવન ધન્ય થઈ ગયું. કામ નવખંડમાં નામના રહે એવુ થયું હતું !

એ વખતે એક ગરીબ ભૂખ્યો બ્રાહ્મણ પંડિત ત્યાં આવ્યો. એની સાથે એક નોળિયો હતો. બ્રાહ્મણ પંડિત અને સાથે નોળિયો. નોળિયો જાનવરની જાતને ! ચપ લઈને એતો ખાઈ ખાઈને ફેંકી દીધેલા પતરાળાના ઢગલામાં પેઠો આ તો મોટા માણસોનું જમણ ખાધુ ન હોતું. એટલું એઠું મૂક્યું હતું. એ એઠવાળમાં પેલો નોળિયા આળોટવા લાગ્યો. ખાવાને બદલે આળોટતો જોઈને બધાને આશ્ચર્ય થયું. ભીમભાઈ પેલા પંડિતને જમવાનું કહ્યું એટલે પંડિત કહે અન્નની પરિક્ષા કર્યા વગર અમારાથી એ ન ખવાય. જેવું અન્ન તેવું મન. જેવું અન્ન તેવો ઓડકાર. એ વાત તો તમે સાંભળી હશે.

પંડિત જ્ઞાની હતો. તપસ્વી હતો અને એણે વાત કહેવા માંડી ભીમસેનભાઈ !

કેટલાક વખત પહેલા હું નૈમિષારણ્યમાં ગયો હતો. નૈમિષારણ્યમાં ભારતના વિદ્વાન પંડિતો રહે છે. તેઓ આપ્યા વગર લેતા નથી. પૂછ્યા વગર બોલતા નથી. અહીં એક પંડિત રહે પોતાના કુટુંબ સાથે. એ કથા વાર્તા કરે ખેતરે જાય. પ્રામાણિક જીવન જીવે ખેતરમાંથી લઈ ગયા પછી જે દાણા રહે તે લઈ આવે ને ગુજરાન ચલાવે એ બ્રાહ્મણ (પંડિત) ના અમે મહેમાન બન્યા. મારી સાથે આ મારો નોળિયો મિત્ર હતો. એની કોઠીમાં અન્ન નહિ ઘરમાં બીજો અવેજ નહિ. પણ શું મહેમાનગતિ ! શું એમનો પ્રેમ ! શું એમનો આનંદ ! એની પાસે આપણું સુખ તો સાવ તુચ્છ લાગે. એના જમણ પાસે આપણા જમણ તો સાવ ફિક્કા લાગે.

મહેમાનને જમાડે એવા ભાવથી કે જાણે પોતે જમે છે. સહુએ અડધે પેટ રહીને મને જમાડયો. જમીને મે બહાર જઈને હાથ ધોયા. મારા હાથ પર ચોંટેલી થોડી એઠ જમીન પર પડી. આ નોળિયો એમાં આળોટ્યો. જે તરફ એ આળોટ્યો હતો એ અંગ આખું સોનાનું બની ગયું. મારે કોઠે તો દીવા થઈ ગયા. પણ એને કોઠે દીવા થઈ ગયા. ત્યારથી હું અન્નનો મહિમા સમજ્યો. ખાતરી કરવી હોય તો કરી જુઓ આ રહ્યો નાળિયો !

ભીમસેને નોળિયાને જોયો. ભીમસેનનો તો ગર્વ ઉતરી ગયો હતો. પેલો પંડિત કહે એ અન્ન સુકૃતનું હતું. ન્યાયથી ઉપાર્જન કરેલું હતું. પ્રેમથી રાંધેલુ હતુ. હવે અમે બંને એવા અન્નની શોધમાં પૃથ્વી ઉપર ભમીએ છીએ.

ભીમસેન કહે : અરે જે અન્નને ભગવાન શ્રીકૃષ્ણ જમ્યા. ભગવાન વેદવ્યાસે પવિત્ર કર્યું. સત્યના અવતાર યુધિષ્ઠિર રાજાએ પીરસ્યું. એ અન્નને તમે બંને જણા જમી લો ! તમારું કલ્યાણ થશે.

પંડિત કહે : મારો નોળિયો તમારા અન્નનો એઠવાડમાં આળોટ્યો. પણ એનું અડધું અંગ જેવું ને તેવું રહ્યું. જુઓ ! એ બિચારો નિરાશ થઈને પાછો આવે ! એની મૂંગી ભાષામાં એ કહે છે કે ભલે પાંડવોએ ગમે તેવા મોટો યજ્ઞ કર્યા પણ એમનું અન્ન તો પહેલા પંડિત જેવુ નહિ.

હે મહાવીર ભીમસેન ! અન્નના પણ ત્રણ પ્રકારો છે. ન્યાયથી પેદા કરેલું ને નિર્વાહ પુરતું આણેલું તે સાત્વિક અન્ન કહેવાય. ખાનાર ખવરાવનાર બેડો બેનો પાર થઈ જાય.

યુક્તિ - પ્રયુક્તિથી આણેલું ને કીર્તિ-મોટાઈ માટે વાપરેલું

અન્ન તે રાજસી અન્ન કહેવાય. એ ખાનારની ને ખવરાવનારની શોભા વધારે પણ રાજસ સ્વભાવ વાળા કરે એ ખવરાવે જરૂર પણ મોટાઈ ખાતર માન ખાતર આબરૂ ખાતર ! એ રાજસ અન્ન.

ત્રીજું કોઈના હક પર તરાપ મારી સંઘરેલું અન્ન તે તામસી અન્ન કહેવાય. ખાનારનેય ડુબાળે ખવરાવનારને ડુબાળે !

અન્ન દાન તો જીવ પરના પ્રેમને લઈને અપાય. કીર્તિ માટે, મોટાઈ માટે, શોભા માટે, ખાવા કરતા વધુ બગાડ માટે જે દાન થાય તે દાન ન કહેવાય. પંડિતની આવી પ્રેમભરી ને જ્ઞાનભરી વાણી સાંભળી ભીમસેન ગુસ્સે થયો. ને ભારે ગર્જના કરવા લાગ્યો. કાચો પાચો માણસ હોત તો એના ત્યાં જ રામ રમી જાત. પણ આ બ્રાહ્મણ તો પ્રેમ ઝરતી આંખે ત્યાં ઉભો રહ્યો. ત્યાં અંદરથી શ્રીકૃષ્ણ ભગવાન દોડતા આવ્યા. એમણે બધી વાત સાંભળી એમણે કહ્યું 'ભાઈ ભીમસેન. આ પંડિતની વાત સાચીછે. અને એનું જીવતું જાગતું ઉદાહરણ જ તું છે ! તે જે અન્ન ખાધુ તેને તને ક્રોધી બનાવ્યો. વિવેક ભૂલાવ્યો ! ને આજ પૂજનીય વિદ્વાન જેણે પવિત્ર અન્ન આરોગ્યું છે તે કેવો શાંત રહ્યો. 'અન્ન વૈમનઃ' એ વાત નોળિયો સ્પષ્ટ કરે છે. અન્નની અસર પશુ પર થતી હોય તો પશુ પર કેમ ન થાય ! જેવું અન્ન તેવું મન ! અન્ન એ તો માણસના પ્રાણ છે. ખરાબ હવાને લીધે જેમ નુકશાન થાય તેમ ખરાબ અન્ન પણ નકામું ! પવિત્ર અન્ન ના પ્રકારો તો વિદ્વાન બ્રાહ્મણ કહે છે તેવાજ છે.

ભીમસેન વાત સમજ્યો. એણે ગર્વ છોડી દીધો. એને લાગ્યું કે ખરેખર અન્ન પણ સારું ને નરસું હોય છે. એમાં પણ વિવેક રાખવો જરૂરી છે.

આ વાર્તા પરથી બોધ લેવાનો કે અન્નને આપણે કેવી રીતે જમવું જોઈએ.

# જ્ઞાતિસેતુ

## લવાજમ વિશે

જ્ઞાતિસેતુના સર્વે વાચકોને જણાવવાનું કે આપના બાકી રહેતા લવાજમની રકમ તથા આગામી વર્ષ માટેના લવાજમની રકમ જમા કરાવવા માટે પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

જ્ઞાતિસેતુનું પ્રકાશન દર બે માસે થાય છે તેનું લવાજમ ત્રણ વર્ષ માટે રૂા. ૩૦૦/- અને આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- છે. આ અંગેનો હિસાબ નાણાંકીય વર્ષ એટલે એપ્રિલ માસથી ગણવામાં આવે છે.

આપનું લવાજમ નિયમીત રીતે રીન્યુ કરાવવું જરૂરી છે. આપનું લવાજમ પુરુ થઈ ગયેલ હોય તો તાત્કાલીક આગામી ત્રણ વર્ષ માટે અથવા આજીવન લવાજમની રકમ જમા કરાવવા વિનંતી. આપની અગાઉની બાકી રહેલ લવાજમની વિગતો નીચે દર્શાવેલ સ્થાનિક જ્ઞાતિસેતુના સહયોગી પાસેથી મેળવી શકાશે. આપ આપનું લવાજમ પણ તેમની પાસે જમા કરાવી શકશે. જ્ઞાતિસેતુ મુખપત્ર આપને આગામી વર્ષોમાં પણ નિયમીત મળે તે માટે લવાજમની રકમ તા. ૩૦-૬-૨૦૧૩ સુધીમાં જમા કરાવશો. લવાજમની રકમ રોકડમાં, મનીઓર્ડરથી અથવા ચેકથી ભરી શકાશે. ચેક **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ**ના નામનો લખવાનું રહેશે.

આ ઉપરાંત લવાજમની રકમ રોકડ/ચેકથી **અલ્હાબાદ બેંકના સેવિંગ્સ ખાતા નં.** 20008658973 - **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ**ના ખાતામાં જમા કરાવી શકાશે. પરંતુ આ કિસ્સામાં બેંકની પે સ્લીપની નકલ જ્ઞાતિસેતુના કાર્યાલય પર મોકલી આપવા અથવા ઈ-મેઈલથી મોકલવા વિનંતી.

જ્ઞાતિસેતુના આ ઉમદા કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી આશા છે.

**જાહેરાત તથા લવાજમ માટે સ્થાનિક સંપર્ક :**

- **અમદાવાદ :** શ્રી ઉદય પરમાર (મો) ૯૮૭૯૧ ૦૬૩૫૩
  શ્રી કનુભાઈ બીજલાણી (મો) ૯૨૭૬૮ ૪૦૯૧૩
- **ભુજ :** શ્રી ઈશ્વરભાઈ વી. હેડાઉ (મો) ૯૪૨૯૦ ૮૩૨૯૫
  શ્રી વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી (રૂલપ્રેસવાળા)(મો) ૯૯૭૯૭ ૯૭૫૮૪
- **અંજાર :** શ્રી અનિલ એસ. સોની (મો) ૯૮૨૪૨ ૮૫૨૧૦
- **નખત્રાણા :** શ્રી પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી માર્ટ) (મો) ૯૮૭૯૧૨૨૨૬૫
- **માધાપર :** શ્રી હિતેશ સોની (કરણ જ્વેલર્સ) (મો) ૯૪૨૭૪ ૪૩૮૭૪
- **માંડવી :** શ્રી વિનોદભાઈ હેડાઉ (મો) ૯૮૯૮૮૩૧૫૨૦
- **અબડાસા :** શ્રી કાંતિલાલ દામજી પોમલ (કોઠારા) (મો) ૯૯૭૯૭૯૮૬૨૧
- **મુંબઈ :** શ્રી જયંતિભાઈ સાકરીયા (મો) ૦૯૯૬૯૮૪૦૩૪૫
- **રાયપુર :** શ્રી પ્રફુલભાઈ બારમેડા (મો) ૦૯૩૦૨૨૨૦૮૮૮
- **સાબરકાંઠા :** શ્રી નરેન્દ્રભાઈ સોની-ગાંધીનગર (મો) ૯૪૨૭૩૦૫૮૭૪
- **નાગપુર :** શ્રી પિનાક હાલાઈ (સોની) (મો) ૦૯૯૨૨૫૭૯૯૯૬
- **કાર્યાલય :** શ્રી રાજેન્દ્ર સોની
  ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
  ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮, **ઈ-મેલ :** editor@gnyatisetu.com
- **વિશેષ વિગત માટે સંપર્ક :**
  **શ્રી મનુભાઈ કોટડીયા (મો) ૯૬૦૧૨૭૫૦૭૮**

# સીતા માતાની મર્યાદા

લત્તાબેન હેડાઉ-નાગલપુર

ભારત દેશમાં અનેક મહાન આદર્શ નારીઓ થઈ ગઈ છે. એમના થકી કાર્યો ઈતિહાસના પાને એમનું નામ અમર થઈ ગયું. આ આર્યનારીઓમાં કુંતા, મંદોદરી, તારા તેમજ રામાયણના સીતાના નામ અમર છે.

સ્ત્રીધર્મનું આદર્શ સીતાજી એ તત્વ જગતને બતાવ્યું. આદર્શ સ્ત્રીનો ધર્મ બતાવવા પ્રગટ થયા છે.

લગ્નની સપ્તપદીમાં સીતા માતા એક મંત્ર બોલેલા કે 'હું કુટુંબની રક્ષા કરીશ. સદા મધુરતા દાખવીશ. દુઃખ ના સમયમાં ધૈર્યવાન બનીશ અને સુખમાં આનંદિત બનીશ.' ભારતીય સંસ્કૃતિની પોષક દરેક સ્ત્રી આજે પણ આ મંત્રને માન આપે છે. શ્વસુર ગૃહેના સર્વ દુઃખો પોતાના ગણી સંતોષપૂર્વક જીવે છે. સપ્તપદીના આ વચને સીતા વનનું કઠિન જીવન સ્વીકાર્યું. રાજમહેલ છોડી વનમાં વનવાસી તરીકે ભટકી પરંતુ માનવને રાજકુમાર તરીકે નહીં પરંતુ માનવ રામ તરીકે રાજમહેલના સર્વ સુખોનો ત્યાગ કરી સપ્તપદીના મંત્રનું અક્ષરરસ પાલન કર્યું. વનવાસ સ્વીકાર્યો.

આથી સીતા માતાના જીવન ચરિત્રને વાંચવાથી જાણવા મળશે કે કષ્ટો ભલે ગમે તેટલા આવ્યા પણ એમણે જીવનમાં ક્યારેય મર્યાદાનો ભંગ નથી કર્યો અને સદાય પોતાના કુટુંબ, પરિવાર, સમાજ માટે એક આદર્શ સ્ત્રી બનીને પોતાના ધર્મો નિભાવ્યા કહે છે કે

अमावस कीस माह में नहिं आती ?
थकावट कीस राह में नहिं आती ?
इस संसार में कोई बताये तो सही
समस्या कीस चाह में नहिं आती ?

આથી સીતા માતાના જીવનમાં સંપૂર્ણ પ્રેમનું જ સંયોજન છે. એમના જીવનમાં ક્યારેય કોઈના પ્રત્યે રાગદ્વેષ નથી. ક્યાંય કપટ નથી, રંજ નથી એમણે માત્ર પતિનું હિત, પરિવારનું હિત જોઈ આર્ય ધર્મનું પાલન કરવાની ભાવના રાખી કર્તવ્ય પાલન કરતાં જીવન જીવી જાણ્યું.

આર્ય ધર્મનો આ ભાવ પ્રગટ કરનારા સર્વગુણ સંપન્ન સીતા માતા યુગોથી માનવ જાતના આદર્શ બન્યા છે અને પૂજનીય બન્યા છે. સીતા માતાના જીવનમાંથી બોધ લેવાનો કે બાળકો પ્રત્યે વાત્સલ્યભાવ. સમવયસ્કો સાથે મૈત્રી ભાવ અને વડીલો પ્રત્યે શ્રદ્ધા-ભક્તિયુક્ત વિનય ભાવ રાખવો. નિઃસ્વાર્થ-ભાવે ઉત્તમ કર્મો કરીને માન મોટાઈથી રહિત થઈને પોતાનું શ્રેય બીજાઓને આપીને સત્યની રક્ષા કરતા રહીને કર્તવ્યો કર્મો કરવા. જીવનમાં ભયાનક આફત આવી પડે તો પણ ક્રોધ, લોભ, લજ્જા, ભય ને વશ ન થવું. ધૈર્ય, ધર્મ, ઈશ્વર ભક્તિ ન છોડવી તથા ક્યારેય આત્મહત્યાનો વિચાર ન કરવો. બાળકોને પોતાની વાણી અને પોતાના આચરણ દ્વારા સારું શિક્ષણ આપવું અને જીવનમાં વિદ્યા, બુદ્ધિ, બળ ઉપરાંત કલા - કૌશલની વૃદ્ધિ માટે યથા યોગ્ય પ્રયત્ન કરવા અને પોતાના સુંદર જીવન માટે ક્ષમા, દયા, દાન, તપ, શાંતિ સમતા, સરળતા શ્રદ્ધા પ્રેમ વગેરે સદ્‌ગુણોને ધારણ કરવા તથા સત્સંગ, સ્વાધ્યાય, કીર્તન, સેવા દાન વગેરે સદાચારોને અમૃત તુલ્ય માનીને કર્તવ્ય બુદ્ધિથી નિષ્કામ ભાવથી શ્રદ્ધાપૂર્વક આત્મસાત કરવા પ્રયત્ન કરવા. આજના સમયમાં આવા ચરિત્રો વાંચવા બહુ જ જરૂરી છે. એક સ્ત્રી કુટુંબ, પરિવારનું કે સમાજનું કાર્ય કેવી રીતે કરી શકે છે. જો આજની સ્ત્રી સુસંકૃત હશે તો જ પરિવાર, કુટુંબ કે સમાજને મદદરૂપ થશે. સ્ત્રીમાં સમજણ હશે તો એવા મહાન કાર્ય કરી. પોતાનું નામ રોશન કરી શકશે.

## શોધું છું

બેવફાઈની દુનિયાની હું વફાદારને શોધું છું.
રસ્તે રઝડતાં ભૂખ્યા તરસ્યાં નિરાધારને શોધું છું.

કોનું લેણું કોનું દેણું કોનું શું શું બાકી,
વ્યાજ સહિત એ ઋણ ચૂકવવા લેણદારને શોધું છું.

નાવ ડૂબે છે મધદરિયામાં મોજાંના તરખાટ વચ્ચે,
ભવસાગરથી પાર ઉતરવા તારણ હારને શોધું છું.

કુળકપટને કાવાદાવા મનફાવે ત્યાં દોડે છે,
થાણે થાણે ભટકી ભટકી દંડનારને શોધું છું.

પાખંડીના પુણ્ય પ્રતાપે પાપ ગયાં સઘળાં નાશી,
પુણ્યાત્માના પગલામાં હું સર્જન હારને શોધું છું.

દુનિયાના જખ્મોની યાદી પાને પાને નોંધી છે,
ઊંડા ઘા છે જખમોના એ રૂઝાવનારને શોધું છું.

**– શ્રીમતી એસ. કે. સોલંકી-ભુજ**

# એકલ નારી તૂં ન હારી

– લત્તા સોલંકી-ભુજ, અંજના પોમલ-અંજાર

*જીવન ચલને કા નામ... આપણે સૌએ સાંભળેલું આ વાક્ય, જીંદગી ક્યાંય રોકાતી નથી. જીંદગીમાં ઉતાર ચડાવ આવતા રહે છે. કોઈનો મીઠો સાથ સથવારો હોય તો જીવન માણવાની વાત જ કંઈક ઓર હોય છે. પણ જ્યારે એકલપંડે જીવવાનું આવે ત્યારે વાત જુદી હોય છે. આજે હું વાત લઈને આવી છું. આપણી વરિષ્ઠ બહેનોની જે એકલવાયું જીવન જીવી રહી છે. સંસાર રથને એક જ પૈડા વડે હાંકી રહી છે. તો ચાલો મળીએ આપણી બહેનોને મળીને વાત માંડીએ કે એમના જીવનની ગાડી કઈ ગતિથી આગળ વધી રહી છે. કેટલા સમયથી એકલા છે ? એમના જીવનનું પ્રેરક બળ ક્યું છે ? એકલા જીવવામાં કઈ કઈ મુશ્કેલીઓ આવે છે ? કોણ મદદરૂપ થાય છે ? સમાજ પાસે શી અપેક્ષા છે ? સમાજને પોતે શું યોગદાન આપવા માંગે છે અને સમાજને ક્યો સંદેશો આપવા માંગે છે આ અને આવા અન્ય મુદ્દાઓને આવરી તેમના જીવન ઝરૂખામાં ડોકિયું કરવાનો એક નમ્ર પ્રયાસ આદર્યો છે અને* ***આ પ્રયાસ સાથે હૃદયની એવી ભાવના છે કે આ બહેનોને આપણે કઈ રીતે મદદરૂપ થઈ શકીએ. તેઓના હૃદયને સદા હસતું રાખવાની સમાજ તૈયારી બતાવે.***

**– લત્તા સોલંકી**



નામ : **હેમલત્તા એમ. પોમલ**

ગામ : ભુજ, ઉંમર : ૬૯ વર્ષ

હેમલત્તાબેન દોઢેક વર્ષથી એકલા રહે છે. પતિના અવસાન પછી પુત્રીના આશ્રયે જીવી રહ્યા હતા. હવે પુત્રીના મેરેજ પછી જીવનનું ગાડું એકલા હાંકી રહ્યા છે. જીવન જીવવાનું બળ એમની પુત્રી છે. દીકરી જમાઈ બંને એમનું બરાબર ધ્યાન રાખે છે. એમનું પોતાનું ઘર કરકસર પૂર્વક ચલાવે છે. ઘરકામ, વાંચન, દેવદર્શન અને સત્સંગના સથવારે પોતાનો સમય પસાર કરે છે. સમાજ પાસેથી કોઈ ખાસ અપેક્ષા નથી. સમાજને આર્થિક યોગદાન આપવા જેવી એમની પરિસ્થિતિ નથી, એનો એમને અફસોસ છે. પહેલાં ભરત-ગૂંથણ, મોતીકામ, મડવર્ક જેવા કળા કૌશલમાં રૂચી પ્રમાણે કામ કરતા. પરંતુ આંખની તકલીફના કારણે ઈચ્છા હોવા છતાં હવે કામ થઈ શકતું નથી એનો રંજ છે. એકલવાયું લાગે છે. રસોઈ કરી જમવાનું પણ મન નથી થતું. સાજા માંદે એક કપ ચા પણ જાતે કરી પીવી પડે ત્યારે ઓછું આવે છે. પોતાની જાતે જ બધું કરવું પડે છે. સગાસંબંધી પ્રસંગોપાત મદદરૂપ થાય છે. દીકરી-જમાઈને ઘેર પણ જાય અને કોઈ મુશ્કેલી થાય તો તેઓ ઊભા પગે રહે છે. એ વાત હૃદયને શાતા આપે છે. સમાજને સંદેશો આપતાં કહે છે કે જો સમાજ આવી એકલનારીની કાળજી લે તો એમનું જીવવાનું મનોબળ મજબૂત થશે, શાંતપ્રકૃતિના હેમલત્તાબેનને જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી સુદીર્ઘ, સ્વસ્થ અને શાંતિ ભર્યા જીવનયાપન માટે હાર્દિક શુભેચ્છા...



નામ : **જ્યોતિબેન લહેરીકાંત બારમેડા**

ગામ : ભુજ, ઉંમર : ૫૮ વર્ષ

જ્યોતિબેન પાછલા નવ વર્ષથી એકલવાયું જીવન જીવી રહ્યા છે. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની ભાગવત કથા અને પૂ.શ્રી મોરારીબાપુની રામાયણ કથા એમના જીવનનાં પ્રેરક બળ છે. કથા, સત્સંગ અને તીર્થ યાત્રા એમના જીવનને સુખમય અને શાંતિભર્યું બનાવે છે. પતિના અવસાન પછી એમણે ઈશ્વરના સત્સંગની નાવડી લઈ ભવસાગર પાર કરવાનો માર્ગ સ્વીકાર્યો છે. એમના સ્વર્ગસ્થ પતિ લહેરીભાઈ એમના માટે રોટલો અને ઓટલો બંને મુકી ગયા છે એટલે જીવનયાપન સરળ છે, છતાં નિઃસંતાન હોતાં. એકલતા એમને કોરી ખાય છે. ઘરમાં એકલા હોતાં મુંજારો થાય. સરખી રસોઈ બનાવી જમવાનું પણ મન થતું નથી પણ જે છે તેનાથી સંતોષ છે. સ્વાસ્થ્ય એકંદરે સારું રહે છે. બધાને મદદ કરવા તત્પર રહે છે. ઈશ્વર પાસે પ્રાર્થે છે કે એમને કોઈની ઓશિયાળી ન બનાવે. સમાજને આર્થિક યોગદાન પણ સમયાંતરે આપતા રહે છે. સમાજ પાસે કોઈ અપેક્ષા નથી રાખતા. બીજાને મદદરૂપ થઈ પોતાના સમયનો સદુપયોગ કરે છે. કોઈના ઘરે લગ્નપ્રસંગે ઘર સાચવવા કથા કે સત્સંગમાં સેવા આપવાનું કામ તેઓ સપ્રેમે કરે છે. સમાજને સંદેશો આપતાં કહે છે કે સમાજે નિઃસંતાન કે નિરાધાર સ્ત્રીઓની ખાસ ભાળ લેવી જોઈએ. શાંત ચિત અને પ્રેમાળ જ્યોતિબેનને જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી યશસ્વી, દીર્ઘાયુ, સ્વસ્થ અને પ્રેમાળ જીવન જીવવા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ..

નામ : **કમળાબેન કાંતિલાલ સાકરિયા**

ગામ : દહીંસરા, ઉંમર : ૭૫ વર્ષ

કમળાબેન કાંતિલાલ સાકરિયા દહીંસરામાં લગભગ ૨૨ વર્ષથી એકલવાયુ જીવન જીવી રહ્યા છે. પતિના અવસાન પછી દીકરાઓ ધંધાર્થે બીજે ગામ વસ્યા છે. વ્યાજની આવક અને જાત મહેનત કરી કરકસરથી પોતાનું ઘર ચલાવે છે. ગામડા ગામમાં ગોદડા સીવવાનું અને અન્ય નાનામોટા કામ કરી સતત પ્રવૃત્તિશીલ રહે છે. ઘર પોતાનું છે. એટલી નિરાંત છે. સ્વાસ્થ્ય એકંદરે સારું રહે છે. બી.પી.ની તકલીફ હોવાથી તબિયત સાચવીને ચાલે છે. પ્રસંગોપાત કુટુંબ સહિત દીકરા મળવા આવે ત્યારે ખૂબ રાજીપો અનુભવે છે. નાની મોટી શારીરિક તકલીફ વખતે પોતે મેનેજ કરી લે છે. મોટી માંદગીમાં દીકરા પણ ધ્યાન રાખી મદદ કરે છે. સમાજ પાસે કોઈ અપેક્ષા નથી તેઓ કહે છે કે સમાજને આપી શકાતું નથી એનો રંજ છે. સતત જાત મહેનત કરવાને કારણે નવરા બેસવું ગમતું નથી. ભરતગુંથણ, મોતીકામ ફુરસદના સમયે કરે છે. તેઓ જણાવે છે કે ગામડામાં છું એટલે ઓછા પૈસે ઘર ચાલે છે. આડોશી પાડોશી પણ સાંજે માંદે પૂછા કરે છે. સવાર સાંજ દેવદર્શન અને સત્સંગમાં સમય પસાર કરવો ગમે છે. ઈશ્વર પાસે પ્રાર્થે છે કે કોઈની ઓશિયાળી ન કરજે કેમકે હાથપગ ચાલે ત્યાં સુધી જ જીવવામાં મજા છે. ગામડામાં આપ બળે સતત પ્રયત્નશીલ રહી જીવનયાપન કરતા કમળાબેનને સમસ્ત સેતુ પરિવાર તરફથી સ્વસ્થ, દીર્ધાયુ અને આનંદી જીવન વ્યતિત કરવા માટે હાર્દિક શુભેચ્છા..



નામ : **શારદાબેન આત્મારામભાઈ બુદ્ધભટ્ટી**

ઉંમર : ૬૯ વર્ષ, ગામ : ભુજ

શારદાબેન ત્રણ વર્ષથી એકલવાયુ જીવન જીવી રહ્યા છે. પતિના અવસાન પછી એકલા રહે છે. પતિ આત્મારામભાઈ આર્થિક સગવડ કરી ગયા હોવાના કારણે કસકસરથી ઘર ચલાવવામાં સરળતા રહે છે. પોતાના આત્મબળ અને ધાર્મિક ગ્રંથોના વાંચનથી તેઓને જીવન જીવવાનું બળ મળી રહે છે. જીવનમાં મુશ્કેલી ખાસ નથી પડતી ધીમે ધીમે ઘરનું કામ, રસોઈ કરી આરામ કરી પરી ઘર કામ અને બંને સમયે સવાર-સાંજ સત્સંગ કરી પોતાનો સમય પસાર કરે છે. પ્રસંગોપાત કે સાજે માંદે કુટુંબીજનોનો એમને સહિયારો મળી રહે છે. એ એમના એકલવાયા જીવનનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે. સમાજ તરફથી એમને કોઈ અપેક્ષા નથી. સમાજ મદદરૂપ થાય એવો આગ્રહ પણ નથી. પણ સમાજ જો સામે ચાલીને મદદરૂપ  થાય એવો આગ્રહ પણ નથી. પણ સમાજ જો સામે ચાલીને મદદરૂપ થાય તો મદદ લેવામાં તેમને કોઈ વાંધો નથી. ૬૯ વર્ષની ઉંમર થવાના કારણે સમાજને ખાસ કોઈ યોગદાન આપી શકતા નથી. એમના પતિ આત્મારામભાઈ બુદ્ધભટ્ટીએ ભુજ જ્ઞાતિ ટ્રસ્ટમાં મંત્રી તરીકે લાંબા ગાળા સુધી સેવાઓ આપેલ હતી. સાદુ અને શાંત જીવન વ્યતિત કરતા શારદાબેનને સમસ્ત સેતુ પરિવાર તરફથી સ્વસ્થ્ય, દીર્ધાયુ, શાંતિપૂર્ણ જીવન જીવવા માટે ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા.



નામ : **વિજયાબેન હરીરામ બુદ્ધભટ્ટી**

ઉંમર : ૮૦ વર્ષ, ગામ : ભુજ

વિજયાબેન છેલ્લા ૧૮ વર્ષોથી ઈશ્વરના આસરે એકલવાયુ જીવન જીવી રહ્યા છે. સ્વાસ્થ્ય એકંદરે સારુ રહે છે. જીવન યાપન માટે ૫૦૦/- વ્યાજના આવે છે. સરકાર તરફથી ૨૦૦/- મળે છે. પહેલા રસોડા કરતા હવે નથી થતા તે છતાં ઘર બેઠા પાપડ વણે અને કરકસરથી ઘર ચલાવે છે. સાજે માંદે દીકરીઓ મદદ કરે પણ કુટુંબીજનોનો સાથ સહકાર નથી મળતો. ક્યાંયથી સહાયતા લેવી નથી. ગમતી પતિનું નામ ક્યાંય ચોપડે ચડે તે પસંદ નથી. સમાજ મદદ કરે તો શાયદ સ્વીકારે જાજી અપેક્ષા નથી. કપાસમાંથી વાટુ કરી જે પૈસા મળે તે ધર્માદામાં વાપરે છે. જ્ઞાતિ ટ્રસ્ટ લાણુ અડધુ જ લે છે. ૨૦૦/- ને બદલે ૧૦૦/- લે છે. જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી મેડિકલ સહાય ફંડમાં શક્તિ પ્રમાણે ડોનેશન પણ આપે છે.

વિજયાબેન ૮૦ વર્ષની પાકટ વયે પણ અડીખમ ઊભા રહી પોતાનું જીવન આનંદ અને ખુમારીથી પસાર કરી રહ્યા છે. જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ વિજયાબેનને એમનું જીવન સ્વસ્થ, સુદીર્ઘ અને આનંદમય ભક્તિમય વિતે એવી શુભકામના...



નામ : **ગીતાબેન કંસારા**

ઉંમર : ૫૮ વર્ષ, ગામ : ભુજ

ગીતાબેન કંસારા ૧૯૭૮થી એકલવાયું જીવન જીવે છે. ૧૯૭૮માં લગ્ન પછી દહેજની માંગ અને માનસિક ત્રાસને કારણે છૂટાછેડા થયેલ. અંજારના સ્વ. નાનાલાલ પુરૂષોત્તમની પુત્રી છે. એમનો ઉછેર નાના વેલજી

સંગજી, નાની કંકુબેન અને મામા ધનજીભાઈ પાસે થયો. એસ.એસ.સી. સુધીનો અભ્યાસ થકી છૂટાછેડા બાદ પગભર થયા. LIC + PACL અને નાની બચત ક્ષેત્રે સુવર્ણ ચંદ્રક મેળવેલ. જીવન શાંતિથી વિતતું હતું. પણ ઘરમાં આગ લાગવાથી બધુ નવસેરથી વસાવવું પડ્યું. હાલ હોટેલમાં સુપરવાઈઝર તરીકે કાર્યરત છે અને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવે છે. સમાજ તરફથી કોઈ અપેક્ષા નથી પોતે સમાજને મદદરૂપ થતા રહ્યા છે. બહેનોને તાલીમ આપે છે. માધાપર મહિલા મંડળની સ્થાપના કરેલ છે. હોમગાર્ડની તાલીમ લઈ પોલીસ ખાતામાં પણ સોશિયલ વર્ક કરેલ છે. ગીતાબેન માને છે કે તેમના નાના-નાનીના આશીર્વાદથી એમનું જીવન સારી રીતે પસાર કરી રહ્યા છે. સમાજની બહેનોને સંદેશો આપતાં કહે છે કે ક્યારેય પણ આળસુ ન થવું. પૂજા અર્ચના અને સામાજીક પ્રવૃત્તિઓ થકી મન હળવું કરવું. આર્થિક પરિસ્થિતિનું સમતોલન કરવું. સમાજને ઉપયોગી કાર્યો કરવા.

ગીતાબેન એમનું સંઘર્ષમય જીવન. ખુમારીથી પસાર કરી રહ્યા છે. જેમાંથી અનેક બહેનોને જીવન જીવવાની પ્રેરણા મળતી રહેશે. ગીતાબેનનું સમગ્ર જીવન ખુશીઓથી ભર્યું ભર્યું સ્વસ્થ સુદીર્ઘ અને પ્રવૃત્તિમય રહે એવી જ્ઞાતિસેતુ પરિવાર તરફથી શુભકામનાઓ...



આ નાનકડું વૃત્તાંત **ગં.સ્વ. સરસ્વતીબેન કેશવજી સોલંકી**નું છે. સરસ્વતીબેન ભુજના વતની છે.

માત્ર ૧૬ વર્ષની વયે લગ્ન થયા. એમનું સાસરું જામનગર, ૨૨ વર્ષની ઉંમરે એમના પતિનું મૃત્યુ છ વર્ષનો લગ્ન ગાળો ત્રણ સંતાન, બે પુત્ર - એક પુત્રી. માત્ર છ ગુજરાતી ભણેલા. સરસ્વતીબેન એમના સંતાનોને લઈ પિયરમાં માંડવી આવ્યા. માતા-પિતાની છત્રછાયામાં શાળાંતની પરીક્ષા આપી પાસ થતાંની સાથે જ સરકારી પ્રાથમિક શાળામાં નોકરી મળી. સર્વીસ કરતા કરતા ધો. ૧૦ પાસ કર્યું. સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિષય સાથે બી.એ. કર્યું. ત્યારબાદ ૧૯૭૧માં હિન્દી-ગુજરાતી વિષય સાથે બી.એડ. કર્યું. પ્રાથમિક શાળામાંથી હાઈસ્કુલમાં બદલી કરાવી. ૧૮ વર્ષ સુધી આલ્ફ્રેડ હાઈસ્કુલમાં અધ્યાપન કાર્ય કર્યું. ૮ વર્ષ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલમાં અધ્યાપિકા રહ્યા અને ઓક્ટોબર ૧૯૯૨માં નિવૃત્ત થયા.

આ બધી પ્રવૃત્તિઓ સાથે પુત્રો અને પુત્રીના લગ્ન કર્યા. એક પુત્રની નોકરી આદિપુરમાં હતી જ્યારે બીજો પુત્ર અંજારમાં નોકરી કરતો હતો એટલે બંને એમના પરિવાર સાથે અંજારમાં રહેતા હતા. સરસ્વતીબેનની નોકરી ભુજમાં હોતા તેઓ ભુજમાં જ રહ્યા. અધ્યાપક તરીકે કાર્ય કરતાં અનેકવાર હિંમત હારી નહીં. સરસ્વતીબેન હિંમત હારે તેવા નહોતા. સરકારી શાળાનો શિક્ષિકા તરીકે એમનું પોતિકું મકાન બનાવવા સરકારી પ્લોટ મેળવવા અગિયાર ધક્કા સાથે ખૂબ જ સંઘર્ષ કરવો પડ્યો. આખરે તેઓ એમના હક્કનું મેળવીને જ રહ્યા. સરકાર સામે વારંવાર લડવાનું થતું પણ તેઓ હિંમત હાર્યા નહી. પ્રાથમિક શાળાની અને હાઈસ્કુલની સર્વિસ જોઈન્ટ કરાવતા એમને નાકે દમ આવી ગયો.

મોટા પુત્રને એક બાબો, એક બેબી છે. જે બંને બીએસસી ઈલે. એન્જી. છે. નાના પુત્રના બંને પુત્રો એક બી.ઈ. ઈલેક્ટ્રીકલ જે હાલ જી.ઈ.બી.માં એન્જીનીયર અને પુત્ર બી.ઈ. કોમ્પ્યુટર જે હાલે મુંબઈમાં એલ એન્ડ ટીમાં સીનીયર સોફ્ટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. આમ, ચારેય સંતાન (પૌત્રો અને પૌત્રીઓ) સાયન્સ ક્ષેત્રે અભ્યાસ કર્યો છે.

હાલે તેઓ નાદુરસ્ત તબીયતના કારણે ભુજ છોડી અંજાર મોટા પુત્રને ત્યાં રહે છે. સરસ્વતીબેન કહે છે કે નોકરી દરમ્યાન જ્યાં જ્યાં મારા વિદ્યાર્થીઓની આર્થિક જરૂરિયાત ઉભી થાય ત્યારે મેં મારી શક્તિ મુજબ એમને મદદ કરી છે.

નિવૃત્તિના સમયની પ્રવૃત્તિઓ : સંધ્યાદીપ વરિષ્ઠ નાગરિકોની સંસ્થામાં કારોબારી સભ્ય, પબ્લીક પાર્ક સ્પોર્ટસ કલબમાં મહિલા વિભાગમાં કારોબારી સભ્ય, છઠ્ઠી બારી મહિલા મંડળ-સહમંત્રી, હેમ સંધ્યા મહિલા મંડળ - સલાહકાર, ઓમકાર મ્યુઝીકલ ગ્રુપની મેમ્બર - સંગીત તથા કવિતાનો શોખ.

સરસ્વતીબેન માને છે કે ઈશ્વરની કૃપાથી જ આ બધું થયું છે. સરસ્વતીબેનને સેતુ પરિવાર તરફથી સ્વસ્થ, સુદીર્ઘ અને પ્રવૃત્તિમય જીવનની શુભકામના.



● જીંદગીમાં સંઘર્ષ શું છે અને કોઈ પાસે હાથ લંબાવ્યા વગર સ્વાવલંબિત જીવન કેમ જીવવું. ઉપરાંત ૬૮ વર્ષની ઢળતી વયે પણ શારીરિક રીતે તંદુરસ્ત રહેવું તે તો તેમના પરિચય બાદ જ જાણવા મળે. તેમનું નામ છે. **ગૌરીબેન બારમેડા**, ઉ.વ. ૬૮.

ગૌરીબેન હાલ એકલા જ રહે છે. નાની વયમાં પતિ અવસાન પામ્યા. સંતાનોને મોટા કરવાની જવાબદારી માથે આવી પડી. પોતાના હાથમાં સિલાઈનો કસબ હતો. જેના દ્વારા આત્મવિશ્વાસથી અનેક મુશ્કેલીઓનો સમાનો કરીને સંતાનોને મોટા કરી પગભર કર્યા. થોડા વર્ષોથી તેઓ એકલા જ રહે છે. હાથમાં કસબ છે એટલે આર્થિક મુશ્કેલી નથી. જ્ઞાતિની બહેનોને વિના મુલ્યે સિલાઈ કામ શીખવવા માંગે છે. તેમનો સ્વભાવ જ એવો છે કે બીજાને ઉપયોગી બની રહેવું. તેઓ મહિલા મંડળમાં પણ સભ્ય છે અને સેવા આપે છે.

ગૌરીબેન કહે છે કે આજે શિક્ષણનું સ્તર વધ્યું છે. પણ દરેકને રોજગારી મળતી નથી. શિક્ષણ સાથે કસબ હોય તો જીવનમાં કોઈ કપરી પરિસ્થિતિમાં પણ ઉપયોગી બની રહે છે. આજકાલ મોંઘવારી કેટલી બધી છે, તો કસબ દ્વારા આર્થિક ઉપાર્જન મેળવી શકાય. મહેનતુ જીવન જીવવાથી

શારિરીક તંદુરસ્તી અને આત્મવિશ્વાસ મેળવી શકાય.

● આજે આપણે એક એવી જ વ્યક્તિનો પરિચય મેળવીશું. જેમના જીવનની કથા વાંચી આપણે ભગવાન પર વિશ્વાસ કરતા થઈ જઈએ અને જીવવાનું બળ મળી રહે.

આપણે તેમનું નામ નહીં માત્ર હામ જાણીએ. આશરે ૨૫-૩૦ વર્ષથી તેઓ એકલા જ રહે છે. સંતાનમાં તેમને એક દીકરી અને દીકરો છે. તેઓ પણ સાંસારિક વ્યવહાર ચલાવવા ઝઝૂમે છે. તેમની પરિસ્થિતિ સામાન્ય છે.

જીવનયાપન હેતુ એમને આપણા સમાજ ઉપરાંત અન્ય માનવતાવાદીઓની સહાય મળી રહે છે. પણ એકલા અટૂલા જીવન જીવવું એ જ કરૂણતા છે. તેમની હાલત જોતાં સમજી શકાય છે કે તેમનું બધું જ ભગવાન ભરોષે ચાલે છે. આવતી કાલે મારું શું થશે એવું વિચારી શકવાની તેમનામાં ક્ષમતા જ નથી. ઈશ્વર તેમને કયું ચાલકબળ આપે છે તે જ સમજી ન શકીએ. તેમની હૃદયદ્રાવક કથની તો એ છે કે અમે તેમને મળવા ગયા ત્યારે પડોશીઓના કહેવા મુજબ થોડા દિવસ પહેલાં જ પડી જવાથી હાડકામાં નાની તિરાડ પડવા જેવી ઈજાઓને પણ ધ્યાનમાં ન લેતા સહન કર્યે રાખ્યું અને ડોક્ટર પાસે જવા અને પડોશીઓની મદદ લેવા તૈયાર ન થયા.

સંતાન હોય કે સંબંધીઓ કે પછી સમાજ હોય, માનવતાના ધોરણે આવી મહિલાઓને મદદ કરવાની નૈતિક ફરજ બની રહે છે. આવી વ્યક્તિને આર્થિક મદદ સાથે તેમને પ્રેમની તથા હુંફની પણ એટલી જ જરૂરત હોય છે.

● અન્ય એક માજી પણ, એમનું નામ આપવા ઈચ્છતા નથી. પરંતુ પરિચય આપ્યો છે. થોડા વર્ષ પહેલાં એમનાં પતિ અવસાન પામ્યા. અત્યારે તેઓ એકલા જ રહે છે. તેઓ નાની વયના હતા. ત્યારે ઘરની આર્થિક પરિસ્થિતિ સામાન્ય હતી. પતિ પણ શારીરિક ખોડ ધરાવતા હતા. આ મહિલાને એના ઘરનો નિર્વાહ ચલાવવા માટે બીજાના ઘરના કામ તથા રસોઈકામ કરીને ઘરમાં મદદરૂપ થતા. આવી પરિસ્થિતિમાં પણ એમણે દીકરાને સારું શિક્ષણ અપાવ્યું. દીકરો મોટો થશે અને તેનું ભવિષ્ય સારું રહેશે તેવી કામના ફક્ત મા જ કરી શકે, અત્યારે એ દીકરો માની મહેનતના ફળ સ્વરૂપે ઊંચા હોદ્દા પર છે. તેમનો પૌત્ર પણ શિક્ષિત છે. તેમણે પોતાની બંને દિકરીઓને પણ શિક્ષણ ઉપરાંત સિલાઈકામ, બ્યુટીપાર્લર તેમજ ઘરકામમાં નિપુણ બનાવી અને આજે તેમની દીકરીઓ પણ સાસરાના ઘરમાં રહે છે.

એમનો દીકરો નોકરી અર્થે વર્ષોથી બહાર છે. તેઓ વર્ષોથી મહેનત કરીને પોતાનું ગુજરાન ચલાવતા. હજુ પણ તેઓ થોડું ઘણું કામ કરે છે. દીકરો માને થોડી આર્થિક સહાય કરે છે. એમની પાસે ભણતર નથી પણ ગણતર છે. ભણતરથી ક્યારેક અહંકાર આવી જાય પણ સુખી રહેવા માટે ગણતર એટલે કે સમજણશક્તિ જીવનમાં અતિ મહત્વની છે.

● આપણા સમાજમાં આવી જ વિતક કથા બીજી ઘણી બહેનોની હશે. એમાંના બીજી બહેનોનો પણ પરિચય મેળવીએ.



એક બહેન છે **પુષ્પાબેન પ્રાણલાલભાઈ ગોહિલ**. તેઓએ પણ જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો. પતિને લકવાની અસર હોવાથી ૧૬ વર્ષ તેની સેવા ચાકરી કરી. અત્યારે અગિયાર વર્ષથી એકલા રહે છે. ખૂબજ ટૂંકી આવકમાં સંતોષી જીવન જીવવું એવી પ્રેરણા આવી વ્યક્તિઓ દ્વારા જ મળી શકે છે.





તદુપરાંત **પ્રેમિલાબેન મોરારજી** અને **મધુબેન વાલજીભાઈ બુદ્ધભટ્ટી**ની વિતક કથા પણ સમાન છે. તેઓ દરેકે ખૂબ જ ઓછી આવકમાં સંતોષપૂર્વક જીવે છે.



● ૬૬ વર્ષના **મંજુલાબેન રતિલાલ બુદ્ધભટ્ટી** - માંડવીમાં રહે છે. સંતાનમાં એમને ત્રણ દિકરી છે જે પરિણીત છે. તેઓ છેલ્લા ૫ વર્ષથી એકલા રહે છે. શરૂઆતમાં રસોઈ કામ કરતા પણ હવે નાદુરસ્ત તબિયત તેમજ અવસ્થાવશ કામ કરી શકતા નથી. આર્થિક સ્થિતિ એકદમ નાજુક છે. દવા કે ઈલાજ તો ઠીક પરંતુ રોજીંદા જીવનયાપન માટેની પણ એમને તકલીફ છે. દીકરીઓની મદદ સ્વાભાવિક રીતે જ મર્યાદીત છે. તેમ છતાં સંકોચવશ - ક્યાંય, કોઈ પાસે એમની લાચારી વ્યક્ત કરી શકતા નથી. સમાજના સમજુ પરિવારો તરફથી જે કંઈ મળી રહે તેનાથી નિભાવે છે. આપણા સમાજની આવી વયોવૃદ્ધ એકલ વ્યક્તિઓ કે જેઓ પોતે કંઈ કહેતી નથી. તેમના માટે સમાજના સેવાભાવી લોકોને વિનંતી છે તેમના જીવનમાં ડોકિયું કરે અને એમની આવશ્યકતાઓની પૂર્તિ માટે પ્રયાસો કરે. **— અરૂણા સોની**

સેતુનું કાર્ય જ્ઞાતિજનોને જોડવાનું છે. તેના દ્વારા આપણે દરેક ગામમાં થતી પ્રવૃત્તિઓ ઉપરાંત ઘણું બધું જાણવા મળે છે. આ બાબતનો મહિલા વિશેષાંકમાં લત્તાબેને બહુ સરસ કાર્ય હાથમાં લીધો છે. જે મહિલા એકલી રહેતી હોય તેઓનો પરિચય મેળવવો અને તે સમાજ સુધી પહોંચાડવો. આવા નિરાધાર કે સંજોગોવશાત એકલી રહેતી બહેનોને તેમની જરૂરત પ્રમાણે સહાયક બની રહેવું તે આપણા તમામની ફરજ છે.

## હાઈકુ

| સ્નેહનો સેતુ<br>સાચવવાનો હેતુ<br>પરસ્પર | વેરઝેરનો<br>હુતાશન પ્રગટે<br>વાદ વિવાદે |
|---|---|

**એસ. કે. સોલંકી**

# લાડલી દિકરી સમાન 'વિધવા પુત્રવધુ' જ્યારે સાસરે સીધાવે..

પી.જી.સોની 'દાસ' ભુજ

**સોલંકી પરિવારનો પ્રેરક પ્રસંગ**

'દિકરીયૂં દેવાય, વહુવારૂ દેવાય નાં'... લબ્ધ પ્રતિષ્ઠિત લેખક, કવિ સાહિત્યકાર એવા સુપ્રસિદ્ધ ઝવેરચંદ મેઘાણીની સુવિખ્યાત નવલકથા 'સૌરાષ્ટ્રની રસધાર'માં વાંચેલ સત્યઘટનાની આ દુહાની પંક્તિ દિકરી સાસરે વળાવાય, પણ વહુને કેમ વળાવાય ? સૌરાષ્ટ્રની સત્ય ઘટના જેવો જ - વિધવા વહુને સાસરે મોકલવાનો એક ક્રાંતિકારી અને ઉત્તમ કહી શકાય તેવો પ્રસંગ તાજેતરમાં ભુજમાં આપણા મારૂ કંસારા સોની સમાજના મહિલા મંડળના અધ્યક્ષ શ્રી લતાબેન ઈન્દુભાઈ સોલંકીના પરિવારમાં બન્યો.

આ પ્રેરક પ્રસંગની જરા માંડીને વાત કરીએ...

આપણી જ્ઞાતિના અગ્રણી ઈન્દુભાઈ હરિરામ સોલંકી, એડવોકેટના મોટા ભાઈ બાબુભાઈ તથા તેમના જુવાન પુત્ર રસિકભાઈનું ૨૦૦૧ના ગોઝારા ભુકંપમાં દુઃખદ અવસાન થયું. ભુજના અંજારીયા ફળિયામાં આવેલું એમનું મકાન ધરાશાયી થતા સૌ કાટમાળમાં દબાયા હતાં, આઠ કલાકની મહા મહેનતે જુલીબેન તથા સુરજને ગંભીર હાલતમાં બહાર કાઢી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જુલીબેનની હાલત નાજુક હતી પણ સઘન સારવારથી જુલીબેન થોડા સમયમાં સાજા થઈ ગયા. ત્રણેક મહિના તલોદ (સાબરકાંઠા) એમના પિયરમાં રહ્યા.

જુલીબેનના કાકાજી સસરા ઈન્દુભાઈ તથા લતાબેને જુલીબેનના માતા-પિતા પાસેથી જુલીબેનને પોતાની દિકરી તરીકે લઈ જવાની સંમતિ લઈ જુલીબેન તથા સુરજને ભુજ મધ્યે પોતાની સાથે રહેવા લઈ આવ્યા. પરંતુ એમની દીકરી જેવી પુત્રવધુને યોગ્ય પાત્ર શોધી પરણાવવાના સંકલ્પ વિકલ્પ થતા. એમ કરતાં કરતાં યોગ્ય પાત્ર શોધતાં ૧૨ વર્ષ વીતી ગયા. જુલીબેનનો પુત્ર પણ ૧૭ વર્ષનો થયો અને હાલમાં એણે ધો. ૧૦ ની પરીક્ષા પણ આપી દીધી. અંતે ઈશ્વરકૃપાથી જુલીબેન માટે યોગ્યપાત્ર મળી ગયું. અને ખૂબ જ ચોકસાઈ અને વિચાર વિમર્શ કર્યા પછી જુલીબેન તથા તેણીના પિયરપક્ષની સહમતિથી નખત્રાણાના સોની જયેશભાઈ ખેંગાર સોલંકી ઉ.વ. ૪૫ ઉપર પસંદગી ઉતારી અને તા. ૧૫-૪-૨૦૧૩ના રોજ ભુજમાં શ્રી કાલિકા માતાજીના મંદિરના પ્રાંગણમાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાદગીથી લગ્ન કરીને જુલીબેનને ભારે હૈયે જ્યારે સાસરે વિદાય આપી ત્યારે સૌ ઉપસ્થિતોની આંખમાં આંસુના તોરણ બંધાયા હતા. અને લતાબેન ઈન્દુભાઈ સોલંકી પરિવારે જાણે પોતાની સગી પુત્રીને વિદાય આપતા હોય એમ એક અતિ ઉમદા કાર્ય કર્યાનો પૂર્ણ સંતોષ એમની આંખોમાં દેખાતો હતો.

જોગાનુજોગ સોલંકી નૂખ (અટકમાં) જ જુલીબેન પરણાવવી હોવાથી લતાબેન તથા ઈન્દુભાઈ સોલંકી કન્યાદાન કરી શકે તેમ ન હતા. જેથી જુલીબેનના સગા ભાઈ - ભાભી મેહુલભાઈ તથા મનીષાબેને જુલીબેનને પોંખી પરણાવેલી હતી. જ્ઞાતિના ગોર પૂજ્ય સુમનભાઈ વ્યાસ તથા જ્ઞાતિ અગ્રણીઓ આમંત્રિતો મહિલા મંડળની સૌ બહેનો વિગેરેએ નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રેરક પ્રસંગે ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી, મંત્રીશ્રી દિલીપભાઈ બગા, કારોબારી સભ્યો સર્વશ્રી નિતીનભાઈ હેડાઉ, સુનિલભાઈ કંસારા, અમૃતભાઈ જેઠાલાલ સોલંકી, ચંદ્રકાંત જટુભાઈ ચનાણી વિગેરે ભુજ યુવક મંડળના પ્રમુખશ્રી અનિલભાઈ છત્રાળા, હોદ્દેદારો તથા કારોબારી સભ્યો, ભુજ મહિલા મંડળના તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ખાસ હાજર રહેલા. ઉપરાંત નખત્રાણા જ્ઞાતિના અગ્રણી જ્ઞાતિ પ્રમુખ, હિરાલાલ બગા, ભરતભાઈ બગા, પશ્ચિમ કચ્છ જ્ઞાતિ પ્રમુખ શ્રી લખમશીભાઈ કોટડીયા, રવજીભાઈ સાકરીયા, રમેશભાઈ ડુંગરશી, ગંગારામભાઈ સોની, મહિલામંડળના પ્રમુખ શ્રી રસિલાબેન સોની, યુવક મંડળના પ્રમુખ શ્રી મહેશભાઈ સોની વિગેરે હાજર રહી નવદંપતિને આશીર્વાદ આપેલ.

**ભૂકંપના જખમ પર મલમનું કામ કરે તેવી એક વાત અત્રે કરવી છે.**

ભુજના નામાંકિત વકીલ શ્રી ઈન્દુલાલભાઈ સોલંકી તેમજ તેમના ધર્મપત્ની લત્તાબેન સોલંકી એ ભૂકંપમાં મોટાભાઈ બાબુભાઈ - ભાભી જયાબેન તેમજ ભત્રીજા રસિકભાઈને ગુમાવ્યા. રસિકભાઈના પત્ની જુલીબેન તેમજ પુત્ર સૂરજ બચી શક્યા. ઈન્દુભાઈ અને લત્તાબેને જુલીબેનના પુનઃલગ્ન કરાવવાનો સંકલ્પ કર્યો. નખત્રાણા નિવાસી શ્રી જયેશભાઈ સોલંકીએ જુલીબેન સાથે લગ્ન કરવાનું નક્કી કર્યુ અને ગત તા. ૧૫-૪-૨૦૧૩ને રોજ મહાકાલિકા મંદિરમાં **જુલીબેનનું કન્યાદાન એમના કાકાજી-કાકીજીના હાથે થયું. જેના સાક્ષી અમો મહિલામંડળ ભુજના દરેક સભ્યો છીએ.**

આ પ્રસંગે ભગવાન પાસે એજ આશીર્વાદ માંગીએ કે જુલીબેન ને એમના નવા પરિવેશમાં ખૂબ ખૂબ સુખ અને પ્રેમની લાગણી મળે. આ કાર્યને દીપાવનાર એમના કાકાજી અને કાકીજી શ્રી ઈન્દુભાઈ-લત્તાબેન પર પણ ભગવાનના આશીર્વાદ ઉતરે. બંનેને ખૂબ ખૂબ અભિનંદન.

**– રોહિણી ભરત બુદ્ધભટ્ટી-ભુજ**

● સોલંકી પરિવારના આ ક્રાંતિકારી કદમ વિષે તલોદના શ્રી દિનેશકુમાર જે. સોનીના પણ લેખના કેટલાક અંશ અત્રે પ્રસ્તુત છે...

૨૦૦૧ના ભૂકંપમાં સસરા તથા પતિના અવસાન થયા પછી જુલીબેન તથા તેના પુત્ર સૂરજને જુલીબેન એમના કાકાજી ઈન્દુભાઈ સોલંકી તથા કાકીજી લત્તાબેન સોલંકી સાથે રહેતા હતા. તેમણે જુલીબેનને દિકરીની જેમ પુનઃલગ્ન કરાવી દેવાનો વિચાર કર્યો. એક માતા-પિતા પોતાની પુત્રી માટે જે ખંતથી જમાઈની શોધ કરે તેવા ભાવ સાથે તેમણે સતત બાર વર્ષ સુધી શોધ ચાલુ રાખી. સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ કંસારા સોની મંડળ દ્વારા આયોજીત પરિચય પસંદગી સંમેલન આયોજન તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ ગાંધીનગર મુકામે થયેલ. તેમાં જુલીબેને સ્ટેજ પર પોતાનો પરિચય આપતા કહેલું કે **મારા દિકરા સૂરજ સાથે મને અપનાવે તેવું પાત્ર હું પસંદ કરીશ.** આ બાબતને ધ્યાનમાં લઈને સંમેલનમાં હાજર રહેલ કચ્છ નખત્રાણાના એક સોલંકી કુટુંબે જુલીબેન ઉપર પસંદગી ઉતારી. ત્યારબાદ કાકીજી લત્તાબેને આ નખત્રાણાના કુટુંબ વિષે તપાસ કરી તેમને એમ લાગ્યું કે માણસો તથા છોકરો ખૂબ જ સારા છે. ત્યારબાદ તા. ૧૫-૪-૨૦૧૩ના સોમવારના રોજ ભુજ ખાતે જયેશભાઈ અને જુલીબેનના પુનઃલગ્ન કરાવી આપ્યા. ઈન્દુભાઈ તથા લત્તાબેન સગી દિકરીને સાસરે વળાવે તે રીતે તેમને નવા દાગીના, નવા કપડા અને જરૂરી કટલરી લઈ આપી, સાથે મિલ્કતમાં પણ પૌત્ર સૂરજનો ભાગ ગણી સામેલ કર્યો. પુત્રવધુ તથા પૌત્રની જીંદગી સુધરી જશે તેનો તેમને આનંદ છે. બંને માતા તથા પુત્ર સદાય આનંદમાં રહે અને સદાય હસતા રહે તેવી તેમની ભાવના છે.

**મહિલા સશક્તિકરણ**

## કોમલ હૈ કમજોર નહિ, શક્તિ કા નામ નારી હૈ

**દિપ્તી પરેશ ગુજરાતી - ભુજ**



***મેરા પરિચય ઈતના હૈ કી મૈં ભારત કી તસ્વીર હું***
***માતૃભૂમિ પર મિટનેવાલે મતવાલો કી પીર હું***
***ઉન વીરોં કી દુહિતા હું જો હંસ હંસ ઝૂલા ઝૂલ ગયે***
***ઉન શેરોં કી માતા હું જો રણ આંગણ મેં શહીદ હુએ.***

ખરેખર નારીની તાકાત વિશે આપણે તદ્દન અજાણ છીએ. નારી શું કરી શકે તે વિશે આપણે ઈતિહાસનો અભ્યાસ કર્યો જ નથી.

એક જબ્બર ડાકુ કે જેણે ખૂન-લૂંટ-મારકાટ ઉપરાંત પક્ષીઓ, પશુઓને પણ છોડયા ન હતા તે ડાકુ જેસલને સતી તોરલે થોડી પળમાં કીધો પીર જોઈ આ નારીની તાકાત !

**''મારે અજાણ રહેવું છે કારણ કે મને પુરુષોનો ભરોસો નથી. મારું અપ્સરા રૂપ જોઈને મારા ચારિત્ર્ય પર કોઈ હાથ નાખશે તો હું હાલી નીકળીશ.''**

આમ કહેનાર હોથલ એના પ્રાણ પ્યારા પતિને છોડીને ચાલી નીકળી હતી. આવા અનેક દૃષ્ટાંતો આપણા ઈતિહાસમાં ધરબાયેલા પડ્યા છે. આજે જ્યારે નારી ઉત્થાન માટે રાષ્ટ્રમાં ઠેર ઠેર માંગ ઊઠી છે ત્યારે ઈતિહાસનાં આવાં અનેક પાત્રો આપણને બતાવે છે કે પ્રાચીન કાળથી જ નારી-નરથી જરાયે ઉતરતી નથી. ઉલ્ટું બે દોરા આગળ હશે.

આજે એકવીસમી સદીમાં સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવા માટેની ગુલબાંગો પોકારવામાં આવે છે. દરેક ક્ષેત્રે સ્ત્રીઓ માટે આરક્ષણની ઘોષણાઓ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં, સમાજમાં સ્ત્રીને તેના સ્થાન પ્રમાણે માન આપવામાં આવે છે ખરું ?

૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયે ચાલુ યુદ્ધે વિમાનપટ્ટી બનાવી આપનાર માધાપર (કચ્છ)ની એ વિરાંગનાઓ હોય કે અવકાશયાનમાં રહેવાનો વિશ્વ વિક્રમ નોંધાવનાર આપણી ગુજ્જુ કન્યા સુનિતા વિલિયમ્સ હોય કે પછી જાંબાઝ પોલીસ ઓફિસર તરીકે નામના મેળવનાર કિરણ બેદી હોય. સ્ત્રીઓને ગૌરવ અપાવનાર આવા અનેક પાત્રો જ્યારે આપણી સમક્ષ છે ત્યારે એમ કેમ કહી શકાય કે આજની નારી અબળા છે !

આજે મહિલા ઉત્થાનની ઠેર ઠેર વાતો કરવામાં આવે છે. મહિલાઓના ગુણગાન ગાવામાં આવે છે ત્યારે આજની મહિલાઓની પણ ઘણી બધી ફરજો બની રહે છે. આજે આપણા સંતાનો જ્યારે કૂછંદે ચડી રહ્યા છે. ત્યારે તેમાં શું મહિલાઓ જવાબદાર નથી ? માતા જો પોતાના સંતાનને બાળપણથી કોન્વેન્ટોમાં મૂકે, કેબલ ટીવીની સગવડ કરી આપે, જાતે કીટી પાર્ટી - કી કલબોની સભ્ય હોય, પોતાના સંતાનોને ઉત્તેજક કપડાની, વિલાસના જીવનની, સંસ્કૃતિ નફરતની ભેટ કરતી હોય ત્યારે સંતાનો શાળાકીય જીવનથી જ રોઝ ડે, વેલેન્ટાઈન ડે જેવા કેટલાક 'ડે' ની મોજ માણતા હોય તેમાં દોષ કોનો ?

બાળકોમાં ઉત્તમોત્તમ સંસ્કારોનું ઘડતર થાય તે માટે મહિલાઓની જવાબદારી ખૂબ વધી જાય છે. આજે આપણે આપણું ચારિત્ર્ય જાળવવા માટે ખાસ પ્રયત્નો કરવા પડશે કારણકે When character is lost everything is lost. આજે પ્રગતિની સાથે નારીઓ જ્યારે દરેક બાબતમાં પુરુષ સમોવડી બની રહી છે ત્યારે અને સારા-નરસા સમયમાં સમાજમાં પોતાનું યોગદાન આપી રહી છે ત્યારે સૌ બહેનોની ફરજ બની રહે છે કે તેઓ સામાજીક મૂલ્યોનું જતન થાય. શિક્ષણ બાળકોને આપી ઉછેરે તો જ સમાજનું, દેશનું ભાવી ઉજ્જવળ બનશે.

# મહિલા-મહાત્મ્ય

મંજુલાબેન કિશોરભાઈ બારમેડા-ગઢશીશા

આજે આપણે જેના વિશે ચર્ચા કરવાના છીએ તે મહિલા આપણા જીવનમાં મહિલાનો ઘણો મહત્વ રહેલો છે. મહિલા આપણા સમાજમાં મા, વહુ, દિકરી, બહેન, સાસુ આ બધા સંબંધોમાં રહેલી છે. મહિલા એ આપણા સમાજમાં અનેરુ સ્થાન ધરાવે છે. મહિલા એ દિકરી તરીકે જન્મ લઈને દિકરી, બહેન, પત્ની, ભાભી, નણંદ, સાસુ વગેરેની જવાબદારી નિભાવે છે. મહિલા એ શક્તિ સ્વરૂપા છે. તેનામાં અજબ શક્તિ રહેલી છે. તેથી જ તો કહે છે કે –

**મે વહેતા ઝરણાને જોયું**
**તો ખબર પડી કે પહાડ પીગળી શકે છે.**
**મે ઝુલતા તરણાને જોયું તો**
**જાણ્યું કે ધરતી પ્રકટી શકે છે.**

મહિલાએ એવી વ્યક્તિ છે કે જે પથ્થર દિલ શક્તિને પણ પીગળાવી શકે છે અને તેને સંસ્કાર આપે છે. તેથી તો મહિલાને આપણે એક આદર્શ શિક્ષક તરીકે પણ ઓળખ આપી શકીએ.

કારણકે મહિલા જ આપણને બાલમંદિરથી યુનિવર્સીટી જેવા ઊંચા અભ્યાસ સુધીનું માર્ગદર્શન પૂરો પાડી શકે છે. તેમજ સંસ્કાર સિંચે છે.

મહિલાએ કુટુંબનો અભિન્ન અંગ છે તે કુટુંબમાં રહીને કુટુંબની બધી જ જવાબદારી સંભાળી લે છે તથા કુટુંબને યોગ્ય રીતે ચલાવે છે. મહિલાએ કુટુંબ ઉપર આવેલી સામાજિક તથા આર્થિક સંકટ વખતે ખડે પગે ઊભીને સામનો કરે છે અને તે સંકટમાંથી બહાર નીકળવા માટે મદદ કરે છે. આથી જ મહિલાને અબળા નારી નહી પરંતુ સબળા નારી કહેવામાં આવે છે.

આપણા સમાજમાં મહિલાઓનું યોગદાન કેટલાય વર્ષોથી રહેલું છે. જેનો ઈતિહાસ પણ સાક્ષી રહ્યો છે. દા.ત. ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ, કસ્તુરબા ગાંધી, મધર ટેરેસા, સુનિતા વિલિયમ્સ જેવી અનેક મહિલાઓએ આપણા સમાજમાં નામ રોશન કરેલ છે. આમ આપણે મહિલા વિશે ઘણી બધી ચર્ચા કરી જેના આપણે મહિલાઓનું સ્થાન યોગદાન વિશે આપણે જાણ્યું તેથી જ આપણે મહિલાને નારી તું નારાયણી કહીએ છીએ.

વિશ્વના જુદા જુદા દેશોમાં ભારત તેની સાંસ્કૃતિક બાબતોને લીધે વિશ્વભરમાં પ્રખ્યાત છે. ભારતીય સંસ્કૃતિની વિચારસરણી મુજબ ભારત પુરુષ પ્રધાન દેશ છે. જેમાં પુરુષો મહિલાઓથી હંમેશા આગળ હોવાનું જણાતું. આપણી સંસ્કૃતિ પણ આપણને એજ શિખવે છે કે મહિલાઓના માન, સન્માન, મર્યાદા, પ્રતિષ્ઠા માત્ર ઘરના ઉંમરા સુધી જ સીમિત રહેવા જોઈ. પરંતુ આજે પરિસ્થિતિ કાંઈક અલગ છે. ઘરની ચાર દિવાલોમાં રહેલી મહિલા શક્તિ આજે જુદા જુદા ક્ષેત્રોમાં જોવા મળે છે. સામાન્ય શાળા શિક્ષકથી માંડીને, બેન્કો, પોસ્ટ-ઓફિસ, સરકારી કચેરીઓ, ડોક્ટર-વકીલ-એન્જીનીયરીંગ વ્યવસાય આ ઉપરાંત રાજકારણ ક્ષેત્રે પણ મહિલાઓ અગ્રસ્થાને છે.

દેશની પ્રજામાં આવેલી મહિલાઓ વિશે જનજાગૃતિ, મહિલા-સશક્તિકરણ, બેટી બચાવો કાર્યક્રમ વગેરે આ ઉપરાંત સરકારી પ્રવૃત્તિઓ કે જે શાળા કક્ષા થી માંડી વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓને આગળ વધવા માટે પ્રોત્સાહન પુરા પાડે છે. જે મહિલા વિકાસ માટે જરૂરી પરિબળ છે. દરેક ક્ષેત્રોમાં મહિલાઓને પણ પુરુષો બરાબર હક્ક પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત કેટલીક છૂટછાટો રાહતો મળે છે. વિવિધ પ્રોત્સાહનો મળે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગામડે ગામડે દીકરીઓને ભણાવવા માટે શિક્ષણ આપવા માટે હિમાયત કરી છે. એના ફળસ્વરૂપે આજે નાના નાના ગામડાના લોકો પણ દીકરીઓના સ્વાસ્થ્યની સુરક્ષા માટે પણ વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. ગુજરાત સરકાર પણ તે માટે પ્રાથમિક સહાય પુરી પાડે છે. સરકારી કર્મચારીઓ દ્વારા વિનામૂલ્યે પ્રૌઢશિક્ષણ, સાક્ષરતા અભિયાન, સિવણ કલાસ નાના પાયાના કુટિર ઉધોગ વપરાશ ચીજવસ્તુઓના ગૃહઉદ્યોગ માટે તાલીમ વગેરે પુરા પાડવામાં આવે છે. મફત સહાય આપવામાં આવે છે. મહિલાઓને સુરક્ષા માટે બહાર પાડવામાં આવેલ કાયદા કાનૂ પણ ખૂબ મદદરૂપ નીવડે છે. નોકરી વ્યાવસાયિક ક્ષેત્રોમાં મહિલાઓને પુરુષોની સરખામણીમાં બરાબર હક મળે છે.

દહેજ પ્રથા એ સૌથી ખરાબ સામાજિક દૂષણ રિવાજ છે. જે હેઠળ દીકરીઓને તેમજ તેમના પરિવારને પણ મુશ્કેલી વેઠવી પડે છે. આજે દહેજ પ્રથા નાબૂદી એ પણ સરકારનું ખૂબ મોટું લાભકારક પગલું છે. દીકરીઓને લગ્નમાં દહેજ આપવું અને માંગવું એ ગેરકાનૂની છે. હવે તો મા-બાપ પણ દીકરીઓને શિક્ષણ આપી પગભર થવા પર વિશ્વાસ કરે છે. છતાં આજે પણ એવા ઘણાંય વિસ્તારો છે કે જ્યાં પૂરતો મહિલા વિકાસ થયો નથી. આજે પણ દેશમાં ઘણીય મહિલાઓ પોતાની સાથે થયેલા અત્યાચારોનો સામનો કરી શક્તી નથી. તેમને પુરતું શિક્ષણ આપવામાં આવતું નથી. કારણકે તેઓ સંકુચિત વિચારસરણી ધરાવે છે. તેમને મહિલાવિકાસ વિશે જાગૃત થવાની જરૂર છે. જો મહિલાઓનો યોગ્ય વિકાસ થશે તો દેશની દિશા બદલી જશે. એક મા સો શિક્ષકની ગરજ સારે છે. તે મુજબ ભણેલ-ગણેલ મા પોતાના બાળકોને સારું ઉજ્જવળ ભવિષ્ય પુરુ પાડે છે. જ્યારે સામાજિક, રાજનૈતિક, સાધ્યાત્મિક, પરિવર્તનશીલ પ્રવૃત્તિઓ યોજાય છે ત્યારે તેમાં મહિલાઓને પણ ભાગીદાર બનાવવામાં આવે છે. ચર્ચા સભાઓ, સંમેલોનોમાં તેમને સામેલ કરવામાં આવે છે. તેમના વિચારોને વિકાસની તરફ વાળી શકાય છે.

મહિલા સંગઠનોમાં ઘણી બધી મહિલાઓ સાથે મળી ને નાના પાયા - મોટા પાયા પર વ્યવસાયો ચલાવે છે. સખી મંડળો જેવા કાર્યક્રમોમાં મહિલાઓ બચતો એકઠી કરી તેનું નફાકારક રોકાણ કરે છે. ઉપરાંત જેને જરૂર હોય ત્યારે તેને નાણાંકીય ટેકો પૂરો પાડવામાં આવે છે. ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓમાં મહિલાઓ પોતાની અમૂલ્ય સેવાઓ પુરી પાડે છે. મહિલા વિકાસની દિશામાં આ ખૂબ નાનું પગલું છે. પણ છતાંય નાના- પરિબળોને ઘણો આર્થિક ટેકો મળી રહે છે.

મહિલા વિકાસ એ વિકસિત દેશો માટે પાયાની જરૂરીયાત છે સાથે સાથે ઘર-પરિવાર કુટુંબ સમાજ માટે પણ મહિલા વિકાસ લાભકારક છે.

**મહિલા સશક્તિકરણ**

## નારી સશક્તિકરણની વાસ્તવિકતા

**શાંતાબેન અમૃતલાલ બારમેડા-અંજાર**

મહિલા સશક્તિકરણ વિશે શું લખવું નારી તો શક્તિ સ્વરૂપિણી છે. સતયુગથી કરીને કલયુગ સુધીનો ઈતિહાસ જોઈએ તો નારીની યુગે યુગે સશક્તિકરણની જ ગાથા છે. સતયુગે દેવી શક્તિ યુગ બદલે સતીઓની શક્તિ, વિરાંગનાઓની શક્તિ નારી તો શક્તિનો જ અંશ છે. નારી તું નારાયણી.

નારીને સશક્ત બનવું હોય તો ખાલી શિક્ષણથી નહિ પણ સંસ્કારોથી પણ સશક્ત બનવું પડશે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે નારીનું જીવન સેવા, સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે. કેટલીક મહિલા પશ્ચિમના રંગે રંગાઈને સ્વછંદી બની ગઈ છે.

સ્ત્રી પ્રદર્શનની વસ્તુ ન બની રહે તે માટે સારું શિક્ષણ, સારી સગવડો અને મુક્ત રીતે હરીફરી શકતી નારીને જો ઘરમાં માતા-પિતા આધ્યાત્મિક પાઠો નિયમિત શીખવે અને સંસ્કારોનું સિંચન કરે તો કમ્પ્યુટર ટેકનોલોજી યુગમાં નારીનું સન્માન અનેક ગણું વધી જશે. સંસ્કારોની થોડી પણ ઊણપ નારી જીવનને બરબાદ કરે છે. આજનો યુગ વિજ્ઞાનયુગ છે અને આપણા સમાજમાં તેની કમી જણાય છે વિચારશક્તિનો દુરુપયોગ થાય છે. અને હવે ભારતની નારીની વાત કરીએ તો ઈન્દિરા ગાંધીથી લઈને કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ એને કોણ કહે કે પુરુષ સમોવડી નથી ? એ તો પુરુષથી પણ બે કદમ આગળ છે. અત્યારે તો બધે જ એનું ગૌરવભર્યું સ્થાન છે.

અનેકો નારી નાના ગામડાઓમાં સરપંચ પણ છે તો શિક્ષિત કે જે સ્થાન લીધું છે તે હવે અભણ અને ગરીબ પરિવારની નારીની વાત કરીએ તો ઘરમાં પતિ-પત્ની બે-ચાર બાળકો હોય કે માતા-પિતા હોય અને જો પતિની આવક ઓછી હોય અથવા વધારે આવક હોય પણ અમુક આદત ખરાબ હોય જેવી કે શરાબની આદત હોય ત્યાં નારીને ઘર ચલાવવું મુશ્કેલ પડે છે. ત્યાં પણ નારી પીછે હઠ નથી કરતી સખત મહેનત કરી અને ઘરનું સંતુલન જાળવે છે. બાળકોને ભણાવે છે અને શિક્ષિત બનાવે છે.

ઘરના કામો બાળકોની દેખભાળ સાસુ-સસરાની સેવા અને તેના વચ્ચે મહેનત મજુરી કરીને પૈસા કમાય છે એટલું જ નહિ કૌટુંબિક વહેવાર હોય કે સમાજમાં ક્યાંય પણ ઘરની લાજ નથી જવા દેતી તો તેને આપણે સશક્ત મહિલા ન કહી શકીએ. બીજું એ પણ કે એક પુરુષ વિધુર બને અને નાના બાળકો હોય તો તે ઘરનું કે બાળકોનું કે ધંધાનું એકસાથે બધી જવાબદારી નહિ સંભાળી શકે પણ એજ નારી વિધવા બને ત્યારે તે બાળકોની દેખભાળ ઘરની જવાબદારી અને ઘરનું ખર્ચ નોકરી કરીને અથવા તો મહેનત-મજુરી કરીને પણ સારી રીતે જીવન ચલાવી શકે છે. તો તેને મહિલા સશક્તિકરણ ના કહી શકીએ. ભારત નારી ઈતિહાસ વિશ્વમાં વંચાય છે. સશક્તિકરણ તો તેની નસેનસમાં સમાયેલો હોય છે. ફક્ત તેને બહાર લાવવામાં કે તેને પ્રગટ કરવામાં સારા સંસ્કારોની જરૂર છે અને સાચા માર્ગદર્શનની જરૂર છે.

**મહિલા સશક્તિકરણ**

## હું નારી.. નખશિખ નારી... પણ

**મીતા સોલંકી**

નારી મુક્તિનો ઝંડો હાથમાં લઈ મારે સૂત્રો પોકારવા નથી. કહેવાતા પુરુષ શાષિત (કે શોષિત ?) સમાજમાં નામની ખેવના રાખ્યા વિના સંસારના અનેક ક્ષેત્રો એક પછી એક સર કર્યા છે ! ઘરની ચાર દિવાલોને એક ફુંકથી ઉડાવવાની શક્તિ મારામાં છે. ઉંબરો ઓળંગવાનો ભય મને નથી, મારી લક્ષ્મણ રેખા હું જ દોરીશ.

પ્રેમ સિવાય એકેય બંધન મેં સ્વીકાર્યું જ નથી...
તો પછી મુક્તિ માટે બૂમાબૂમ શું કામ કરું ?
મારી બાંધી મુઠ્ઠી રહેવા દો એ ખૂલશે તો એમાથી
સરી પડનારા રાજાઓના મુગટ અને મુદ્રિકાઓના
ખણખણાટ તમે સહન નહીં કરી શકો..

પ્રકિતદત્ત અધિકારોને ઉવેખ્યા વગર... ગમતું કામ કરવાથી હું થોડી ગુલામડી થવાની છું ?

સાત ફેરા સાથે ફર્યા છીએ...
બ્રહ્માનું સર્જન કાર્ય માથે લીધું..
વિષ્ણુને મોહીનીરૂપ લેવડાવ્યું...
શંકરને નમાવ્યા
બોલો ?
હવે કાંઈ પૂછવું છે !

પતિ સાથેના હર્યાભર્યા સંસારને અધિકારોની ખેંચતાણમાં વીખેરવો નથી...

હું જીવીશ.. વૃક્ષોની જેમ...
ફુલોની સૌરભ પાથરીને..
પંખીનો ટહુકો સાચવીને...
આકાશમંત્ર ઝીલીને... હું નારી....

નખશિખ નારી...

# હું નારી... નખશિખ નારી...

મીતા સોલંકી - ભુજ

એક સ્ત્રી થઈને તેમના વિશે લખવું, વિચારવું, સમજવું સહેલું છે. સદીઓથી સ્ત્રી વિશે કથાઓ સાંભળતા આવીએ છીએ. ક્યારેક દેવી બનીને તો ક્યારેક મા બનીને પૂજાતી આવી છે. તેનાથી તદ્દન ઉલ્ટુ, અત્યાચારો, જુલમ, અન્યાય પણ સદીઓથી સહન કરતી આવી છે. હીરાના અલગ અલગ પાસાઓની જેમ સ્ત્રીનું વ્યક્તિત્વ મલ્ટી ડાયમેન્સન છે.

● જો સ્ત્રી અને પુરુષ સંસાર રથના બે પૈડા છે, સમાન છે તો પુરુષ કેમ સાસરે નથી જાતો ? જન્મ મા આપે, બાળક ઉછેરે, છતાય પિતાની સાથે સાથે બાળકના નામ પાછળ માતાનું નામ કેમ નહિ ?

● સદીઓથી અન્યાય સહન કરતી સ્ત્રી જાતને ઉતારી પાડવાનું, તેમનું આત્મસન્માન ઘવાય એ રીતે તેમને અબળા, બિચારી, કુલટા જેવા અશોભનીય શબ્દો કોની દેન છે ?

● બળાત્કાર જેવા જઘન્ય કૃત્ય બને છે, તો સ્ત્રીનો દોષ જ શા માટે કાઢવામાં આવે છે ? આવા અમાનુષી કૃત્ય બદલ ગુન્હેગારને સામાન્ય સજા શા માટે ?

● સ્ત્રીમાં એવી શક્તિ છે કે તે ઝડપથી અનુકૂલન સાધી શકે છે, પરિસ્થિતિને સમજી તે પ્રમાણે વર્તી શકે છે.

● ક્યારેક સ્ત્રી જ બીજી સ્ત્રીની દુશ્મન હોય છે. ઈર્ષા અદેખાઈ, નિંદા-કુથલી જેવી હિનભાવનાઓને કારણે તેમની વિચારસરણી કુંઠિત થઈ ગઈ હોય છે. નવા અને પ્રગતિશીલ વિચારો કરીને એક સ્ત્રી બીજી સ્ત્રીને વધુ સારી રીતે સમજી શકે.

● એક સાથે ઘણા મોરચે લડતી 'સુપરમોમ' ગૃહિણી, માતા, વહુ, પત્ની, દેરાણી-જેઠાણી જેવા દરેક સંબંધો એક સાથે નિભાવતી હોય છે.

● નોકરી કરતી સ્ત્રીઓને આ બધી જવાબદારી ત્રેવડાય છે. જો સ્ત્રી પૈસા કમાઈ શકે તો પુરુષ જરૂર પડે ઘરનું કામ શા માટે ન કરી શકે ? જો કે વીકપોઈન્ટ એ છે કે કમાતી સ્ત્રીમાં જ્યારે અંહ આવી જાય છે, ત્યારે કુટુંબના સંબંધોનો મહત્વ કરતા તેમની મહત્વકાંક્ષા વધુ મહત્વની થઈ જાય છે, ત્યારે કુટુંબ કુંકાતા વાર નથી લાગતી. મહત્વાકાંક્ષી હોવું ખોટું નથી પણ સમાજ માટે આ વસ્તુ ભયસ્થાન સૂચવે છે.

● સ્ત્રીઓ હજુ મનથી સ્વતંત્ર નથી થઈ, તેમને ઘરની વ્યક્તિનું સ્વીકૃતિનું સર્ટિફીકેટ પણ જોઈતું હોય છે. જેમકે આ સાડી સારી છે ? ડ્રેસ કેવો લાગે છે ? વાળ લાંબા રાખું કે ટૂંકા ? ડ્રેસ પહેરું, જીન્સ પહેરું ?

● આજની યુવતી, સ્ત્રીઓનો ઉત્સા, આત્મવિશ્વાસ, ભણતર અને તરવરાટ જોતાં લાગે છે કે તે 'સ્માર્ટ બનતી જાય છે, મોડર્ન બની છે, આત્મનિર્ભર બની છે અને સાથે સાથે ઘરને સાચવીને બેલેન્સિંગ એક્ટ કરનારી છે, પણ દલીલ એ છે કે ઘર અને લગ્નજીવન તોડવામાં પણ એની હોંશિયારી વધતી જાય છે જે પારિવારીક દૃષ્ટિએ સારું નથી !!'

● સ્ત્રી પોતાની રક્ષા તથા તંદુરસ્તીનું ધ્યાન પોતે રાખે એ ખૂબ જરૂરી બની ગયું છે. સ્ત્રીની એક નબળી હકીકત છે કે જેટલું ધ્યાન બાળકો, પતિ કુટુંબના સભ્યો સ્વાસ્થ્ય બાબતે ધ્યાન રાખે છે તેટલું ધ્યાન પોતાના સ્વાસ્થ્ય બાબતે નથી રાખતી !

● સ્ત્રીની સુંદરતા કુદરતની દેન છે. પરંતુ તેનું વસ્તુકરણ કરી નાખવામાં સ્ત્રીનો જ મોટો ફાળો છે. પુરુષ શોષિત સમાજમાં સ્ત્રીને વસ્તુ તરીકે પ્રસ્તુત કરવામાં આવે છે. ખૂબસુરત સ્ત્રી મોટે ભાગે વ્યક્તિ વિશેષ નથી હોતી, વસ્તુવિશેષ હોય છે. સ્ત્રીઓ શા માટે સૌંદર્યની સ્પર્ધામાં ઉતરીને પોતાને કઠપૂતળી બનાવે છે ? બ્યુટી પ્રોડક્ટ બનાવતી મલ્ટી નેશનલ કંપનીઓ આવી સ્પર્ધામાં બીકીની પહેરાવી રેમ્પ પર ચલાવે છે, કેટવોક કરાવે છે ત્યારે ચાવી ભરેલી ઢીંગલી અથવા કઠપૂતળી ભાસે છે ! ગ્લેમરસ વર્લ્ડમાં સ્ત્રીનું સૌથી વધુ શોષણ થતું સાંભળ્યું છે.

● ઘણા ઘરના બેઠક રૂમમાં શો-પીસ, નકલી ફુલદાનીઓ, દેશ-વિદેશની શો-પીસ આઈટમોથી ઘર મ્યુઝિયમ જેવું ભાસે છે, ઘર સ્વચ્છ સુઘડ અને સગવડવાળું હોવું જરૂરી છે પણ આમ આટલી બધી બીનજરૂરી વસ્તુ સારસંભાળ માંગે છે. આવી કિંમતી વસ્તુને સાચવવાની ગુલામી શા માટે ? પછી ફરિયાદ કરે છે સમય નથી મળતો ? બીનજરૂરી કામનો બોજો વેળાસર હટાવી લેવો સારો !

● વર્ષોથી આર્થિક રીતે પગભર રહેલા, કમાતા પુરુષો ઘરની સ્ત્રીઓ પર હાવી થયા છે. આર્થિક બાબતમાં સ્ત્રીનું પાંગળાપણું સ્ત્રીની નબળાઈઓમાંનું એક ઠોસ કારણ છે !

● સ્ત્રીઓએ અતિ કામની જંજાળ થોડી ઓછી કરી, સ્વઉત્કર્ષ માટે પણ થોડો સમય કાઢવો એ સાપ્રંત સમયની જરૂરીયાત છે. થોડો સમય કાઢી, કીટીપાર્ટીઓ, મહિલા મંડળ, જુદી જુદી સંસ્થાઓ વગેરેમાં જઈ મનગમતી પ્રવૃત્તિમાં સહર્ષ ભાગ લઈ મનની તાજગી મેળવી શકાય છે.

● પુરુષ એ પુરુષ છે, સ્ત્રી એ પ્રકૃતિ છે, બંનેના સમન્વયથી આ જગત ચાલે છે, સમગ્ર સૃષ્ટિના બે આધાર સ્તંભ છે, પૂરક છે... પરસ્પર સમજૂતીથી રહીએ, વિરોધી ન બનતા સાથી બનીએ તો સ્વર્ગ અહિં જ છે.

# હિન્દુ સંસ્કૃતિ - સોળ સંસ્કારમાં સ્ત્રીની ભૂમિકા

લતા સોલંકી-ભુજ

આપણી સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિના ઉદ્‌ભવ કાળથી અને ચાર વેદોની રચના પહેલા પણ સોળ સંસ્કારો પ્રચલીત હતા. કાળક્રમે હવે સોળ સંસ્કારોમાંથી થોડા સંસ્કારોને જ પ્રાધાન્ય આપવામાં આવી રહેલ છે. સોળ સંસ્કારોમાં પહેલા ગર્ભાધાન, બીજો પુસંવન, ત્રીજો સીમંત, ચોથો જાતકર્મ, પાંચમું નામકરણ, છઠ્ઠો નિષ્ક્રમણ, સાતમું અન્નપ્રાસન, આઠમું ચૌલ (મુંડન), નવમું કર્ણવેધ, દશમું યજ્ઞોપવિત, અગિયારમું વિદ્યારંભ, બારમું સમાવર્તન, તેરમું વિવાહ, ચૌદમું સર્વ સંસ્કાર, પંદરમું સન્યાસ અને સોળમું અંત્યેષ્ઠી

**૧. ગર્ભાધાન :** એક સંસ્કારી બાળકના જન્મ માટે સારા માતા-પિતાની જરૂર પડે છે. જો માતા-પિતાએ શાસ્ત્રોનુસાર સારા વિચારો અને કર્મો કરેલ હોય તો જ સારું બાળક જન્મ લે છે.

**૨. પુસંવન :** બ્રહ્મસ્પતિ કહે છે ગર્ભમાં બાળક ફરે તે વધે તે પહેલા પુસંવન વિધિ કરવામાં આવે છે. પુસવંન શબ્દ અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે. પુસંવનનો અર્થ છે બાળકના આત્માને જન્મ આપવો. તેને ગર્ભ સંરક્ષણ પણ કહેવાય છે. બીજે કે ત્રીજે મહિને સુદ પાંચમથી વદ પાંચમ સુધી પુસંવન વિધિ થઈ શકે છે.

**૩. સીમંત :** પોતાના કુળદેવીના અને કુટુંબના રીવાજ અનુસાર સાતમે કે નવમે મહિને કરવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રી અને તેના ગર્ભસ્થ બાળકની શાંતિ અને બાળકનો જન્મ નિર્વિઘ્ને થાય તે માટે સ્ત્રીના સીમંતનો પ્રસંગ પોતાના કુળદેવી સમક્ષ વિધિ પૂર્વક કરવામાં આવે છે. માતાએ ગર્ભાવસ્થા દરમ્યાન સારા કાર્યો કરવા. ધાર્મિક કાર્યો કરવા. અષ્ટાવક્ર અને અભિમન્યુએ પણ ગર્ભમાં જ પિતાના અવાજ સાંભવી શિક્ષા મેળવેલ હતી અને વીર પરાક્રમી થયા હતા.

**૪. જાત કર્મ :** બાળકના જન્મના છઠ્ઠા દિવસે અથવા અગિયારમાં દિવસે ઘરનું શુદ્ધિકરણ કરી છઠી કરવામાં આવે છે. છઠીમાતા બાળકનું રક્ષણ કરે છે અને લેખ લખે છે.

**૫. નામકરણ :** બાળકનું નામ ગ્રહો, નક્ષત્રો અને જન્મના સમયેથી રાશી નક્કી થયા પછી જે તે અક્ષરથી તેનું નામ કરણ ફઈબા દ્વારા કરવામાં આવે છે. ક્યારેક છઠીના દિવસે અગિયાર, બારમે કે તેરમે દિવસે પણ નામ કરણ કરવામાં આવે છે.

**૬. નિષ્ક્રમણ :** બાળકને ઘરથી બહાર લઈ જવું. સાધારણ રીતે જન્મના ચાલીસમાં દિવસે તેને પવિત્ર જળથી સ્નાન કરાવી સૂર્ય દર્શન કરાવવામાં આવે છે. સૂર્યને પ્રાર્થના કરવામાં આવે છે કે હે સૂર્ય દેવતા, તમામ સેંકડો કિરણોને અંધકારને હણી બાળકના જીવનને પ્રકાશીત કરે, કુળ દેવીના નૈવેદ્ય પણ કરવામાં આવે છે.

**૭. અન્નપ્રાશન :** અણબોટડા, બાળકને પહેલી વખત રાંધેલુ અન્ન જમાડવું. બાળકને પ્રથમ પ્રસાદ મંત્ર રૂપે દહીં, મધ અને ઘી મીક્ષ કરી આપવું. ત્યાર બાદ ચાંદીના સિક્કાથી બાળકને શીરો અથવા ખીરથી અન્ન પ્રાશન્ન કરાવવું.

**૮. ચૌલ (મુંડન) :** બાળકના જન્મના એક વર્ષ બાદ પોતાના રીત રિવાજ મુજબ બાળકના જન્મના વાળ ઉતારવા, મુંજન કરાવવાથી બાળકની શક્તિ સારી સમજણ અને દીર્ઘાયુ મળે છે. ઉતરેલા વાળને પવિત્ર જગ્યાએ પધરાવવા.

**૯. કર્ણ વેધ :** બાળકના કાન વિંધવાની ક્રિયામાં બાળકના પિતા બાળકના જમણા કાનમાં મંત્રોચ્ચાર કરી કહે છે કે હે ઈશ્વર અમે અમારા કાનથી સારું સાંભળીએ કે બાળક સારું સાંભળે અને સારું શિક્ષણ મેળવે.

**૧૦. યજ્ઞોપવિત :** માતા બાળકને જન્મ આપે તે પ્રકૃતિક જન્મ છે. ગુરુ તેને ગાયત્રી મંત્ર અને જનોઈ આપે ત્યારે ઈશ્વરને પ્રાર્થના કરી તેને બુદ્ધિ આપી બીજો જન્મ આપે છે. આ ક્રિયાને ઉપનયન સંસ્કાર પણ કહે છે. યજ્ઞોપવિત થયા પછી આખી જિંદગી જનોઈ પહેરવાની હોય છે. યજ્ઞોપવિતનો અર્થ એ છે કે બાળક બધી વૈદિક વિધિઓ, પિતૃ ક્રિયા અને તર્પણ ક્રિયા પોતાના પિતૃ માટે કરી શકે. બાળકને ગાયત્રી મંત્રની દિક્ષાથી ધર્મશાસ્ત્ર અનુસાર સારું જીવન મળે છે. યજ્ઞોપવિત વિધિ છ ભાગમાં કરાય છે. (૧) પુજા (૨) હવન (૩) શિક્ષા (૪) ભિક્ષા (૫) દિક્ષા અને (૬) આશીર્વાદ.

**૧૧. વિદ્યારંભ :** જન્મના ત્રીજા અથવા પાંચમાં વર્ષે ગુરૂએ ગણેશ પૂજા અને સરસ્વતી માતાજીની પૂજા કર્યા પછી ક, ખ, ગ, ઘ શીખવવું. મંગળ અને શનિવારનો ત્યાગ કરવો. ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧ અને ૧૩ની તિથી લેવી. ચાતુર્માસનો પણ ત્યાગ કરવો.

**૧૨. સમાવર્તન :** બાળકની શિક્ષાના સમાપન્ન સમયે સમાવર્તન કરવામાં આવે છે. ધાર્મિક, સામાજિક અર્થ ઉપાર્જનનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેનો બ્રહ્મચર્ય આશ્રમ સમાપ્ત થાય છે. તે અર્થોપાર્જન કરી સમાજમાં પોતાનું ગૌરવભર્યું સ્થાન મેળવી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ મેળવી શકે છે.

**૧૩. વિવાહ :** હિન્દુ વૈદિક વિવાહ એક પતિ અને એક પત્ની વચ્ચે જીવનભરનો સાથ છે. એક સ્ત્રી અને પુરુષ તેના માતા-પિતા, કુટુંબીજનો, મિત્રો અને સગા સંબંધીઓની હાજરીમાં વિવાહના પવિત્ર અને અતૂટ બંધનમાં જીવનભર

માટે જોડાય છે. ઈશ્વરના બાંધેલ પવિત્ર બંધનથી વર વધુ એક થાય છે. વિવાહ આઠ પ્રકારના છે. (૧) બ્રહ્મવિવાહ (૨) દેવવિવાહ (૩) આર્શ વિવાહ (૪) પ્રજાપત્ય વિવાહ (૫) અશુર વિવાહ (૬) ગંધર્વ વિવાહ (૭) રાક્ષસ વિવાહ (૮) પિશાચ વિવાહ. સગપણ પછી લગ્ન સમયે બધા દેવોનું પૂજન, શ્રી ગણેશ, નવ ગ્રહ, સોળ માતૃકા, ચૌંસઠ જોગણી, વરુણ કળશ અને કુળદેવતાને આમંત્રણ આપી પૂજા કરી કન્યાદાન આપવામાં આવે છે. કન્યાદાન, પાણી ગ્રહણ, ગઠબંધન, આશીર્વાદ વખતે વરવધુ અગ્નિમાં આહુતી આપે છે અને ચાર ફેરા ફરવામાં આવે છે. પહેલો ફેરો ધર્મનો, બીજો ફેરો અર્થનો, ત્રીજો ફેરો કામનો અને ચોથો ફેરો મોક્ષનો ફેરો છે. આમ ચાર ફેરા ફરી વર વધુ ધર્મ, અર્થ કામ અને મોક્ષ મેળવવા અતૂટ બંધનમાં બંધાય છે. સપ્તપદિ લગ્નનો મુખ્ય ભાગ છે. સપ્તપદિની વિધિ બાદ કન્યા વિદાય થઈ સ્વસુર ગૃહે આવે ત્યારે વરઘોડિયાને પોંખવામાં આવે છે અને નવવધુને કંકુ પગલા કરાવી ગૃહ પ્રવેશ કરાવવામાં આવે છે. નવદંપતિ સંસાર સુખ સૌભાગ્ય પામે છે.

**૧૪ અને ૧૫ : સર્વ સંસ્કાર અને સન્યાસ :** લગભગ પચાસથી આઠ વર્ષની ઉંમરે ગૃહસ્થાશ્રમ પૂર્ણ થાય અને તે સન્યાસ લ્યે છે. સન્યાસ પછી તેઓ વાનપ્રસ્થ આશ્રમમાં આવે છે. ત્યાં જંગલમાં રહી ઈશ્વર સ્મરણ કરે છે.

**૧૬. અંત્યેષ્ટી :** અધિકતર હિન્દુઓ મૃતકનો અગ્નિસંસ્કાર કરે છે. મૃત્યુ પછી માનવદેહને સ્નાસ, વસ્ત્રાલંકાર ફુલ હાર, કંકુ ચંદન, મુખમાં તુલસી પાન અને ગંગાજળ આપી શબનું મસ્તક ઉત્તર દિશામાં રાખી જવ તલ લઈ કુટુંબીજનો શબની પ્રદક્ષિણા કરી વંદન કરે છે. અંતિમ સંસ્કાર સમયે પુરતા સન્માન આદર અને શાંતિથી અગ્નિદાહ આપવામાં આવે છે. ઈશ્વરને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ આપના શરણે આવેલ જીવને શાંતિ આપી સ્વીકારજો.

હિન્દુઓ આત્માને અમર માને છે આત્મા જન્મ લેતો નથી મૃત્યુ પામતો નથી કેવળ દેહ બદલે છે.

નૈનં છિદન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં કલેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥

આ રીતે આપણા સોળ સંસ્કારોમાં સ્ત્રીની ભૂમિકા મહત્વની છે. બાળકની જન્મદાત્રી માતા નવ માસ સુધી બાળકને પોતાના ઉદરમાં સપ્રેમે અને ગર્વથી ઉછેરે છે. માતાને લાગે છે કે સમગ્ર દુનિયા તેના ઉદરમાં વસી ગઈ હોય. સતત તે બાળકના ખ્યાલમાં રાચે છે. આવી રીતે પ્રથમ સંસ્કાર જીવનદાત્રીનો સંસ્કાર છે. પુસવંન અને સીમંત પણ માતૃત્વના મહિમાના સંસ્કાર છે. સીમંતથી સ્ત્રીનું મનોબળ વધે અને તે આવનાર બાળક સાથે વધુ તાદાત્મ્ય સાધે છે. છઠી અને નામ કરણમાં પણ સ્ત્રી મહત્વનો ભાગ ભજવે છે. બાળકના જન્મ પછી માતા, સાસુમા અને ઘરની બધી જ બહેનો તેને માનસિક પ્રોત્સાહન આપે છે. નિઃષ્ક્રર્મણ વખતે બાળકને માતા પોતાની ગોદમાં લઈ દેવસ્થાને પગે લગાડે છે. પોતાના પય પાનથી સંતૃપ્ત થયેલા બાળકને અન્ન પ્રશાન કરાવવા ઉત્સાહથી થનગનતી હોય છે. દાદા-દાદી, પિતા, ફઈ, નાના-નાની બધા જ કુટુંબીજનોના આશીર્વાદથી મુંડન સમયે બાળકને પોતાના ખોળામાં બેસાડી વાળ ઉતરાવે છે. કર્ણ વેધ સમયે બાળક માતા ખોળામાં બેસે છે. યજ્ઞોપવિત એ પણ માતાપિતા હરખનો પ્રસંગ હોય છે. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. વિદ્યારંભથી જ માતા બાળકની સંપૂર્ણ કાળજી લઈ એનો અભ્યાસ પૂર્ણ કરાવે છે. શિક્ષા સંપન થયા પછી વિવાહ સમયે દિકરી વળાવવી અથવા પુત્રવધુને પોંખવા ગૃહ લક્ષ્મીના કંકુ પગલા કરી માતા પોતાની જાતને ભૂલી જાય છે. ગૃહસ્થાશ્રમના ખટ મધુરા સુખદુખમાં હંમેશા પતિ સાથે પગલે પગલું માંડી સંસારને સુમધુર બનાવે છે અને ઈશ્વર પાસે જન્મોજન્મ પોતે માતા, પત્ની, બહેન જેવા અનેક મીઠા સંબંધો ગાઢ બને એવા આશિષ માંગે છે.

## શ્રદ્ધાંજલિ

### સ્વ. લક્ષ્મીબેન (શાંતાબેન) કાનજી બીજલાણી-પુના

**● જન્મ તા. ૧૪-૮-૧૯૨૩ ● અવસાન તા. ૩૦-૪-૨૦૧૩**

ગં.સ્વ. લક્ષ્મીબેન (શાંતાબેન) કાનજી બીજલાણી, ઉંમર વર્ષ ૯૦, તે સ્વ. સોની શ્રી કાનજી નરસી બીજલાણીના ધર્મપત્ની, તેમજ સ્વ. સોની શ્રી કેશવજી જગશી બારમેડાના દીકરી તે ચિ. જગદીશ, ચિ. હરીશ, સ્વ. અ.સૌ. નીમા ધર્મેશ કંસારા, સ્વ. પ્રવિણ અને અ.સૌ. મીના મદન બુદ્ધભટ્ટીના માતુશ્રી તેમજ અ.સૌ. કોકિલા જગદીશ અને અ.સૌ. હંસા હરીશના સાસુજી તેમજ ચિ. નીતિન, ચિ. મનીષ, ચિ. નીલ અને ચિ. અતિસના દાદીમા અને કુ. રિદ્ધીમા, દેવદર્શ અને હર્ષદેવના પરદાદી તેમજ રીમા, મીતા, ચાર્વી, માધવી, માનસી અને સ્વ. ચૈતન્ય અને હર્ષિલના નાનીમા તા. ૩૦-૪-૨૦૧૩ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓએ નેત્રદાન કરેલ છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેજ અભ્યર્થના સહ.... જ્ઞાતિસેતુ પરિવાર

**સંસ્કૃતિ**

# સંસ્કૃતિ - કલા - સ્વાસ્થ્યનો સુભગ સમન્વય : ભારત નાટ્યમ્

**માનસી અંકુર વિઠાણી - બેંગ્લોર**

**ફીઝીકલ ફીટનેશ :** ભારત નાટ્યમ્ એ આપણા દેશના સાત પ્રકારના મુખ્ય કલાસીકલ નાટ્યનો એક પ્રકાર છે. આ નૃત્ય આપણા શરીરને, ખાસ કરીને કમર અને પગની કસરત કરાવે છે. આપણી ક્ષમતા વધારે છે આપણું શરીર સુડોળ બને છે અને આ નૃત્યની ઝડપ પ્રમાણે આપણે બધા જ અંગોને પુરતી કસરત મળે છે.

ભારત નાટ્યમ્ એટલે એવું કોમ્બીનેશન છે કે જે શરીરની મુવમેન્ટ - ફેસીયલ - એક્સપ્રેશન અને સાથે શ્રેષ્ઠ હસ્ત મુદ્રા સંકળાયેલી છે. આ આપણા શરીર માટે કસરત છે કેમ કે દરેક પ્રકારનો અંગ મરોડ - ડોકથી પગ સુધીના દરેક અંગો માટે અલગ અલગ મુદ્રાઓ અને અલગ સ્ટેપ્સ હોય છે જે આપણા શરીરને ચૂસ્ત રાખે છે.

**Meditation - (helps concetrate in better way) :** આ નૃત્ય મન અને શરીરને (અને આત્માને) એક લયમાં બાંધે છે. એક લીંક કરે છે. જેમ આગળ કહ્યું તેમ દરેક અંગો માટેની એક મુદ્રા, એક ઢબ અપનાવાયેલી છે. જેને લયમાં મુકીને પ્રસ્તુત કરવામાં આવે છે. આ કળા આપણું માનસિક concentration power વધારે છે. આ રીતે જોઈએ તો આ નૃત્ય આપણને લયબદ્ધ યોગ કરાવે છે.

આ નૃત્ય આપણને સુંદરતાને સૃષ્ટિની અલગ અલગ મુદ્રાઓમાં અંગમરોડ દ્વારા પ્રસ્તુત કરવાની ક્ષમતા આપે છે. આ પ્રસ્તુતિ દરમ્યાન આપણા અંગ-ઉપાંગોના કેન્દ્ર બિંદુઓ સાચી રીતે થતાં હોવાથી માનસિક બળ આપે છે.

આપણા પૌરાણિક આપણા યોગીઓ તથા આપણા પૂર્વજો ધ્યાન દ્વારા સ્થિરતા પ્રાપ્ત કરતા હતા તે સ્થિરતા હવે આજે આપણે આ નૃત્ય કળા દ્વારા પ્રાપ્ત કરી શકીએ છીએ. આ પણ એક પ્રકારની ધ્યાન પ્રક્રિયા જ કહેવાય.

**સાંસ્કૃતિક મહત્વ :** જેમ આગળ કહ્યું તેમ ભારત નાટ્યમ્ નૃત્ય એક પ્રકારનું શાસ્ત્રીય નૃત્ય કળા છે. આ કળા થકી આપણે ભૌતિક તેમજ માનસિક સૃષ્ટિના અનેરાં દૃશ્યો લયબદ્ધ રીતે તાદૃશ કરી શકીએ છીએ.

ભારત નાટ્યમ્ ભારતીય સંસ્કૃતિનો પરિચય કરાવે છે અને આત્મસાત કરાવે છે. ભારત નાટ્યમ શુદ્ધ અને સાત્વિક જેને પુરુષો પણ પ્રસ્તુત કરી શકે છે. શંકર ભગવાનનું તાંડવનૃત્ય જગતભરમાં જાણીતું ભારત નાટ્યમનો એક પ્રકાર છે અને આવા તો બીજા અનેક વિધ પ્રકારો છે.

ભારત નાટ્યમ્નો અભ્યાસ બાળપણથી જ લગભગ પાંચ વર્ષની ઉંમરથી કરી શકાય છે. આમાં દર વર્ષે તબક્કાવાર પરીક્ષા આપવાની રહે છે. જેમાં થીયરી અને પ્રેક્ટીકલ બંનેનો સમાવેશ થાય છે. આમાં જેટલા ઊંડા ઉતરવું હોય એટલું ઉતરી શકાય છે.

ભારત નાટ્યમ્ કળા ઉપરાંત વ્યવસાયિક દૃષ્ટિએ પણ ખાસ કરીને મહિલાઓ માટે વિશેષ મહત્વનું છે.

ભારત નાટ્યમ્ વિશ્વભરમાં પ્રખ્યાત છે. લોકો એમ શાસ્ત્રીય શિક્ષણ અભ્યાસ આ રીતે આપણી સંસ્કૃતિને પ્રચલિત કરવા ઈચ્છે છે. આપણી યુવા બાળાઓ એનો પદ્ધતિસર અભ્યાસ કરી એમાં નિપુણ થઈ દેશ વિદેશમાં એનો વ્યવસાયિક લાભ મેળવી શકે છે.

માનસી હરિલાલ સોની - અંજાર

હવે બેંગ્લોરમાં માનસી અંકુર વિઠાણી

માનસી અંકુર વિઠાણી

ડાયરેક્ટર ઓફ વિદ્યાસાગર સ્કુલ - બેંગ્લોર

માનસી વિઠાણી B.Com. CFA, Graduate in Bharat Natyam

ભારત નાટ્યમ્ ક્ષેત્રે સુશ્રી માનસીબેને વિશારદની પરીક્ષા આપેલ છે. નાટ્યમ્નો સાત વર્ષનો કોર્ષ કરેલો છે. માનસી બહેને અંજારમાં આ કળાના શિક્ષણ માટે વર્ગો ચલાવ્યા હતા તેમજ છેલ્લા દશ વર્ષ દરમ્યાન છ સાત સ્ટેજ પ્રોગ્રામ આપેલા છે. ઈન્ટર ડાન્સીંગ સ્કૂલ ઓફ કોમ્પીટીશન જે વડોદરામાં યોજાઈ હતી તેમાં સુશ્રી માનસીબેને બીજું ઈનામ મળ્યું હતું. તાજેતરમાં સુશ્રી માનસીબેને એક કાર્યક્રમ બેંગલોર મધ્યે આપેલો હતો.

## પ્રભુ એટલું આપજો

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય, ભૂખ્યા કોઈ સુવે નહિ, સાધુ-સંત સમાય, અતિથી ભોઠો નવ પડે, આશ્રિત ના દુભાય, જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય, સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે મમ હિત, શત્રુ ઈચ્છે મિત્રતા, પડોશી ઈચ્છે પ્રીત, વિચાર વાણી વર્તને, સૌનો ચાચું પ્રેમ, સગા સ્નેહીને શત્રુનું ઈચ્છુ કુશળ ક્ષેમ, જોવા આપી આંખડી, સાંભળવાને કાન, જીવ બનાવી બોલવા ભલું કર્યું ભગવાન. ઓ ઈશ્વર ! તું એક છે, સર્જ્યો તે સંસાર. પૃથ્વી, પાણી, પર્વતો તે કીધા તૈયાર, તારા સારા શોભીતા સૂરજને વળી ઓમ તે તો સઘળા તે રચ્યાં. જબરૂ તારું જોમ અમને અકદા જ્ઞાન ગુણ તેનો તું દાતાર, બોલે પાપી પ્રાણીયો, એ તારો ઉપકાર, કાપ કલેશ કંકાશને, કાપ પાપ પરિતાપ, કામ કુમતી કરૂણા કીજે, સુખ આપ. **— સોની ભાવિની એલ.-નખત્રાણા**

# સ્ત્રીઓ અને કવિતા

જીનલ સોલંકી-'યાદ'-માંડવી

સૌ પ્રથમ તો સંવેદનાઓ જ્યારે શબ્દમાં ફેરવાય છે ત્યારે કવિતાનો જન્મ થતો હોય છે અને તમે પણ મારી સાથે સહમત થશો જ કે, 'પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ સંવેદનશીલ હોય છે' એટલે જ ઉપર્યુક્ત વિષય પસંદ કરતાં, એ વિશે લખતાં, મારો આનંદ બેવડાયો છે.

સ્ત્રીઓના તેના આ લાગણીસભર, ભાવસભર, સંવેદનાસભર, સ્વભાવને કારણે જ તેની કવિતાઓમાં કશુંક 'વહેવા' કરતા 'છલકાતુ' વધુ જોવા મળે છે. મેં મારા કાવ્યોનાં પુસ્તકના વિમોચન વખતે પણ કહેલું કે, **જેનું હૈયું હુંફાળું હોય, એને કવિતા ફરજિયાતપણે લખવી જ જોઈએ'.**

આપણી કમનસીબી એ જ છે કે, 'સ્ત્રીઓની બાબતે આપણે કાયમ 'અવહેલના' લાવી જ દઈએ છીએ. એટલે જ આપણે અહીં 'મરીઝ', 'આદીલ મન્સુરી' 'ખલીલ ધનતેજવી', 'બેફામ' વગેરેની ફીંગરપ્રિન્ટ આપણા હોઠે રમે છે. પણ કોઈ સ્ત્રીની રચના આટલી લોકજીભે નથી ચડેલી.. આ દિશાએ ખરેખર જાગવાની જરૂર છે. સ્ત્રીઓ ધારે તો પોતાના જીવન સાથે સંકળાયેલા નવે નવ રંગોને શબ્દોમાં પરિવર્તન કરી શકે, સ્ત્રીઓ કોઈની પરવા વગર મુક્ત મને લખે તો આ ક્ષેત્રે પણ કાઠું કાઢી શકે. જો કે આ બહુ ઊંડો વિષય છે. મારે અહીં એ જ વાત કરવી છે કે 'સ્ત્રીઓની કવિતામાંથી શું ટપકતું હોય છે... ?' સ્ત્રીઓને કેવા પ્રકારની કવિતાઓ લખવી ગમતી હોય છે ?

એ હકીકત છે કે સ્ત્રીઓની રચનામાં 'ભીનાસ' ટપકતી હોય, વાંચતી વખતે તમને ભીંજવ્યા વગર રહે નહીં. 'ભાવ'ની રીતે જોઉં તો સ્ત્રીઓની રચનામાં મોટા ભાગે સ્નેહ, વિરહ, સૌંદર્ય, ટપકતું હોય છે. આવું શા માટે થાય છે ? એનું કારણ હવે મને સ્પષ્ટ કરતું જરૂરી નથી લાગતું.

બીજું એક કહું તો, વિજ્ઞાન આપણા હૃદયના ચાર ભાગ પાડે છે. ઉપરના બે ભાગ જમણું કર્ણક અને ડાબુ કર્ણક, તેમજ નીચેના બે ભાગ અનુક્રમે જમણુ ક્ષેપક અને ડાબુ ક્ષેપક અને મારું માનવું એમ છે કે કોઈપણ 'અસર' જો છેક હૃદયના ક્ષેપક સુધી થતી હોય તો એ કોઈને કોઈ સ્વરૂપે બહાર પ્રગટે છે. પછી એ આંસુ હોઈ શકે. ક્રોધ હોઈ શકે, ખડખડાટ હાસ્ય હોઈ શકે અને કોઈ રચના પણ હોઈ શકે, મારું માનવું તો એમ પણ કહે છે કે સ્ત્રીઓના હૃદયનો કર્ણક વિસ્તાર ઓછો હશે એટલે ક્ષેપક સુધી કોઈપણ બાબત તેના હૃદયે જલ્દી પહોંચે છે. સ્ત્રીઓ સાથે જ કોમળતા, નિર્મળતા એવા શબ્દો આવે છે એટલે એની રચના પણ એટલી જ કોમળ અને નિર્મળ હોય છે.

મેં આપણી જ્ઞાતિની કેટલીક કવિયત્રીઓના મંતવ્યો જાણ્યા, માણ્યા. મોટાભાગે ઉપર્યુક્ત મારા તારણને સમર્થન આપે છે. તમને પણ જણાવું, તમને યોગ્ય લાગે તો સહમતિની મ્હોર મારી દેજો...

એકતા કટ્ટા (અંજાર) સાથે વાતચીત કરતા જણાયું કે તેઓ પોતાની કવિતામાં ભાવનું મેળવણ નાખી શકે છે. અન્યની કવિતાના ભાવોને પારખી પણ શકે છે. તેમને નૈસર્ગિક સુંદરતા, નિતીવિષયક મુલ્ય આધારિત કવિતા લખવી વધારે ગમે છે. ૧૯૯૯ થી શરૂ થયેલી તેમની આ રચનાની સફરમાં એકાદ લીટી ગણગણીએ.. તેઓ લખે છે.

યા ખુદા દેખના હૈ તેરી ઈસ દુનિયામેં,
કયામત ક્યા ચીજ હૈ ?
ગર તેરે રહેમો કરમ પર હમ પલતે હૈ તો દેખના હૈ
તેરી ખુદાઈ મેં રહેમત ક્યા ચીજ હૈ ...?!

તો ગીતાબેન (ભુજ) કહે છે કે, પ્રકૃતિ, સુંદરતા, વ્યક્તિગત ભાવો પર કવિતા લખવી વધારે ગમે છે. હજુ બે-ત્રણ વર્ષ પહેલા જ લખવાની શરૂઆત કરનાર ગીતાબેનની કવિતામાં ખાસ્સુ ઊંડાણ જોવા મળે છે. તેઓની એક લીટી લલકારું છું.

**'મુખ મલકાવું આંખ જડી ગઈ**
**એક પળમાં એવું લાગ્યું કે**
**મારામાં તું મળી ગઈ...'**

આપણી જ્ઞાતિની ઉગતી પ્રતિભા તરીકે ભુજના ક્રિષ્નાબેનનો ઉલ્લેખ કરવો જ રહ્યો. ધો. ૯માં હતા, ત્યારથી કવિતા લખવાની શરૂઆત કરનાર તેમની કવિતામાં ઉંમરના દરેક તબક્કે જોવા મળતાં ભાવો પ્રતિબિંબિત થતા જોવા મળે છે. તેમની રચના 'ઈર્શાદ' શબ્દ ઝુંટવી લે તેવી છે. તેઓ કહે છે. 'ઘણું બધું કહેવું છે અને
કશું જ નથી કહેવું
આ અંગેની વચ્ચે છે
મારો પ્રેમ...'

આ ઉપરાંત પણ આપણી જ્ઞાતિની કવિયત્રીનો ઉલ્લેખ કરવો હોય તો સરસ્વતીબેન સોલંકી, લત્તાબેન સોલંકી, અરૂણાબેન સોની જેવા નામો તો આપોઆપ સરી પડે. તેમની રચનાઓથી આપણે વાકેફ છીએ જ. પૃષ્ઠ સંકોચે તેમના મંતવ્યો ટાંકી ન શકવા ખેદ છે. પણ સેતુના વાચકો તેમની રચનાથી અપરિચિત નથી જ.

અંતે સેતુને સૂચન છે કે એના તમામ લેખકો એકવાર એક છત્ર નીચે ભેગા થાય. તો સોનામાં સુગંધ ભળે. થોડા વખત પહેલા ભુજ મહિલા મંડળ દ્વારા આયોજીત મુશાયરો, પ્રશંસનીય રહ્યો. આવા મેળાવડા કાયમ આવકાર્ય છે.

**''અંતે મારી રચના સંભળાવી દઉં..**
**એમ તો બધાને પોતાની વેદના સતાવે છે**
**તમે અંદર ઘેરી જાણો છો**
**હું બહાર વેરી જાણું છું.''**

**— જીનલ.**

# આપણી સંસ્કૃતિમાં સ્ત્રી શક્તિનું મહત્વ

તુલસી કંસારા-અમદાવાદ

**જે કર જુલાવે પારણું :** જો જીજીબાઈએ શિવાજીને પારણે ઝુલાવતા બહાદુરીના પાઠ ન ભણાવ્યા હોત તો શિવાજી છત્રપતિ ન કહેવાત. જો માતા પાર્વતી ના હોત તો બુદ્ધિના દેવતા ગણેશ ના હોત. આપણા દેશમાં જ્યાં જ્યાં શક્તિપીઠો છે ત્યાં ત્યાં તેમનો વાસ છે એમ કહેવાય છે. મા દેવકી અને મા જશોદા આ બંનેમાંથી કોનો ફાળો વૈષ્ણવોના ભગવાન શ્રીકૃષ્ણને અવતાર બનાવવા માટે ઓછો આંકી શકાય ? દરેક પુરુષમાં એક સ્ત્રી રહેલ હોય છે તેમ દરેક સ્ત્રીમાં એક પુરુષ રહેલ હોય છે. જ્યારે તક મળે કે જરૂરીયાત ઊભી થાય ત્યારે દરેક જવાબદારીઓ સંભાળવા માટે તેઓ સક્ષમ હોય છે. મગજ તો ભગવાને બંનેના સરખા જ બનાવેલ છે. ફર્ક કદાચ નજરમાં હોઈ શકે. કહેવાય છે કે સ્ત્રીની દૃષ્ટિ વાઈડ હોય છે. વિશાળ, મોટા વિસ્તાર આવરી લે તેવી હોય છે. મતલબ તે આજુબાજુનું બરાબર ખ્યાલ રાખે છે, જ્યારે પુરુષની લાંબી હોય છે કારણકે તેને પોતાના પરિવારની જવાબદારી સંભાળવાની હોય છે. આતો માનવ જ્યારે ગુફામાં રહેતો હતો અને શિકારને શોધવા દૂર સુધી નજર દોડાવવી પડતી એટલે પુરુષની દૃષ્ટિ લાંબી થઈ અને સ્ત્રીને બાળકોની સંભાળ લેવાની હોતા તેની નજર આજુબાજુમાંથી કોઈ જનાવર આવીને તેમને ખાઈ ન જાય તેથી તેની નજર ચોકીયાતની જેમ વાઈડ થઈ,

**મહિલા મંડળોની પ્રવૃત્તિઓ :** આપણે ઉત્ક્રાંતિ, પુરાણો અને ઈતિહાસમાંથી આપણા સમાજ તરફ નજર કરીએ તો દરેક સ્થળે બહેનો નાના મોટા મંડળો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરતી જણાય છે તે જ દર્શાવે છે કે તેઓ ઘર સંભાળવા ઉપરાંત બીજા કામકાજ કરવા માટે ક્ષમતા ધરાવે છે. જો તેમને યોગ્ય ગાઈડન્સ, વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ અને થોડી સામાજિક ઉત્થાનની ભાવનાવાળું ધગશ ધરાવતું નેતૃત્વ મળી રહે તો સોનામાં સુગંધ ભળે, કચ્છની ધોરડો અને ધમળકા તેમજ ભૂજોડી જેવા અનેક ગામોની બહેનોએ તો કાપડ ઉપર દોરા અને સોઈની કમાલથી વિશ્વકક્ષાએ નામના મેળવેલ છે. તો જૈન સમાજ કે અન્ય સમાજની બહેનો સામુહિક રીતે સહકારની ભાવનાથી ખાખરા, પાપડવડી, વગેરે ઉદ્યોગોમાં વ્યસ્ત રહેતી હોય છે. જ્યારે આપણા સમાજની મહિલાઓ માટે આજકાલ પરંપરાગત કામો તો પિત્તળની જગ્યા એલ્યુમિનિયમ અને સ્ટેઈનલેસ સ્ટીલે લઈ લેતા, રહેણી-કરણીની પદ્ધતિ બદલાતા અને મશીનોના આવવાથી રહ્યા નથી ત્યારે આપણા સમાજના મહિલા મંડળો પણ નિરાધાર કે જરૂરિયાતમંદ બહેનો માટે આવું કંઈક ના વિચારી શકે ?

**મહિલા મંડળો શું કરી શકે ? :** તો ચાલો આપણે આગળ વિચારીએ કે આવા મંડળો આનંદ પ્રમોદ માટે કીટી પાર્ટી ભલે કરતા, ધરમ ના નામે કથા વાર્તા કે ભજન મંડળી ભલે બનાવતા, પરંતુ સાથે સાથે સમાજમાં આર્થિક રીતે પાછળ રહી જતા પરિવારો માટે કંઈક કરી શકે ? તમે કદાચ સેતુના વ્યવસાય વિશેષાંકમાં જસુબેન કંસારાના પ્રમુખપદ હેઠળ ચાલતા કલ્યાણી મંડળની વાત વાંચેલ હશે કે જે આવા સામાજિક ઉત્થાનના કામો ઉપરાંત મુખ્યત્વે તુટેલ લગ્ન સંબંધો જોડવાનું કામ કરે છે અને તેઓ પોતે રાજકારણમાં પણ આગળ પડતો ભાગ ભજવે છે. આવી જ રીતે આપણે ત્યાં સામાજિક અને રાજકીય ક્ષેત્ર સિવાય એક ખૂબ જ ધ્યાન માંગતા આર્થિક ક્ષેત્રે ખૂબ જ અવકાશ છે. આ માટે હું અહીં એક નાની વાત કરીશ લિજ્જત પાપડની.

**વાત સાત મહિલાઓની મંડળીની :-** મહિલાઓની સહકારી સંસ્થા તરીકે મુંબઈમાં ગીરગાંવમાં લોહાણા નિવાસ તરીકે જાણીતી ૧૫-એચ બિલ્ડીંગના ટેરેસ ઉપર ત્યાં રહેતી બહેનોએ પાપડ વણીને પોતાના ઘર માટે થોડી વધારે કમાણી કરવાની ચીવટમાંથી ૧૫ માર્ચ ૧૯૯૫માં શરૂ થયેલ અને બહેનોની મંડળી આજે છપ્પન વર્ષો બાદ ૪૫૦૦૦ કરતા વધારે સભ્યોને રોજગારી આપે છે. તેમના સ્થાપક સભ્યોમાં હતા જશવંતીબેન પોપટ, પાર્વતીબેન થોડાણી, લાભુબેન તન્ના વગેરે સાત પડોશણો. તેની પહેલી શાખા દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના વાલોદ મુકામે શરૂ થઈ અને ૮૧મી શાખા ઓરીસ્સાના પુરી જિલ્લાના બુઠીમારા ગામમાં ૭ ફેબ્રુઆરી ૨૦૧૩માં ખુલી. (લિજ્જત પત્રિકા માર્ચ-૧૩માંથી)

મને જ્યારે બેન એકતાનો ફોન આવ્યો કે આ વિશેષાંકમાં મારે મહિલાઓને માર્ગદર્શન મળી રહે તેવું કંઈક લખવું. થોડા વિચાર પછી થયું કે આપણા ભૂજ, અંજાર કે અમદાવાદ, રાયપુર તેમજ અન્ય સ્થળોએ ફેલાયેલ આપણા સમાજની બહેનોને કંઈક નવો વિચાર મળે, સંપ ત્યાં જંપ અને સહકારની ભાવનાથી કેવી રીતે કામ થઈ શકે તેવી પ્રેરણા મળે તે માટે યાદ આવી આ લિજ્જત પાપડની વાત. ચોક્કસ સમયમાં ૨૦૦ રૂપિયા પરત કરવાની શરતે માત્ર ૮૦ રૂપિયા ઉધારથી લઈ, તે કપરા સમયે આ બહેનોએ પ્રથમ દિવસે જ ચાર પેકેટ પાપડના વણીને ડીલીવરી કરેલ. આ હતી તેમની ધગશ અને સહકારની ભાવના.

વિના સહકાર નહિં વિકાસ :- આજે જ્યારે આખા હિન્દુસ્તાન મટે એ ગર્વની વાત બની ગયેલ છે કે આંકડાની

રીતે સૌથી વધારે પ્રોફેશનલી ક્વોલીફાઈડ મહિલાઓમાં ભારત પ્રથમ નંબરે આવે છે, અને છેલ્લા એક ડઝન વરષોમાં તેમનો લીટરસી રેઈટ ૫૩ ટકાથી વધીને ૬૫.૪૬ ટકા થઈ ગયેલ છે, ત્યારે આપણો સમાજ પણ તેમાં પાછળ ન જ હોય. પરંતુ બધી બહેનોને નોકરી કરવાની કે બહાર ફરવાની તક નથી મળતી તેથી જે બહેનો પોતાના ગામ કે શહેરમાં રહીને મહિલા મંડળોમાં આગળ પડતી ભૂમિકા ભજવે છે. તેઓ સાથે સાથે પોતાના ભણતરનો લાભ આવા ગૃહઉદ્યોગ માટે સમાજની નિરાધાર કે જરૂરિયાતમંદ બહેનોના ગ્રુપને માત્ર માર્ગદર્શન દ્વારા નહિ પણ એક ટર્ન કી પ્રોજેક્ટ બનાવી આપવાની હદે જઈને પોતાનું યોગદાન આપે તો આવા લેખ લખવાનું કાર્ય સાર્થક થતું લાગશે.

કંસારા મહિલા મંડળો પહેલ કરે :- જો કચ્છમાં આ લિજ્જત મંડળીની શાખા ના હોય તો ભુજ, અંજાર, માંડવી, નખત્રાણા કે ગઢશીશા જેવા નાના ગામમાં પણ પહેલ કરી શકાય છે. અને જો પોતાની બ્રાન્ડ ઉભી કરવાની તમન્ના હોય અને ગુણવત્તા સાથેની વસ્તુઓ બનાવવાની તૈયારી હોય તો ખાખરા, મસાલા, વડી, વિવિધ લોટના પેકીંગ, બેકરીની વસ્તુઓ વિગેરે બનાવીને તેનું વિતરણ કરી શકાય છે. એંસી રૂપિયા (૧૯૫૯ માં ખૂબ જ મોટી રકમ કહેવાતી ત્યારે કદાચ સોનાના ભાવ તોલાના ૫૦-૬૦ રૂપિયા હશે) થી શરૂ થયેલ આ મહિલાઓની સંસ્થા આજે કરોડો રૂપિયાનું ટર્નઓવર કરે છે અને પોતાનો માલ વિદેશમાં પણ એક્ષપોર્ટ કરે છે.

મહિલા મંડળની કોઈ પ્રગતિશીલ વિચાર ધરાવતી બહેન કે આપણા સમાજના સામાજિક કાર્યકર્તાને આવું સેવાનું કામ કરવું હોય અને પોતાના ગામ કે શહેરમાં શાખા ખોલવી હોય તો આ એડ્રેસ પર email-enquirt@lijjat.com કરીને આ સંસ્થા સાથે જોડાવા માટે તેમનો સંપર્ક કરી શકે છે. ફેક્સ : ૦૨૨ ૨૬૪૨ ૦૬૮૮ અને જો પોતાની મંડળી સ્થાપીને કામની શરૂઆત કરવી હોય તો તેમને લિજ્જત પાપડને જેમ કલકત્તાથી આવેલ નિલેશ માનસેતા મળેલ તેવા કોઈ પથદર્શક મળે તો તે કોઈપણ જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રમાં જઈને વિવિધ પ્રોજેક્ટોની પ્રોફાઈલ મેળવી, તેમનું કામકાજ શરૂ કરી શકે છે. અને આવા આર્થિક સામાજિક કામો આખરે તો અલગ અલગ કુટુંબોમાં વહેંચાયેલ આપણા સમાજના પરિવારો અને તેમાંની મહિલાઓ માટે અને તેઓએ બનાવેલ મંડળો દ્વારા જ કરી શકાય ?

એફ. એસ. એમ. એસ. પરિવારની અંગ્રેજીમાં વ્યાખ્યા : Father And Mother I Love You (Family)

**મહિલા સશક્તિકરણ**

## ઘરની શોભા : સુલક્ષણા નારી

**વિરેન્દ્ર એસ. પોમલ-અંજાર**

ધરતીનો છેડો ઘર. દુનિયામાં ક્યાંય પણ ફરી આવીએ પરંતુ ઘર જેવી ક્યાંય શાંતિ મળતી નથી. ઘરે આવીએ ને હાશકારો થાય છે તેનું કારણ છે ઘરની શોભા અને વ્યવસ્થા સાચવવા સતત સંઘર્ષ કરતી ગૃહિણી.

પરંપરા મુજબ પુરુષ સંસારમાં ઘરની બાહ્ય જવાબદારી નિભાવે છે. બે પાંદડે સુખી થયેલો નર ઘરની સુલક્ષણા નારી થકી વધુ સુખનો અનુભવ કરી શકે છે. સમાજમાં મોભાદાર સ્થાન પામી શકે છે કેમ કે પુરુષની શોભા વધે - આબરૂ વધે તે માટે સ્ત્રી સતત પ્રયત્નશીલ રહે છે.

ઘરની વડીલ સ્ત્રીઓ છોકરીને નાનપણથી જ ઉત્તમ નારી બનવાના પાઠ શીખવે છે. સંસ્કારનું આ સિંચન શ્વસુરગૃહે જાય સંસારને સાચવવામાં કામ લાગે છે. ખૂબ જ સલુકાઈથી સુઝબુઝનો ઉપયોગ કરીને ભવસાગર પાર કરવામાં સ્ત્રી જીવનને આનંદપૂર્વક વ્યતિત કરવામાં મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવામાં સંસ્કાર જ આશીર્વાદ રૂપ બને છે.

આધુનિક યુગમાં સ્ત્રીઓને જીવનમાં બેવડી ભૂમિકા નિભાવવી પડે છે. ઘરની સાથે સાથે જ પુરુષોના ધંધાકીય ક્ષેત્રોમાં પદાર્પણ કરી દીધું છે. સરકારી નોકરી હોય કે ખાનગી, પોતાના પિતા કે પતિના ધંધાનો કારોબાર પણ સરળતાથી સાચવી રાખવાની જવાબદારી નિભાવતી સ્ત્રીઓ આ સંસારની શોભામાં - વ્યવસ્થામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

વર્ષો પહેલા ઘરની ચાર દિવાલોમાં જ જીવનને પુરું કરતી સ્ત્રીઓ આજે અવકાશક્ષેત્રે, વિજ્ઞાનક્ષેત્રે, વ્યાપારક્ષેત્રે, કારીગરીક્ષેત્રે, વ્યવસ્થાક્ષેત્રે, લશ્કરક્ષેત્રે પણ પોતાનું કૌવત દેખાડતી થઈ છે અને પુરુષ સમોવડી થઈ છે આગળ વધવાના મનસૂબાને મજબુત બનાવતી કરે છે.

એકવીસમી જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે નવી નવી દિશાઓ ખુલતી જાય છે. આ યુગમાં પોતાના સંતાનોને સાંસારિક જવાબદારીઓની સાથે સાથે આ આધુનિક ટેક્નોલોજી તેમજ સાધનોના સમુચિત ઉપયોગ દ્વારા જીવનમાં આગળ વધવાના પાઠ સ્ત્રીઓ જ આપી શકશે. કેમ કે જેમ તે ઘરની વ્યવસ્થા સાચવી છે તેમ તે સમાજના દરેક ક્ષેત્રે વ્યવસ્થા સાચવનારી બની શકે છે. સવાલ એને માત્ર તક મળવાનો છે.

આપણા સમાજમાં સ્ત્રીઓ યોગ્ય માન-સન્માનનું ગૌરવ છે. સ્ત્રીઓ પણ સ્ત્રીદાયિત્વ નિભાવવાના પ્રયત્નો કરે છે. સમાજે જાગૃતતા કેળવીને પ્રદાન કરનારી મહિલાઓને વિશિષ્ટ સન્માન આપવું જોઈએ. તાજેતરમાં વડીલ વંદના થઈ તેવી જ રીતે સ્ત્રી દાયિત્વ વંદના થઈ શકે છે. આજના યુગની એ તાતી જરૂરીયાત છે.

# સમજણ સાસુ-વહુના સંબંધોની...

સ્મીતા હરિલાલ વિશાપરમાર-અંજાર

આપણા સમાજમાં દિકરીઓના શિક્ષણ માટેની જેમ જરૂરિયાત ગણાય છે, એની સાથે દિકરીને કૌટુંબિક અને સામાજિક સંસ્કાર આપવાની પણ એટલી જ જરૂર છે.

દિકરીને સાસરે વળાવતી વખતે મા એને બધી સલાહ આપતી હોય છે એની સાથે એક સલાહ એ પણ આપે કે સાસુ એટલે **સાચું સુ**ખ. આ માટે દિકરીને પહેલેથી તૈયાર કરીએ તો આજના સાસુ-વહુના સંબંધો જે વણસેલા અને વણઉકેલ્યા રહ્યા છે એમાં કદાચ ફેર પડે.

સાસુ બનતી દરેક સ્ત્રીને એક મોટી મૂંઝવણ એ હોય છે કે વહુને દિકરી માનવાની સાથે સાથે એને ઘરના રૂઢિરિવાજ કેમ સમજાવવા ! કદાચ વહુનો સ્વભાવ આ વાતો સાથે મેળ ન ખાતો હોય તો એ ફરિયાદ બનીને સંબંધો અને ઘરનું વાતાવરણ બગાડે. આના માટે ધીરજથી કામ લેવુ જરૂરી બને છે. સાસુને પોતાના કુટુંબની શાંતિ, આબરૂ અને પરંપરાગત રિવાજો સાચવવાની ચિંતા હોય છે.

આ માટે દરેક માએ દિકરીને શ્વસુરગૃહના રિતરિવાજ સ્વીકારવા, કુટુંબના સભ્યો સાથે માનથી અને દરેક સભ્યોની યોગ્ય સંભાળ રાખી શકે તે રીતની તાલીમ આપવી જોઈએ.

સાસુએ પણ આજના સમયને અનુરૂપ થોડા નવા અભિગમ સાથે વહુને આ બધુ શીખવાડવું જોઈએ. વહુ એમના ઘરની સભ્ય એવી વહુને ધીમે ધીમે બધું શીખવાડીને આ વસ્તુ સ્થિતિનું આયોજન કરવું જોઈએ.

ખાલી કથાઓમાં જવાથી કે ઘરનો વહીવટ સોંપી દેવાથી આ સમસ્યા ન ઉકેલાય. સાસુએ સાથે રહીને વહુને પોતાના ઘરના રીતરિવાજ સમજાવીને અનુસરવા કહેવુ પડે. સામે પક્ષે વહુ બનીને આવતી દરેક દિકરીએ પણ આ વાત સમજીને સ્વીકારવાનો પ્રયત્ન કરવો જોઈએ. કોઈ ખોટા પૂર્વ ગ્રહો કે ભ્રમમાં પોતાના કુટુંબનું અહિત ન થાય તેનું ધ્યાન રાખવું એ દરેક વહુની ફરજ બની રહે છે.

સાસુએ વહુને પોતાની હરિફ ગણવા કરતાં દિકરી માનીને વર્તવું જોઈએ. એની જે દિકરાને હોય, માએ પચ્ચીસ વર્ષ સુધી પાળી પોષીને મોટો કર્યો હોય, તેના ગમા અણગમા, ભાવતું ન ભાવતું, બધી જરૂરિયાતોનું પ્રેમથી ધ્યાન રાખ્યું હોય, એ દિકરો એક દિવસમાં પારકી જણીના હાથમાં સોંપવાનો વખત આવે ત્યારે માના મનમાં ઘણા વિચારો અને અણગમાઓ પ્રગટ અપ્રગટ થતા હોય છે. આ બધી લાગણીઓને વિવેકપૂર્વક વેગડી રાખીને વાસ્તવિકતા સ્વીકારવી એ સાસુ બનતી સ્ત્રી માટે ઘણી અઘરી હોય છે. અને જ્યારે આ લાગણી મા ના આંતર મનથી નથી સ્વીકારાતી ત્યારે કલહ થાય છે. અથવા કલહ થવાના સંયોગો વધી જાય છે. ભલે પછી તે બીજા સ્વરૂપ અને બીજા બહાના રૂપે હોઈ શકે ? હું તો એટલે સુધી કહીશ કે વહુ બનવા જતી દિકરીને જેમ 'દૂધમાં સાકર' ની જેમ ભળી જવાની સલાહ અપાતી હોય તેમ, સાસુ બનતી સ્ત્રીને પણ તેમની લાગણીઓ, રૂઢિઓ, સંકુચિતતાઓ, ગમા-અણગમા અને દિકરાને વહુને સોંપવાની માનસિકતા કેળવવા માટે તૈયાર કરવાની જરૂર રહે છે. એના માટે જરૂર પડે તો જ્ઞાતિ મહિલા મંડળના ઉપક્રમે ગોષ્ઠિઓનું આયોજન પણ થઈ શકે.

આપણા સમાજમાં માન્યતા રૂઢ થયેલી છે. સાસુ-વહુને સદાયે પરસ્પર વિરોધી હોવાની આવી પૂર્વગ્રહ યુક્ત ભાવના ઘરમૂળથી ઉખેડી નાખવાની જરૂર છે.

સાસુ વહુ તો એક કુટુંબ, એક ઘરના બે મહત્વના પૈડાં છે. એ ભાવના ઉભી કરવાની જરૂર છે આમ થશે તો જ 'સાસ ભી કભી બહુ થી' જેવા શીર્ષકો બદલાઈ જશે. આ બધુ થવા માટે આપણી દરેક બહેનોએ જાત-સુધારણાની શરૂઆત કરવી પડશે. 'charity begins at home' યાદ રાખીને આપણે સુધરશું તો સમાજ સુધરશે.

સાસુ વહુના કલહ ફક્ત રસોડા કે ઘર સુધી મર્યાદિત નથી હોતા. તેની અસર પુરુષોના બીઝનેસ, નોકરી પર પણ પડતી હોય છે. એના માઠા પરિણામો લાંબે ગાળે બધાને ભોગવવા પડતા હોય છે. આ બધી તૂ તૂ મેં મેં સાંસારિક જીવન પર પણ અસર પડતી હોય છે. આવા બીનજરૂરી તનાવ તેમની કાર્યક્ષમતા પર અવળી અસર પાડતા હોય છે. આ વસ્તુ દરેક સ્ત્રીએ સમજી લેવી પડે ! આ બધુ આપણી બહેનોએ આપણું ઘર સુખ શાંતિથી ચલાવવા માટે જાણવું સમજવું જરૂરી છે, બલકે અનિવાર્ય છે.

# તરુણાવસ્થાના સ્વપ્ના અને આદર્શો



**નામ : હિનલ પ્રકાશભાઈ પોમલ**

અભ્યાસ : ધો. ૧૦

ઉંમર : ૧૪ વર્ષ

માતાનું નામ : રાખીબેન

પિતાનું નામ : પ્રકાશભાઈ

**મોટા થઈને માતા-પિતા માટે શું કરશો ?**

મારા માતા-પિતાની ખૂબ જ સેવા કરીશ. તેઓનું નામ સામાજીક સ્તરે ઊંચુ થાય તે માટેની કાળજી લઈશ.

**મોટા થઈને શું બનશો ?**

ડોક્ટર બનીશ અને ગરીબોની મદદ કરીશ આજે જેમ ડોક્ટરો વેપાર કરે છે તેની જગ્યાએ સેવાના કામો કરીશ.

**સમાજ માટે શું કરશો ?**

હું સમાજની સેવા કરીશ, બેસહારા લોકોની મદદ કરીશ, સમાજનું નામ રોશન કરીશ અને મારો સમાજ આગળ વધે તેવા ઉમદા પ્રયત્નો કરીશ.



**નામ : નેહા હસમુખભાઈ બગા**

અભ્યાસ : IIIrd Year MBBS Part-1

IInd Year MBBS માં એમણે First Class મેળવેલ છે.

આ અગાઉ એમણે ધો. ૧૦ માં કચ્છમાં પ્રથમ સ્થાને અને બોર્ડમાં ૧૦મું સ્થાન અને ધો. ૧૨ સાયન્સ ગ્રુપ-બીમાં કચ્છમાં પ્રથમ સ્થાન મેળવેલ હતો. તેઓ હાલે મેડીકલ ક્ષેત્રે MBBS માં અભ્યાસ છું.

ભવિષ્યમાં એક સારા Specialist Doctor બનીને સમાજની સેવા કરવાની ઈચ્છા છે.



**નામ : રીયા ગૌતમભાઈ મૈચા-ભુજ**

''આશા ન હોય તો જીવવું નકામું
સામા નિશાન વિણનું સહુ તાકવાનું''

સૌ કોઈ આગળ વધવા ઈચ્છે છે. આગળ વધવાની ઈચ્છા રાખવી એ માણસની સ્વાભાવિક વૃત્તિ છે. સત્તા, પદવી, સંપત્તિ, આદર, કીર્તિ મેળવવાની પ્રબળ ઝંખના એટલે મહત્વાકાંક્ષા.

હું અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરું છું. દર વર્ષે હું મારા વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થાઉં છું. નામું, આંકડાશાસ્ત્ર જેવા વિષયોમાં હું સૌથી વધુ ગુણ મેળવું છું. મારા દુકાનના હિસાબો સંભાળવા માટે હું મારા પિતાની મદદ કરવા ઈચ્છું છું. હું બારમાં ધોરણની પરિક્ષા ઉત્તીર્ણ કરીને સારા ગુણ સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાની ઈચ્છા ધરાવું છું. અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે હું મારા વતન કચ્છમાં પ્રેકટીશ કરવા ઈચ્છું છું. મારા માતા-પિતા તરફથી મને એકાઉન્ટન્ટ બનવાની સારી એવી પ્રેરણા પણ મળી રહી છે. મારા કુટુંબીજનો તરફથી મને સારા ગુણ મેળવવાની પ્રેરણા મળે છે. તેઓ મને આગળ વધવા માટે સારા એવા સાધનો પણ વાપરવાની છૂટ આપે છે.

હું સમાજ તરફ પણ આશા રાખું છું કે મારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માટે નાણાંકીય સહાય આપે. તેમની નાણાંકીય સેવા દ્વારા ભવિષ્યમાં જો સી.એ. બનું તો સારી એવી મદદ પણ આપણા સમાજને કરી શકું.

જો હું સી.એ. બની જાઉં તો ભવિષ્યમાં આપણા સમાજના ગરીબ વર્ગોના છોકરા-છોકરીને સી.એ. બનવા માટે પ્રોત્સાહન આપી શકીશ. અને જો તેઓ કોઈ અલગ ડિગ્રી મેળવવા માંગતા હોય તો તેમના માટે તેને જાગ્રત કરીશ. મારા પાસેથી કોઈ નાણાંકીય કે શૈક્ષણિક સેવા મેળવવા માગતા હશે તો તે પણ હોંશે હોંશે આપીશ. હું તેમને સારું એવું માર્ગદર્શન આપવાની ઈચ્છા ધરાવું છું.

સી.એ. અભ્યાસના પાંચ વર્ષ દરમિયાન સારા એવા પુસ્તકો વાંચીશ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરીને હું સારી વેબસાઈટ પરથી નોલેજ મેળવીને એ નોલજ બીજાને આપવાનો પ્રયત્ન કરીશ. હું કંપનીમાં સૌ પ્રથમ નોકરી કરીશ ત્યારથી લઈને મારી નવી ઓફિસ બનાવીશ ત્યાં સુધીના સમયગાળા દરમિયાન સમાજમાં મારી સારી એવી છાપ ઊભી કરીશ. મારી કારકિર્દી ચાલુ હોય તે સમયગાળા દરમિયાન જો મારા લગ્ન થશે તો મારી નોકરી કરવાથી જો મારા ઘરના લોકોને કોઈ વાંધો નહિ હોય તો હું નોકરી ચાલુ રાખવા માંગીશ. મારા પૈસા દ્વારા હું ઘરના લોકોને તેમજ સમાજના ગરીબ લોકોને મદદ કરીશ.



**નામ : દિપાલી હસમુખભાઈ બારમેડા-નલિયા**

''આશા ન હોય તો જીવવું નકામું
સામા નિશાન વિણનું સહુ તાકવાનું''

કુદરતની અમૂલ્ય રચના એટલે માનવ. માણસ પ્રકૃતિના અન્ય તત્વો કે જીવો કરતા બે વાતમાં અલગ તરી આવે છે. એક તો મન અને બીજી બુદ્ધિ. બુદ્ધિ દ્વારા તે અનાદિકાળથી નવી નવી મહત્વાકાંક્ષાઓ સેવતો આવ્યો છે. જેના કારણે આજે તેને આટલી પ્રગતિ કરી છે.

એક વ્યક્તિ (માણસ) તરીકે મારી પણ ઘણી મહત્વાકાંક્ષાઓ છે. જેમાં વિદ્યાર્થીકાળ દરમિયાન મારી મુખ્ય

મહત્વાકાંક્ષા સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) બનવાની છે. કહેવાય છે કે

'સપના ક્યારે પૂરા નથી થતાં, સંકલ્પ પૂરા થાય છે.'

મારી આ મહત્વાકાંક્ષા માટે પ્રેરણા મને એક સર્વેક્ષણમાંથી પ્રાપ્ત થઈ. મેં જોયું કે મારી જ્ઞાતિ તથા કુટુંબમાં છોકરીઓ આ ક્ષેત્રમાં ખૂબ જ પાછળ છે. હું સી.એ. બનીને મારા કુટુંબ અને જ્ઞાતિનું નામ આ ક્ષેત્રમાં આગળ લાવવા માંગું છું.

APJ Kalam એ કહ્યું છે કે, U r born to b the role model 4 others, why do search others to be ur, role model ? The world is waiting to see ur success story.

કહેવાય છે ને મોટા મોટા કાર્યો એકલા હાથે ક્યારેય પૂરા થતા નતી. આ કામ કરવા માટે માતા-પિતા અને કુટુંબ તરફથી મને એકદમ હકાર આવકાર મળ્યો છે. તેઓ આ કાર્યની પૂર્તિ માટે મારી સાથે અડીખમ ઊભા રહે છે. મારો સંકલ્પ પૂરો કરવા મારી કૌટુંબિક અપેક્ષાઓ તો પુરી થાય છે પરંતુ મને મારા સમાજ પાસેથી પણ ઘણા અપેક્ષાઓ છે.

મારી મહત્વાકાંક્ષા પૂરી કરવા માટે સમાજ (જ્ઞાતિ, સગાવહાલા, પડોશી) હું એક છોકરી છું. એવો ભેદ ક્યારેય ધ્યાનમાં ન લે. જે સવલતો, નિયમો, સગવડો, માન, કોઈપણ મદદ આપણો સમાજ એક છોકરાને આપે છે તે મને પણ આપે. બસ, એ જ મારી મુખ્ય અપેક્ષા છે.

કોઈપણ વ્યક્તિ ચાહે સ્ત્રી હોય કે પુરુષ પોતાની મહત્વાકાંક્ષા પૂરી કરીને સમાજને કંઈને કંઈક યોગદાન તો જરૂર આપે છે. હું પણ સી.એ. બનીને સમાજમાં મારું ફૂલ નહીં તો ફુલની પાંખડી' સમાન મારું શ્રેષ્ઠ યોગદાન આપવા માગું છું. હું બહુ મોટી કે સારી સારી વાતો કરવા માંગતી નથી પણ હા એટલું જરૂર કે સી.એ. બનીને સમાજને ઉપયોગી થાય તેવા સારા પાસાનો વિકાસ કરી, નીતિના મારગ પર ચાલી મારું યોગદાન આપીશ.

અને, છેલ્લે એક છોકરી હોતા મારા માટે સી.એ. બનવાની મહત્વાકાંક્ષા સાથે એક લગ્નજીવન જેવા અમૂલ્ય પાસા વિચાર માંગી લે છે. મારા માનસમા કારકિર્દીની સફળતાના વિચારની સાથે સાથે મેરેજ લાઈફની સફળતાનો વિચાર પણ આવી રહ્યો છે. હું બંનેને એટલે કે Carrer Life અને Marriage ને સાથોસાથ વણી લેવા માંગું છું એટલે કે હું સી.એ. બનીને પોતાની મહત્વાકાંક્ષા પુરી કરીને સામાજીક યોગદાન અને લગ્નજીવન વિતાવીને કૌટુંબિક જવાબદારીઓ પણ નિભાવવા માંગું છું.

**અને અંતે એટલું જ કહીશ કે,**
**બેટી હૂં મેં બેટી, મેં તારા બનૂંગી.**
**તારા બનૂંગી મેં સહારા બનૂંગી ... બેટી...**
**પઢૂંગી લિખૂંગી મેં મહેનત કરુંગી**
**અપને પાઁવ ચુલકર મેં દુનિયા કો દેખૂંગી**
**દુનિયા કો દેખૂંગી મેં દુનિયા કો સમઝૂંગી .. બેટી..**

## પાંગરતી પ્રતિભા



**નામ : હાર્દિક હસમુખભાઈ બગા**

અભ્યાસ : First Year B.Tech-Electronics & Communication (EC)

હાલ હું DDIT Nadiad મધ્યે અભ્યાસ કરું છું. પ્રથમ વર્ષના પહેલા સેમેસ્ટરની વિગત આ મુજબ છે.

B.Tech EC Branch DDIT - Nadiad
Total Percentage : 61.46%
SPI : 7.132 26.50 Credit SPI
CPI : 71.32 26.50 Credit CPI



**નામ : અભિજીત ભરત બુદ્ધભટ્ટી - ભુજ**

જીવન ચલને કા નામ,
ચલતે રહો સુબહ શામ.

જીવન નૈયા સતત સંસાર સાગરમાં તરતી રહે એના માટે દરેક સુકાનીએ સુકાન બરાબર સંભાળવું જરૂરી છે. આપણે ધારીએ તો ભગવાન પણ મળે છે. પરંતુ એના માટે આપણી શ્રદ્ધા, ખંત અને એને મેળવવાની ઉત્કંઠા હોવી જરૂરી છે.

મેં મારા જીવનમાં એક લક્ષ્ય નક્કી કરેલું છે. પગભર થઈ અને સમાજોપયોગી કાર્યો કરવા. હાલમાં બી.એ.ની ફાઈનલ પરીક્ષા આપી છે. રિઝલ્ટ આવે પછી લો કરવાની ઈચ્છા છે.

હું મારા માતા-પિતા માટે ખૂબ જ પ્રેમ અને આદરની લાગણી અનુભવું છું. એમણે મને ક્યારેય પણ નિરાશ કે હતાશ થવા નથી દીધો. સદાય મને હિંમત આપી છે. તેથી હું આજે ટી.વાય.બી.એ. ની ફાઈનલ પરીક્ષા પણ આપી શક્યો છું.

સમાજમાં સારા નરસા ઘણા અનુભવો થશે, તો હું તેનો હિંમતથી સામનો કરીશ. કારણકે અનુભવ જ માણસની શાળા છે.

મને પુસ્તકો વાંચવા, સંગીત સાંભળવું, વોકીંગ પર જવું, નેટ સર્ફિંગ વગેરે ગમે છે.

મારા રોલમોડેલ સ્વામી વિવેકાનંદ, ગાંધીજી તેમજ શ્રી રજનીશ ઓશો છે. તેમનું સાહિત્ય વાંચવું ખૂબ જ ગમે છે.

જીવનમાં લગાતાર નવું શીખતા રહેવું તેમજ સારું ગ્રહણ કરવું એજ એઈમ સાથે આગળ વધું છું.



**ભાવિક પ્રદિપભાઈ સોની**

હું ધોરણ-૮માં સેંટ ઝેવિયર્સ સ્કૂલ ભણું છું. માર્સલ આર્ટસમાં માસ્ટર બનવાની ઈચ્છા છે. હું મારા પેરેન્ટસને ખૂબ જ પ્રેમ કરું છું. તેઓની ઈચ્છાઓને માન આપું છું. મારા મમ્મી મને જે કહે તેને અનુસરીને જ મારા કાર્યો કરું છું.

ભવિષ્યમાં સમાજ પ્રત્યેની ફરજો અંગે પણ હું ખૂબ જ જાગ્રત છું. કોઈપણ લાલચને વશ થયા વગર શુદ્ધબુદ્ધિથી આગળ વધવાની ધગશ છે.



**Monika Kishor Soni**

(Gandhidham - Kutch)

MBA (Finance) Year 2011-13

Talani Institute of Management Studies - Adipur



**યોગેશ એચ. બુદ્ધભટ્ટી-રાજકોટ**

M. Com. - 45%

CCC - 64%



**કુ. હિનલ અશોકભાઈ બુદ્ધભટ્ટી**

ધો. ૮ (અંગ્રેજી માધ્યમ)

A2 - 90%



**વત્સલ અશોકભાઈ બુદ્ધભટ્ટી**

ધો. ૫ (અંગ્રેજી માધ્યમ)

94.10%



**કુ. ભક્તિ ઠાકરશીભાઈ (દિનેશભાઈ)** કટ્ટા (સોની) - નખત્રાણા ડોક્ટરની પદવી પ્રાપ્ત કરી વાગોડીયા સુમનદિપ મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ની ડીગ્રી પ્રાપ્ત કરી તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજ પરિવારનું ગૌરવ વધારો તેવા આશીષ.

**શુભેચ્છક :** પ્રવિણાબેન ઠાકરશી (દિનેશભાઈ) સોની તેમજ હોટલ નરનારાયણ રેસ્ટોરન્ટ સ્ટાફ પરિવાર-નખત્રાણા

## જ્ઞાતિસેતુને SMS કરો અને ઈનામ જીતો

જ્ઞાતિસેતુના ગ્રાહકો (Subscriber) ના મોબાઈલ નંબર રજીસ્ટર્ડ કરાવવા અત્યંત જરૂરી છે. આપના મોબાઈલ નંબર રજીસ્ટર્ડ કરવા માટે એક નૂતન ક્વિઝનું આયોજન કરવામાં આવેલ છે.

- નીચેના સવાલનો જવાબ આપના મોબાઈલ નંબર દ્વારા માત્ર SMS થી આપવાનો રહેશે અને તે મોબાઈલ નંબર અમારી પાસે રજીસ્ટર્ડ થશે.
- **સવાલ :** ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન કોણ હતા ?

  (A) શ્રીમતી પ્રતિભા પાટીલ (B) શ્રીમતી ઈન્દિરા ગાંધી

  (C) શ્રીમતી શીલા દિક્ષીત (D) શ્રીમતી સોનિયા ગાંધી
- આપના જવાબ જ્ઞાતિસેતુના મોબાઈલ નંબર ૯૪૨૭૩૫૪૩૪૩ ઉપર SMS દ્વારા જ મોકલવો.
- આપના જવાબ નીચે મુજબ હોવો જરૂરી છે.

  <Subscriber No.>, <ગ્રાહકનું નામ>, <ગામનું નામ>, < A or B or C or D>
- આપનો Subscriber No. જ્ઞાતિસેતુના પ્લાસ્ટીક કવર ઉપર લગાવેલ એડ્રેસ સ્ટીકર પર આપવામાં આવેલ છે.
- આપનો SMS છેલ્લામાં છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૩ સુધી મોકલવાનો રહેશે.

**સવાલના સાચા જવાબ આપનાર પૈકી ભાગ્યશાળી વિજેતાને જ્ઞાતિસેતુ તરફથી રૂ. ૫૦૧/- ઈનામ આપવામાં આવશે.**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - યુવક મંડળ-ભુજ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - યુવક મંડળની સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ. જેમાં ટર્મ પુરી થતા ફરી ૨૦૧૩-૨૦૧૬ માટેની પ્રમુખશ્રી તેમજ તેમની કારોબારીની નવી રચના કરવામાં આવી. જેમાં ૧૮ સભ્યો કારોબારી માટે નિયુક્ત કરવામાં આવ્યા. યુવકમંડળના પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારો



**અનિલ છત્રાડા**
પ્રમુખ



**સંજય બુદ્ધભટ્ટી**
ઉપપ્રમુખ



**રાહુલ ચનાણી**
મંત્રી



**મહેશભાઈ ગુજરાતી**
સહમંત્રી



**ગીરીશ સોલંકી**
ખજાનચી



**અશોક બુદ્ધભટ્ટી**
સહખજાનચી

# DREAM BIG

**ચંદાબેન બુદ્ધભટ્ટી**

અહીં અમેરિકાથી ચંદાબેન બુદ્ધભટ્ટીએ અંગ્રેજીમાં લખી મોકલાવેલ સ્ત્રીશક્તિ વિશેષાંક માટેનો લેખ .... પ્રસ્તુત છે. તેમને પાયલોટ બનતાં પડેલ મુશ્કેલીના બયાંન સાથે તેઓએ આ લેખમાં કરેલ સૂચનો આપણા સમાજની યુવતીઓને પ્રેરક બની રહેશે. લેખની શરૂઆતમાં તેઓ કહે છે કે ‘હું કંસારા સોની સમાજમાંથી આવું છું તેનો મને ગર્વ છે.’ અને આગળ તેઓ આપણા સમાજની બહેનો વિશે લખે છે કે ‘ખાસ કરીને સ્ત્રીઓને પોતાનું સ્થાન એક ઘરરખ્ખુ ગૃહિણી તરીકે જાળવી રાખેલ છે.’ આજે જ્યારે દરેક ક્ષેત્રે સ્ત્રી, પુરુષ સમોવળી બની રહેલ છે ત્યારે તેઓ આપણા સમાજની બહેનોને, ખાસ કરીને યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં આગળ આવવા માટે સૂચન કરતા પ્રશ્ન કરે છે કે ‘આવા ક્ષેત્રોમાં, અત્યાર સુધીમાં આપણા સમાજની બહેનો કેમ ઓછી છે ? મારો તેમને સવાલ છે કે તમે સાહસિક વૃત્તિ કેળવી નીડર, નિર્ભય બની કંઈક પડકારરૂપ કામ સ્વીકારવા માટે સ્વપ્ન સેવો છો ??’

તેઓ પોતાની વાત સહજતાથી આગળ વધારતા કહે છે કે તેમનો ઉછેર તેમના પિતા કેપ્ટન જાદવજીભાઈએ એક છોકરાની જેમ જ કરેલ. તેઓ તેમના બંને ભાઈઓની સાથે ગિલ્લી દંડા અને ફૂટબોલ રમતોથી કરીને સ્વીમીંગ અને ઘોડેસવારી સુધીની કસરતો કરેલ અને જ્યારે નાની ઉંમરમાં તેમણે પોતાના ઘર ઉપરથી વિમાન ઉડતા જોયેલ ત્યારે રોમાંચીત થઈ ઉઠેલ અને પિતાજીને પૂછેલ કે હું વિમાન ઉડાડી શકું... અને તેમણે હા પાડતા તેમને માટે તે પળ વિમાન ઉડાડવા માટેના સ્વપ્નનાની શરૂઆત કરી... **(તુલસીદાસ કંસારા)**

I am pround for I belong to Kansara / Soni community, our community is hard working. People are kind and humble. Many of them still have their traditional business.

The mind set do not dream of going in different fields. Our women by and large maitained their place as house wives. A few young women have gone forward to become teachers or proffesor or jobs.

My question to them is.... do you dream of becoming a daring woman ?? To take up something challenging ??

Well I did it....but my environment was different. I was brought up amongst my brothers and cousins.

My father Capt. Jadavji Budhabhatti treated me like a son and so I did everything my two brothers did. ..play football, cricket. Gilli danda, cycling, swimming, horse back riding etc. And when I saw airplane flying over our bungalow in Bhuj, I was fascinated and asked my father if I could become a pilot and he said "YES". That was the begining of my dreams.

It was not easy as I lost my father and I came under my mother's wings, who was God fearing typical hindu kansara woman. To convince her was not easy ..two days not eating convinced her to let me fly. So I joined the Bombay Flying Club. That was not easy either as No member wanted a girl student pilot and made it very tough for me. Anyway, it's a history. I kept on taking up challenges, working hard and proving to myself that I can do it got me where I am today.

It is a challenge to your own target and goals you set. You don't have to satisfy anyone but yourself.

In short, if you really dream of becoming somebody and take up challenges, YOU CAN DO IT. Life is much more different now than 50 years ago.

Parents have learned to accept girls wishes. BUT it is up to you to make your life as you want, with blessing of your parents.

DREAM of becoming somebody and work hard and don't let your dream run away from you. Nothing comes easy but I know, it can be done.

Just to be on safe side take two options incase one fails, you can jump to other choice.

"DREAM BIG" and prove it to-yourself that YOU can be anything you want... Proffessor, teacher, doctor, engineer, advocate, business woman, pilots... whatever...Make your dream come true. So the life is open for you to choose what YOU want to do. YOUR CHOICE.

Happy landings, as we say in aviation parlance!

Chanda

મહિલા સશક્તિકરણ

## સફળતાના શિખર 'સર' કરનારી નારી

શ્રીમતી બીના સમીર કંસારા-ભુજ

- ભારતની પ્રથમ મહિલા રેલ્વે ડ્રાઈવર - સુરેખા શંકર યાદવ
- ભારતની પ્રથમ મહિલા તબલા માસ્ટ્રો - ડો. અબાન મિસ્ત્રી
- ભારતની પ્રથમ માન્ય બિલિયન નાગરિક - આસ્થા
- ભારતની પ્રથમ મહિલા એરબસ પાયલટ - દુરબા બેનરજી
- જનરલ રાજ્યસભાના પ્રથમ મહિલા - વિ.સં.રમા દેવી
- Magsasay એવોર્ડ જીતી પ્રથમ મહિલા - કિરણ બેદી
- ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર એમણે કુલ ૧૦૦ વિકેટ લીધી - ડાયના ઈડલજી
- પ્રથમ ભારતીય ઈન્ડિયન એર ફોર્સ - નિતા ઘોષ
- ૧૮૮૮માં MBBS નો તબિબિ અભ્યાસ પૂર્ણ કરનાર પ્રથમ મહિલા - કાદમ્બીનિ ગાંગુલી બોસ
- પ્રથમ મહિલા ચીફ એન્જીનીયર - પી.કે. Tresia Nanguli
- પ્રથમ મહિલા એન્ટાકર્ટિકામાં ૧૯૭૬ - મેહર મુસ
- પ્રથમ મહિલા ફોરેન મિનિસ્ટર - લક્ષ્મી એન. મેનન
- ડેક્કન એરવેઝની પ્રથમ મહિલા વિમાનચાલક - પ્રેમા માથુર
- પ્રથમ મહિલા 'સાથિયા' એવોર્ડ વિજેતા - અમ્રતા પ્રીતમ
- પ્રથમ મહિલા પ્રમુખ ભારતીય વિજ્ઞાન ક્ષેત્રે - ડો. અશીમા
- મુંબઈ હાઈકોર્ટની પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ - સુજાતા બી. મનોહર
- પ્રથમ ભારતીય મહિલા એડવોકેટ - રેગિના ગુહા
- પ્રથમ ભારતીય મહિલા બેરિસ્ટર - કોમીટા સોરાબજી
- પ્રથમ ચેરમેન બેન્ક મહિલા - તેરજાની વકીલ
- નેશનલ વુમન કમિશનની ચેરપરસન - શ્રીમતી જયંતિ પટનાયક
- પ્રથમ એશિયાઈ ગોલ્ડ મેડલ જીતનાર - કમલજી સંધુ
- રાજ્ય વિધાનસભાની પ્રથમ મહિલા સ્પીકર - શ્રીમતી શાનો દેવી
- ભારતીય સિનેમાની પ્રથમ મહિલા એક્ટ્રેસ - દેવિકા રાની
- ભારતની પ્રથમ ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ - સીતા વરથાંમબલ અને ભરંગાથાંબલ
- પ્રથમ ભારતીય દૂરદર્શન રીડર - પ્રતિમા પુરી
- ઓલિમ્પિક ગેમ્સ સુધી પહોંચનાર પ્રથમ મહિલા - સીની અબ્રાહમ
- પ્રથમ ભારતીય આઈએએસ ઓફિસર - અન્ના ગોરેજ
- દિલ્હી યુનિવર્સીટી મહિલા સ્ટુડન્ટ યુનિયન પ્રથમ અધ્યક્ષ - અંજુ સચદેવા
- ૧૯૬૨માં રાજ્યસભાની પ્રથમ મહિલા અધ્યક્ષ - વાયોલેટ આલ્વા
- દિલ્હી પ્રથમ મેયર - અરૂણા અશફ અલી
- દિલ્હી પ્રથમ મહિલા મુખ્ય સચિવ - શૈલજા ચંદ્રા
- ઈગ્લીશ ચેનલની ઝડપી ટાપુવાસી - અનિતા સુદ
- યુનાઈટેડ કિંગડમની પ્રથમ ભારતીય મહિલા મેજીસ્ટ્રેટ - કંનથા
- પ્રથમ ભારતીય મહિલા કોંગ્રેસ પ્રમુખ - સરોજિની નાયડુ
- પ્રથમ ભારતીય મિસ યુનિવર્સ - સુસ્મિતા સેન
- ઓલિમ્પિક ચંદ્રક જીતનાર પ્રથમ મહિલા - કમન મલેશ્વરી
- પ્રથમ મિસ યુનિવર્સ નવા મિલેનીયમમાં - લારા દત્તા
- ભારતની પ્રથમ મહિલા એમ્બેસેડર - વિજયા લક્ષ્મી પંડિત
- પ્રથમ મહિલા કેન્દ્રીય મંત્રી - રાજકુમારી અમૃત કૌર
- પ્રથમ મહિલા જે ફિલ્મ સ્ટાર હતી તે રાજ્યસભાની સભ્ય બની - નરગીસ દત્ત
- ભારતની પ્રથમ ન્યાયિક મહિલા અધિકારી - અન્ના ચંડી
- ભારતની ગ્રાન્ડ મા મેડોના - આશા ભોંસલે
- ભારતની પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબી - કૃતિ પારેખ
- પ્રથમ મહિલા સર્જન - ડો. પ્રેમા મુખરજી

મહિલા સશક્તિકરણ

## જનસંપર્ક ક્ષેત્રે - શિક્ષિત સન્નારીઓ માટે સન્માનપાત્ર અને શાનદાર કારકીર્દિ

ડો. મૃદુલા પરમાર - વડોદરા

આ વાત છે, બેંગ્લોર સ્થિત પબ્લીક રીલેશન અને ડિઝાઈનીંગ કંપની 'MINDWOKSZ' ની પ્રોપ્રાયટર શ્રીમતી કાજલ કિરણ બુદ્ધભટ્ટીની. કાજલના પતિ શ્રી કિરણ શીવલાલ બુદ્ધભટ્ટી માસ મિડીયા મેનેજમેન્ટ એક્ષપર્ટ છે અને બેંગ્લોર સ્થિત ShowBiz Experimental Communicationના ક્રીએટીવ ડાયરેક્ટરમાં છે. મહિલા સશક્તિકરણની એક આવશ્યકતા શિક્ષણની અને બીજી આવશ્યકતા સ્વ-નિર્ભર રહી શકાય તેવા વ્યવસાયની હોય છે. પબ્લીક રિલેશન્સ મહિલાઓ માટે અનુકુળ અને પ્રગતિશીલ વ્યવસાય છે. કાજલ એની વાત કરતા કહે છે કે, સ્પર્ધાત્મક માર્કેટમાં પ્રોડક્ટ કે સર્વિસ આપતા કોઈ પણ બિઝનેસ માટે પબ્લીક રિલેશન્સ ખૂબ જ આવશ્યક છે.

કાજલ છેલ્લા દસ વર્ષથી આ વ્યવસાયમાં સક્રિય છે. એને આ વ્યવસાય એને ગળથૂથીમાં મળ્યો છે. કાજલના પિતા મનહરભાઈ ગઢિયા, ફિલ્મ નગરી મુંબઈની એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં જાણીતા પબ્લીક રિલેશન્સ એક્સપર્ટ છે. કાજલે વિલે પારલે મુંબઈની મીઠીબાઈ કોલેજમાં કોમર્સનો અભ્યાસ કરી એના પિતાના વ્યવસાયમાં ધ્યાન આપવા લાગી. INTEL નો વિઝ્યુઅલ આર્ટસ અને ગ્રાફીક્સનો કોર્સ પછી સેન્ટ ઝેવિયર્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેશનનો છ માસનો ડીજીટલ પ્રી-પ્રેસ કોર્સ કર્યો તેમજ એડવર્ટાઈઝીંગ અને ક્રિએટીવીટીનો વર્કશોપ્સમાં ભાગ લીધો હતો. ૨૦૦૬માં એણે એની પોતાની 'MINDWOKSZ' ફર્મ શરૂ કરી છે.

# કૌટુંબિક હિંસાથી મહિલાઓનું રક્ષણ અધિનિયમ-૨૦૦૫

શિલ્પા હરીલાલ ગુજરાતી-એડવોકેટ-ભુજ

**પ્રસ્તાવના :** ૧૯૯૪ની વિયેના સમજૂતી તથા બૈજીંગ સંમેલનમાં સ્વીકારાયું છે કે કૌટુંબિક હિંસા એ માનવ અધિકારનો મુદ્દો છે. આથી દેશોમાં મહિલાઓની પરિવારમાં થતી કોઈ પણ પ્રકારની હિંસા સામે સુરક્ષા પુરી પાડવી જરૂરી છે. ભારતમાં કૌટુંબિક ઘટનાઓ વ્યાપક રીતે પ્રવર્તે છે. પરંતુ જાહેર રીતે દેખાતી નથી. દિવાની અને ફોજદારી કાયદાઓમાં આ પ્રકારના ગુનાઓ સંપૂર્ણપણે હલ થતા નથી. મહિલાઓને કૌટુંબિક હિંસાનો ભોગ બનતી અટકાવવા તથા સમાજમાં કૌટુંબિક હિંસા ન થાય તે માટે મહિલાની સુરક્ષાને ધ્યાનમાં લઈ કૌટુંબિક હિસાતી મહિલાઓનું રક્ષણ અધિનિયમ-૨૦૦૫નો ખરડો સંસદમાં દાખલ કરવામાં આવ્યો.

**વ્યાખ્યા :** બંધારણ હેઠળ બાંહેધરી અપાયેલ મહિલાઓના અધિકારોનું વધારે અસરકારક રક્ષણ પુરું પાડવાનો અધિનિયમ :

**(૧) ભોગ બનેલ વ્યક્તિ -** એટલે કોઈ પણ મહિલા જે હિંસાખોર સાથે કૌટુંબિક સંબંધમાં છે જે હિંસાખોર દ્વારા કૌટુંબિક હિંસાના ભોગ બનેલ હોવાનો આરોપ મુકે છે.

**(૨) કૌટુંબિક સંબંધ -** એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ કે જેઓ સાથે રહે છે અથવા અમુક ચોક્કસ સમયે, હિસ્સા પાડેલ ઘરબારમાં સાથે રહેતા હોય છે ત્યારે તેઓ લોહીની સગાઈ, લગ્નથી અથવા લગ્ન, દત્તક પ્રકારના સંબંધથી સંબંધિત હોય અથવા સંયુક્ત કુટુંબની જેમ સાથે રહેતા કુંટુબના સભ્ય હોય.

**(3) ન્યાયાધીશ -** એટલે પ્રથમ વર્ગના ન્યાયીક ન્યાયાધીશ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કે જ્યાં ભોગ બનેલ વ્યક્તિ કામ ચલાઉ પણે રહેતી હોય અથવા બીજી રીતે હિંસાખોર જ્યાં રહેતો હોય, અથવા કૌટુંબિક હિંસા થયેલ હોવાનું મનાવવામાં આવે, હકુમત વાપરતો હોય છે.

**કોણ અરજી કરી શકે ?**

ઘરેલું હિંસાના કાયદા પ્રમાણે કોઈ પણ મહિલા લોહી સંબંધ, લગ્નથી અથવા લગ્ન, દત્તક પ્રકારના સંબંધથી હિંસાખોર સાથે સંબંધીત હોય અથવા સંયુક્ત કુટુંબની જેમ સાથે રહેતા કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેવી બહેનો, વિધવાઓ, માતાઓ, અપરિણિત મહિલાઓ આ કાયદા હેઠળ ફરિયાદ કરી શકે છે. પુરુષ આ કાયદાનો લાભ મેળવી શકતો નથી.

આ કાયદા હેઠળ મહિલા ઉપર ઘરના સભ્યો તથા ઘરેલુ સંબંધ ધરાવતી વ્યક્તિ દ્વારા થતી શારીરિક હિંસા, માનસિક હિંસા, શાબ્દિક હિંસા અને આર્થિક હિંસાનો સમાવેશ થાય છે. મહિલા કે તેના સગાસંબંધી પાસે ગેરકાયદેસર દહેજની માંગણી કરી ત્રાસ આપવાનો પણ આમાં સમાવેશ થાય છે.

આ કાયદાનુસાર કોર્ટે નીચે મુજબ ના હુકમ પીડિતાને કરી શકશે.

(૧) રહેઠાણનો હુકમ (૨) ભરણપોષણનો હુકમ (૩) બાળકની કસ્ટડીનો હુકમ (૪) વળતરનો હુકમ (૫) વચગાળાનો હુકમ

ફરિયાદ દાખલ થયે બંને પક્ષની વાત સાંભળી કોર્ટને પ્રથમ દ્રષ્ટિએ એવી ખાતરી થાય કે ઘરેલુ હિંસા થઈ છે અથવા થવાની સંભાવના છે, તો કોર્ટ મહિલાની તરફેણમાં રક્ષણનો હુકમ કરી રાહત આપી શકે છે.

આ કાયદામાં મહિલાને સુરક્ષીત રહેઠાણ મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે. મહિલા પર જ્યારે પણ હિંસા સહન કરવાની આવે છે ત્યારે તેને સાસરીયામાંથી બહાર કાઢી મુકવામાં આવતી હોય છે ત્યારે કોર્ટ આ કાયદાનુસાર મહિલા જ્યાં રહેતી હોય ત્યાં રહેવા માટેનો રક્ષણ હુકમ કરી શકે. બંને પક્ષની દલીલ સાંભળી કોર્ટ મહિલા કે તેના બાળક માટે માસિક ભરણપોષણ આપવા માટે ભરણ પોષણનો હુકમ પણ કરી શકે છે. કોર્ટ કેસની સુનાવણી ના કોઈ તબક્કે મહિલાને બાળકની કસ્ટડીનો હુકમ પણ કરી શકે છે. કોર્ટ ઘરેલુ હિંસાને કારણે થતા માનસિક ત્રાસ અને ઈજા માટે વળતર અને નુકશાનની ભરપાઈ કરવા વળતરનો હુકમ કરી શકે છે.

દેશ નહિ આ તારો હંસા ! દેશ નહિ આ તારો.
ભોગી લોભી કપટ ભરેલા, અહીંયા બગલાની હારો,
નીર-ક્ષીરના ભેદ તું જાણે, નહીં મળે મોતીનો ચારો. હંસા...
માનસ-સરના અમૃત વારિ, અમર થાય પીનારો,
તું ના બાપુ અહીં ભરમાતો, આ તો સાગર ખારો .. હંસા...
સ્થાન તારું દૂર રહ્યું બહુ, તું સોહંન રટનારી,
સીધે સીધો ઊડી તું જજે, વચ્ચેના કરતો ઉતારો .. હંસા...
**– સોની મોહિની એલ. - નખત્રાણા**

## હાર્દિક અભિનંદન



**સુશ્રી રોહીણીબેન બુદ્ધભટ્ટી-ભુજ** ડીઝાસ્ટર મેનેજમેન્ટના સર્ટીફીકેટ કોર્સમાં ૭૭.૫% માર્કસ મેળવી ડિસ્ટીકશન સાથે ઉત્તીર્ણ થયા તે બદલ. જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી એમને હાર્દિક અભિનંદન.

## મેરીડ વુમન પ્રોપર્ટી (MWLP) વિધવા સ્ત્રીઓનો હક્ક

પ્રસાદ કોના નામે એક નાનો ઉદ્યોગપતિ વિજયવાડામાં રહેતો હતો. પ્રસાદ કોના ડેકોરેટીવ પેઈન્ટ, ફાર્માસ્યુટીકલ અને બાંધકામનો વ્યવસાય માત્ર ૪૦ વર્ષની વયે અચાનક તેનું મૃત્યુ થયું. પ્રસાદ કોનાનો પરિચયમાં પત્ની અને બે બાળકો હતો..

પ્રસાદનો કારોબાર ખૂબ જ મોટો હતો. તેની હયાતીમાં તેની પત્ની તેના ધંધામાં કોણ કોણ ભાગીદાર છે અને તેની સાથેના તેના નાણાંકીય વ્યવહારો કેવા છે બેંકોમાંથી કેટલું કરજ લીધું છે કેટલું ભરપાઈ થઈ ગયું છે અને કેટલું બાકી છે. આ બધી બાબતો વિષે તદ્દન અજાણ હતી.

પ્રસાદના મૃત્યુના એક મહિના પછી ધીરે ધીરે બેંકવાળા અને અન્ય ભાગીદારો આવતા ગયા. તેમની વાતોથી પ્રસાદની પત્ની મૂંઝાઈ ગઈ. તેણે એક ઓળખીતા વકીલની સલાહથી બધા દાવાઓની પતાવટ કરવાનું નક્કી કર્યું. સહુથી મોટું કરજ બેંકનું હતું. ધીમે ધીમે કારખાનું અને માલસામાન પાણીને મૂલે વેંચાતા ગયા. નાણાં બેંકમાં જમા થતાં ગયા. પ્રસાદની પત્નીને લાગ્યું કે જો આમને આમ ચાલશે તો તે બિલકુલ કંગાળ થઈ જશે.

એક દિવસ તેના હાથમાં તેના પતિની એક ઘણી મોટી રકમની વીમાની પોલીસી આવી. તે લઈને તે પોતાના વકીલ પાસે ગઈ. વકીલે વીમા કંપનીનો સંપર્ક કર્યો. વીમા કંપનીએ નાણાંની ચૂકવણીની તૈયારી બતાવી. બેંકે કોર્ટમાંથી સ્ટે મેળવ્યો અને બેંકનું બાકીના કરજના ચૂકવણા પેટે વિમાની રકમ બેંકમાં જમા થાય. પ્રસાદના વકીલ આવા બીજા ઘણા કેસ રીફર કર્યા આવા પ્રકારના બધા જ કેસમાં ચુકાદાઓ બેંકની તરફેણમાં જ ગયા હતા.

દરમ્યાનમાં વકીલ ધ્યાન પર આવ્યું કે આ પોલીસી MWP Act નીચે લેવામાં આવી છે. આ લીધેલી પોલીસી ઉપર બેન્કનો હક દાવો લાગી શકે નહિ. તેણે આ મુદ્દો કોર્ટમાં પ્રસ્તુત કર્યો. ચુકાદો પ્રસાદની પત્નીની તરફેણમાં આવ્યો, એટલે કે વિમાની આ રકમ બેંક કોઈ હક્ક કરી શકે નહિં તેવો ચુકાદો આવ્યો.

MWP Act એટલે 'મેરીડ વુમન્સ પ્રોપર્ટી' પરણિત સ્ત્રીની સંપત્તિ. તેને સાદી લોકભાષામાં 'સ્ત્રી ધન' પણ કહે છે. જો પતિ દેવું મૂકીને મૃત્યુ પામે તો પતિની જે મિલકત હોય તેમાંથી જ દેવું ચૂકવવા માટે પત્નીને બાધ્ય કરી શકાય. પત્નીની મિલકત તે માટે ટાંચમાં લઈ શકાય નહિ.

આ કિસ્સો આપણને શીખ આપે છે કે જ્યારે આપણે વીમો ઉતરાવીએ કે બેંકમાં ફીક્સ ડીપોઝીટ કરાવીએ કે અન્ય નાણાંકીય રોકાણ કરીએ ત્યારે તેમાં આ નાણાં MWP છે. તે દર્શાવવાનું ન ચૂકીએ, અકસ્માતે ઘટતી કરુણ ઘટનાઓ બને ત્યારે પતિના અવસાન બાદ, 'સ્ત્રીધન' ગણાતી મિલકત પતિના 'કરજ' ના ચૂકવણા માટે પત્નીને એનું 'સ્ત્રીધન' ગુમાવવું ન પડે.

વીમો લેતી વખતે કંપનીના ફોર્મમાં જ આ અંગેની વિગત ભરવાની હોય છે. વિમા અથવા તે માટે અલગથી ફોર્મ ભરવાનું હોય છે. વીમા કંપનીઓ એવી પણ સવલત આપે છે કે, આ MWP એક કરતાં વધારે પુખ્ત વયની વ્યક્તિને પણ આપી શકાય. જેમાં ૧૮ વર્ષ કરતાં મોટી ઉંમરના દિકરા કે દિકરીનો પણ સમાવેશ થઈ શકે. ધારો કે કોઈ વ્યક્તિને એક દિકરો અને એક દિકરી ૧૮ વર્ષ કરતા મોટા છે, તો તે પત્નીને ૫૦ ટકા અને બંને બાળકોને ૨૫-૨૫ ટકા રકમ પણ દર્શાવી શકે છે. પત્ની થોડી ઓછી સમજદાર હોય અથવા અન્ય કોઈ કારણસર, કોઈ ત્રીજ જ ભરોસા પાત્ર વ્યક્તિને પણ MWP ના નાણાંના વહીવટદાર નીમી શકાય છે. પોતાની હયાતી દરમ્યાન એમાં નામો ઉમેરી કે કમી કરવાની પણ જોગવાઈ છે. નાણાં હિસ્સેદારીની ટકાવારીમાં પણ વધઘટ કરી શકાય છે. ***(સૌજન્ય : 'ટાઈમ ઓફ કંસારા સમાજ સામયિકમાં પ્રકાશીત શ્રી ભરતભાઈના લેખનો સંક્ષેપ) સાભાર***

## હીરા ક્ષેત્રે મહિલાઓ

તાજેતરમાં અમદાવાદમાં માત્ર મહિલાઓથી ચાલતી પ્રથમ ડાયમંડ ફેક્ટરી કાર્યરત છે. રિયો ટિન્ટો ડાયમંડ કંપનીએ ગુજરાતમાં અમદાવાદ અને ભાવનગર ખાતે મહિલા રોજગારીને વેગ આપવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે. આમાં મહિલાઓની સ્કિલ વધારવાના અને સુરક્ષાના પગલાંથી વાકેફ કરવામાં આવે છે. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં તેજાભાઈ એન. રબારી કંપનીમાં હાલે આશરે ૮૦ મહિલાઓ સક્રિય છે આગામી ૩ વર્ષમાં આ કંપનીમાં મહિલ કર્મચારીઓની ૩૦૦ સુધી થશે તેવો કંપનીનો અંદાજ છે. શરૂઆતમાં મહિલાઓને ત્રણ મહિનાની ટ્રેનિંગ આપ્યા પછી તેમની નિપુણતાને આધારે પૈસા આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં મહિલા કર્મચારીઓની સંખ્યામાં ૨૦ ટકાની વૃદ્ધિ થઈ છે. અને જ્વલેર્સ રિટેલ સ્ટોરમાં ૫૦ ટકાની વૃદ્ધિ થઈ હોવાનો અંદાજ છે.

**આઈટી, ફાર્મા ક્ષેત્રે વધુ મહિલા રોજગારી :** મહિલાઓ માટે સૌથી વધુ રોજગારી સર્જતી ઈન્ડસ્ટ્રીઝ હાલ ટેલિકોમ, આઈટી, એજ્યુકેશન, ફાર્મા, એવિએશન મિડીયા ગણવામાં આવે છે. ડાયમંડ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી શ્રમલક્ષી હોવાથી અત્યાર સુધી ત્યાં હાજરી ઓછી હતી. ટેક્સટાઈલમાં રેડિમેડ ગારમેન્ટ ઉત્પાદનમાં પણ મહિલાઓની સંખ્યા વધતી જાય છે. જ્વેલર્સના રિટેલ શો રૂમ વિસ્તરતા તેમાં પણ નવી રોજગારીની તક સર્જાય છે. - કેર રિસર્ચ (સૌજન્ય : દિવ્યભાસ્કરમાં પ્રકાશીત સમાચારનો સંક્ષેપ)

# વરિષ્ઠ નાગરિકોના અધિકારો : કાનુની શિબિરનું આયોજન

– સુધાબેન બુદ્ધભટ્ટી



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ અને જાયન્ટસ ગ્રુપ ઓફ સાહેલીના સંયુક્ત ઉપક્રમે મહિલા દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળ ભુજના માર્ગદર્શન હેઠળ કચ્છ જીલ્લા કાનુની સેવા સત્તામંડળના સહયોગથી વરિષ્ઠ નાગરિકોના અધિકારો સમજાવતી કાનુની શિબિરનું આયોજન કરવામાં આવેલ.

નવી દિલ્લીમાં તાજેતરમાં કરાયેલા એક સર્વેમાં જાણવા મળેલ કે ભારતીય પુત્રો અને પુત્રવધુઓ તેમના વૃદ્ધ માતા-પિતાનું ભરણપોષણ કરતા નથી. આ સર્વેમાં ૨૦ શહેરોમાં ૫૫૦૦ વરિષ્ઠ નાગરિકોને આવરી લેવામાં આવ્યા હતા. સર્વેમાં જણાવ્યું હતું કે દર ત્રણમાંથી એક વૃદ્ધ એટલે કે ૩૨% વરિષ્ઠ નાગરિકાની સારસંભાળ લેવામાં આવતી નથી. ૫૬% પુત્રો અને ૨૩% પુત્રવધુઓ તેમના વડીલોને રાખતા નથી. આ વડીલોને કાયદાકીય સહાય કેવી રીતે મળી શકે તેના માર્ગદર્શન માટે 'મેન્ટેનસ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ ૨૦૦૭' એ વિષય પર યોજાયેલ શિબિરને મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી. વકીલ શ્રી સતિષભાઈ બુદ્ધભટ્ટીએ ઉપરોક્ત એક્ટ ૨૦૦૭ વિશે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું. આ કાયદાથી વરિષ્ઠ નાગરિકો પોતાના સંતાનો પાસેથી ભરણપોષણ મેળવી શકે છે. પોતાના સંતાનો ઉપરાંત તેઓ પોતાના સગાસંબંધીઓ પાસેથી પણ ભરણપોષણ મેળવવાને હક્કદાર છે. એડવોકેટ આઈ. એચ. સોલંકીએ સમાજમાં વધતા જતા વૃદ્ધાશ્રમો વિષે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે આપણા સમાજમાં સંયુક્ત કુટુંબની પ્રથા તૂટી રહી છે અને વિભક્ત કુટુંબ પ્રથાને કારણે ઢળતી ઉંમરે વડીલોની ઉપેક્ષા કરવામાં આવે છે. તેમનું યોગ્ય ભરણપોષણ થતું નથી.

વરિષ્ઠ નાગરિકો કાનુની સેવા અધિનિયમ ૧૯૮૭ની કલમ ૧૨ મુજબ વિના મૂલ્યે કાનુની સેવા મેળવવા હક્કદાર બને છે. અને કોઈપણ વ્યક્તિ આ કાર્ય માટે જિલ્લા કાનુની સેવા સત્તામંડળનો સંપર્ક કરી શકે છે. વકીલ શિલ્પાબેન ગુજરાતીએ મીડીયેશન સેન્ટર વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે મીડીયેશન દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે જે ખર્ચરહિત છે. આ પ્રક્રિયા કેસોના ઝંઝટોથી મુક્ત છે અને સાથે સાથે કોર્ટોના વધતા જતા ભારણને ઓછું કરવામાં પણ મદદ કરે છે. શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ એ કહ્યું કે ગુજરાતીએ પોતાના વક્તવ્યમાં વડીલોને હૂંફ અને પ્રેમ અને માન સન્માન સાથે ભરણપોષણ  આપવું જોઈએ. વડીલો પાસેના અનુભવના ભાથાથી આપણે ઘણું મેળવી શકીએ. વડીલોને ઘરડાઘરમાં નહીં પણ આપણા હૃદયમાં સ્થાન આપવું જોઈએ. સમાજના અગ્રણી શ્રી પી. જી. (દાસ) સોનીએ વરિષ્ઠ નાગરિકો માટેની કાનૂની શિબિરમાં સ્તુત્ય પગલાને આવકાર્યો હતો અને સમાજમાં આ કાનૂનથી વૃદ્ધોને ભરણપોષણ મળશે તો વૃદ્ધાશ્રમમાં આવતા વૃદ્ધોની સંખ્યામાં ઘટાડો થશે.

જાયન્ટ ગ્રુપ ઓફ સાહેલીના પ્રમુખ શ્રીમતી મીનાબેને મહિલા દિવસ વિશે માહિતી આપી વડીલોને મદદરૂપ થવા પર ભાર મૂક્યો હતો અને જરૂરતમંદોને કાયદાકીય રીતે સહાયત મળી રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શ્રી મારૂ કંસારા મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન આઈ. સોલંકીએ શિબિરનો ઉપસ્થિત વરિષ્ઠ નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે આપણી ભારતીય સંસ્કૃતિમાં 'માતૃદેવો ભવઃ, પિતૃદેવો ભવઃ' ની જણાવેલી ભાવનાને આપણે આપણી દીકરીઓમાં રોપિયે અને ઉછેરીએ જેથી તે તેના સાસરિયામાં પણ વડીલોને માન સન્માન આપી તેમના ગૌરવભર્યા જીવનને આનંદમય બનાવે. સામા પક્ષે સાસરિયા પક્ષે પણ પુત્રવધુને દીકરીની જેમ પ્રેમ અને હૂંફ આપે તો આવા કોઈ પ્રશ્નો ઉદ્ભવે જ નહી અને જો ઉદ્ભવે તો કાનૂની સેવા સત્તા મંડળ અને મિડીએશન સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ. જ્યાં તેઓને સહાયતા મળી રહે અથવા જો કોઈ વરિષ્ઠ નાગરિક મહિલા મંડળનો સંપર્ક કરશે તો મંડળ તેને જરૂર મદદરૂપ થશે.

કાનુની શિબિરમાં વકીલ હેતાબેન એસ. બુદ્ધભટ્ટી, હિનાબેન ધોળકિયા હાજર રહ્યા હતા. બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકોએ આ શિબિરનો લાભ લીધો હતો. અરૂણા એન. બુદ્ધભટ્ટી અને ઈંદિરાબેન વાય સોલંકીએ પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સંચાલન સુધાબેન એ. બુદ્ધભટ્ટીએ કર્યું હતું. મહિલામંડળના કારોબારી સભ્યો અને સાહેલી ગ્રુપના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

# વાનગી સ્પર્ધા

રોહીણી બી. બુદ્ધભટ્ટી



શ્રી મારૂં કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ દ્વારા આયોજીત તા. ૯-૪-૨૦૧૩ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે લગ્નવાડી મધ્યે સ્વીટ એન્ડ નમકીન્સ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહેનોએ બહોળી સંખ્યામાં ભાગ લઈ રસોઈકલા પ્રત્યેની ઉત્સુકતા દર્શાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં અંજારથી પધારેલ વાનગી સ્પર્ધાના જજ શ્રી અંજનાબેન પોમલ, આરતીબેન ગોહિલ તેમજ પૂજાબેન સોનીનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. પ્રોજેક્ટ ચેરપર્સન પ્રિતીબેન ડી. બગ્ગાએ સ્પર્ધાના નિયમો જણાવી સ્વીટ એન્ડ નમકીન્સ બંને વિભાગના અલગ અલગ આયોજન વિશે સમજાવ્યું હતું.

નિર્ણાયકશ્રી અંજનાબેન પોમલે પધારેલ સમગ્ર બહેનોને રસોઈને લગતી ટીપ્સનું વિવરણ કરવા જણાવેલ. જેમાં સારી ટીપ્સોનું ઈનામ પણ તેના દ્વારા આપવામાં આવેલ. જેમાં નિકીતાબેન વી. બુદ્ધભટ્ટી તેમજ ઈંદિરાબેન વાય. સોલંકી ટીપ્સ વિજેતા જાહેર થયેલ. તદુપરાંત દિપ્તીબેન ગુજરાતી - રીટાબેન બુદ્ધભટ્ટીએ પણ ખૂબ સારી ટીપ્સ જણાવેલ.

આ ઉપરાંત સ્વીટ એન્ડ નમકીન્સ બંને વિભાગમાં પ્રથમ-દ્વિતીય વિજેતાઓ જાહેર કરવામાં આવેલ. જેમાં સ્વીટ વિભાગમાં કુંતલ - પ્રિયા ચનાણી પ્રથમ તેમજ રીટા ડી. બુદ્ધભટ્ટી દ્વિતીય વિજેતા જાહેર થયેલ. આ ઉપરાંત અન્ય બહેનોની વાનગીઓને અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. પ્રભાબેન જે. કટ્ટાએ ધાર્મિકતાનું મહત્વ સમજાવતી વાનગી બનાવી વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. વિજેતા બહેનોને સુધા બુદ્ધભટ્ટી તેમજ રોહિણીબેન બુદ્ધભટ્ટીના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા અરૂણાબેન એન. બુદ્ધભટ્ટી, જયશ્રી જે. બુદ્ધભટ્ટી, નિલાબેન એમ. પોમલ, ખુશાલી બુદ્ધભટ્ટી, શીતલ બુદ્ધભટ્ટી તેમજ અન્ય કારોબારી બહેનોએ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધા એ બુદ્ધભટ્ટીએ કરેલ.

**પ્રથમ વિજેતા : કુંતલ પ્રિયા ચનાણી, સ્વીટ વિભાગ**

● **પાઈનેપલ સીરા : સામગ્રી :** પાઈનેપલ સ્લાઈસ નંગ ૮, સોજી ૧ કપ, સાકર ૧ કપ, દૂધ ૧ કપ, પાણી ૨ કપ, એલચી ૮ નંગ, કેસર ચપટી, ગાર્નિશીંગ માટે ડ્રાયફ્રુટસ (બદામ, કાજુ, કિસમિસ) ઘી એક ચમચો. **રીત :** પાઈનેપલ સ્લાઈસનો પલ્પ કરી એમાં એક સાકરની ચમચી નાંખી. પાંચ મિનિટ ઉકાળવો. ત્યારબાદ એક પાનમાં એક ચમચો ઘી નાખી. સોજીને ગુલાબી રંગ થાય. ત્યાં સુધી સેકવો ત્યાર બાદ તેમાં દૂધ, પાણી, એલચી, ડ્રાયફ્રુટસ, કેસર નાખી હલાવવો. પાણી અને દૂધ ઉકળી જાય ત્યારે સીરાને ધીમા તાપે ઢાંકીને પાંચ મિનિટ રહેવા દેવો અને સર્વિંગ પ્લેટમાં કાઢી ગાર્નિશિંગ કરવો. સમય : ૧૫-૨૦ મિનિટ

**પ્રથમ વિજેતા : સોનલ કોમલ ચનાણી, નમકીન્સ વિભાગ**

● **મટર કચોરી વીથ ચાટ : સામગ્રી :** ૨ કપ મેંદો, ૧/૨ કપ ઘી, ૧ બોટલ સોડા, સ્ટફીંગ માટે : મટર ૧ વાટકી, ૨ ચમચા ૧ આદુ, ૧ ચમચી વરિયાળી, ૧/૨ ચમચી ટોપરાની છીણ, ચપટી ગરમ મસાલો, ૧ ચમચી આમચૂર, ૧/૨ સાકર, હળદર, મીઠું, મરચા સ્વાદ અનુસાર, ૧/૨ બેસન, ૧/૨ તલ **રીત :** કચોરી માટે લોટ તૈયાર કરો. ૧૦ મિનિટ રાખવો. એક પાનમાં એક ચમચી તેલ નાખી તેમાં આદુ મરચાની પેસ્ટ નાંખવી. ત્યારબાદ અધકચરા ક્રસ કરેલા વટાણાને સેકવો. ત્યારબાદ તલ, ટોપરાનો ખમણ ગરમ મસાલો કાચી વરીયાળી, આમચૂર પાવડર, મીઠા હળદર અને મરચા નાખી અને સાકર અને બેસન નાખી મિક્સ કરવો. આ સ્ટફીંગને ૧૦ મિનિટ ઠંડો થવા દેવો ત્યારબાદ કચોરી વાળી અને ધીમા તાપે તળવી. **ચટણી :** ફુદીનાની, આમલીની ચટણી, દહીં. **સમય :** ૧૫-૨૦ મિનિટ

**દ્વિતીય વિજેતા : રીટાબેન ડી. બુદ્ધભટ્ટી, સ્વીટ વિભાગ**

● **રબડી માલપુઆ : સામગ્રી :** દૂધ, મેંદો, ખાંડ, ઘી, કેસર, એલચી, પીસ્તા, ચાંદીનો વરખ **રીત :** દૂધને અડધાથી વધારે ઉકાળવું. દૂધ ઠંડુ થાય ત્યારે મેંદો ઉમેરવો. પેઈનમાં (કડાઈ) ઘી ગરમ કરી માલપુઆ ઉતારવા. નોર્મલ ચાસણી કરી અને તેમાં માલપુઆ બોળવા. **રબડી બનાવવા માટે :** જે દૂધ ઉકાળેલ હોય એમાંથી મલાઈ કાઢી તે રબડી લેવી. હવે તે મલાઈમાં ખાંડ, કેસર મીક્ષ કરવી. **સજાવટ માટે :** સજાવટ માટે પ્લેટમાં માલપુઆ રાખી તેના પર ચાંદીનો વરખ રાખવો અને તેના પર રબડી નાખવી. ત્યારબાદ પીસ્તા અને એલચીના ભૂકાથી તેને સજાવવું.

**દ્વિતીય વિજેતા : પ્રભાબેન સી. બુદ્ધભટ્ટી, નમકીન્સ વિભાગ**

● **મેકસીકન બ્રેડ રોલ વીથ સેઝ્પાન સોસ : સામગ્રી :** બાફેલી મકાઈ, કેપ્સીકમ, ડુંગળી, ગાજર, આદુ, ચીઝ, બ્રેડ, ઓરીગાનો, પેપરીકા, મીઠું, લાલમરચું, બટર **રીત :** સૌ પ્રથમ ઉપર જણાવેલ બધી વસ્તુ જીણી સમારી લેવી પછી બટર ગરમ કરી સાંતળી લેવી અને મીઠું, મરચું, ઓરીગાનો પેપરીકા નાખી તેને ઠંડુ થયા પછી બ્રેડમાં પાથરી તેનો રોલ કરવો અને ટોસના ભૂકામાં તેને બાળી તળી લેવું. રેઝવાન સોસ સાથે પીરસવું. **સોસ બનાવવાની રીત :** સૌ પ્રથમ લાલ આખા મરચા અને લસણને પાણી ઊકાળવું. ઠંડુ થાય પછી તેને પીસી નાખવુ અને તેલ ગરમ કરી તેમાં આ ગ્રેવી કરી સાંતળવી. પછી તેમાં ટમેટાની ગ્રેવી નાખવી અને ઝીણા કાપેલા કાંદા, આદુ, મરચા તથા કણસી અને ટામેટા કાપીને નાંખવા. પછી એક કટોરામાં પાણી ગરમ કરવું તેમાં વીનેગર નાખવું, કલોનફ્લોર અને મીઠું નાખ્યું તે સોસમાં ઉમેરવું. ઘટ રાખવું.

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલામંડળ-ભુજ

**રોહીણી બી. બુદ્ધભટ્ટી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલામંડળ-ભુજની વર્ષ ૨૦૧૩-૧૫ સુધી નવી કારોબારીની રચના કરવામાં આવી. જેમાં હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોના નામો નીચે મુજબ છે.


લત્તાબેન આઈ. સોલંકી - પ્રમુખ


સુધાબેન એ. બુદ્ધભટ્ટી-ઉપપ્રમુખ


રોહિણીબેન બી. બુદ્ધભટ્ટી-મંત્રી


જયશ્રીબેન એ. છત્રાળા-સહમંત્રી


અરૂણાબેન એન. બુદ્ધભટ્ટી-ખજાનચી


જયશ્રીબેન જે. બુદ્ધભટ્ટી-સહખજાનચી

**કારોબારી સભ્યોના નામ :** ભાવનાબેન વી. બુદ્ધભટ્ટી, રીટાબેન ડી. બુદ્ધભટ્ટી, શીતલબેન એ. બુદ્ધભટ્ટી, ખુશાલીબેન એસ. બુદ્ધભટ્ટી, પ્રીતીબેન ડી. બગ્ગા, ઈન્દિરાબેન વાય. સોલંકી, ભાવનાબેન એ. ચનાણી, નીલાબેન એમ. પોમલ, માલતીબેન એન. ગુજરાતી

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-રાયપુર

**શ્રીમતી શીવાંગીબેન પંકજભાઈ પોમલ**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-રાયપુરની વર્ષ ૨૦૧૩-૨૦૧૪ નવી કારોબારીની રચના કરવામાં આવી. જેમાં હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોના નામો નીચે મુજબ છે.


શ્રીમતી મંજુલાબેન જે. પોમલ-પ્રમુખ


શ્રીમતી મીતાબેન એ. બુદ્ધભટ્ટી-ઉપપ્રમુખ


શ્રીમતી શીવાંગીબેન પી. પોમલ-મંત્રી


શ્રીમતી દ્રુપાલીબેન એસ. બારમેડા-સહમંત્રી


શ્રીમતી નૈનાબેન પી. બારમેડા-ખજાનચી


શ્રીમતી ઉર્મીલાબેન વી. પોમલ-સહખજાનચી

**કારોબારી સભ્યોના નામ :** શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ બારમેડા. શ્રીમતી ઉર્વશીબેન દીપકભાઈ બારમેડા. શ્રીમતી ભાવનાબેન કૌશિકભાઈ કટ્ટા, શ્રીમતી હર્ષાબેન હર્ષદભાઈ પોમલ. શ્રીમતી યોગીતાબેન મયુરભાઈ બારમેડા. શ્રીમતી ખ્યાતીબેન દીપેશભાઈ બારમેડા. મહિલા મંડળના કુલ ૬૩ મહિલા સભ્યો છે. આમાંથી ૯૫% મહિલાઓએ સ્નાતક તેમજ તેનાથી વધુ અભ્યાસ કર્યો છે.

**જ્ઞાતિ સમાચાર**

## સ્વ ઉત્કર્ષ મહિલા મંડળ-અંજાર

**એકતા કટ્ટા**

સ્વ ઉત્કર્ષ મહિલા મંડળની સ્થાપના દિન તા. ૧૭-૨-૨૦૧૩ ના દીપ યજ્ઞ અને જ્ઞાતિની મહિલાઓ માટેની જનરલ મીટીંગનું આયોજન કરીને ઉજવવામાં આવી હતી. મહિલા મડંળે છ વર્ષ પુરા થયા. શુભ કાર્યની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવતી હોય છે. સ્થાપનાદિન તેમજ નવા વર્ષની શરૂઆત દીપયજ્ઞ કરીને કરવામાં આવે છે. મંડળમાં અંજાર તેમજ આદિપુર ગાંધીધામથી નવા સભ્યો ઘણા જોડાયા હતા. મંડળનું સંગઠન મજબુત કરવા સહકાર પ્રાપ્ત થયો હતો.

મિટીંગની શરૂઆતમાં કાશીબેન પોમલે દરેક હોદ્દેદારો તથા જ્ઞાતિની બહેનોને આવકાર્યા હતા. સુશીલાબેન સાકરીયાએ વાર્ષિક ખર્ચનો અહેવાલ રજુ કર્યો હતો. જ્યારે અંજનાબેન પોમલે આર્થિક રીતે મજબુત બનાવીને જરૂરીયાત મંદને ઉપયોગી બની રહીએ તેમ જણાવ્યું હતું. અંજનાબેન મહિલા મંડળની સ્થાપના કરનાર એકતા કટ્ટાને શુભેચ્છા પાઠવી હતી. સારા કામ માટે શરૂઆત કરનાર જોઈએ પછી તેને આગળ લઈ જવા સહકાર આપનાર તો મળી જ રહેતા હોય છે. દયાબેન ગુજરાતીએ મંડળે ગૃહઉદ્યોગ કરવો જોઈએ તેવું સૂચન કર્યું હતું. જ્યોતીબેન બારમેડાએ પણ સૂચન કર્યું હતું કે જ્ઞાતિની બહેનોને સિલાઈ કામ શીખવા માટે તેઓ મદદરૂપ રહેશે. તેઓએ સિલાઈકામના ક્લાસ ચલાવવાની તૈયારી બતાવી હતી. પીંકીબેન કટ્ટાએ તેમજ કુ. મનાલી બગ્ગાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

શ્રી મહાકાલી માતાજીના પાટોત્સવના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને કાર્યક્રમની સીડી તથા દાતાઓ દ્વારા રોકડ પુરસ્કાર મળેલ તે દરેક કલાકારોને આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ કોઠારા

ગઢશીશા મુકામે પોમલ પરિવારના કુળદેવી વાંકલ ચામુંડા માતાજીનો વાર્ષિક ઉત્સવ તા. ૨૪-૨-૧૩ને રવિવારે ધામધૂમથી ઉજવવામાં આવેલ.

સવારે ૧૦-૦૦ કલાકે માતાજીના હોમહવન, બપોરે ૧૨-૦૦ કલાકે માતાજીના નૈવેદ-દર્શનનો લાભ ત્યાર બાદ મહા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ભુજ, માધાપર, અંજાર, કેરા, બળદીયા, માંડવી, લુડવા, ગોરપર, મ.ઉ. કોઠારા વગેરે ગામેથી ૨૫૦ જેટલા ભાવિકોએ માતાજીના દર્શનનો લાભ તથા મહાપ્રસાદનો લાભ લીધેલ.

મહાપ્રસાદના દાતા ગઢશીશાના ત્રિક્મભાઈ રવજી પોમલ પરિવારે લીધેલ.

**કાન્તીલાલ ડી. પોમલ-પ્રમુખશ્રી**

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

**નરેન્દ્ર એમ. સોની-ગાંધીનગર**

'જ્ઞાતિસેતુ'ના ફેબ્રુઆરી-માર્ચ અંકમાં પૃષ્ઠ-૪૧ પર શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ દ્વારા પ્રકાશીત પરિચય પુસ્તિકામાંની એક ક્ષતિ પ્રત્યે ધ્યાન દોરવામાં આવેલું જેના પ્રતિભાવે ઉપરોક્ત સંસ્થાના પ્રમુખશ્રીએ સુધારો મોકલ્યો છે જે એમના અનુરોધ મુજબ આભાર સહ અત્રે પ્રકાશીત છે. **— તંત્રીમંડળ**

સવિનય જણાવવાનું કે તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ આ મંડળ દ્વારા સમાજના યુવક યુવતિ પરિચય સંમેલન માટેની બહાર પાડવામાં આવેલ પરિચય પુસ્તિકામાં જે ક્ષતિઓ રહી જવા પામેલ છે, તે અંગે આ મંડળે બહાર પાડેલ સુધારા યાદીને જ્ઞાતિસેતુના પ્રસિદ્ધ કરી અમુક ઉમેદવારોની માહિતી અંગે સમાજના લોકોને સાચી માહિતી મળી શકે.

### સુધારો

આથી દરેક લાગતા વળગતા ઉમેદવાર / વાલીઓને જણાવવાનું કે આ મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ યુવક-યુવતિ જીવનસાથી પરિચય સંમેલન માટેની પરિચય પુસ્તિકામાં મુદ્રણ દોષના લીધે ભૂલો થયેલ છે, તો તેમાં નીચેની વિગતે સુધારો કરવામાં આવે છે. તો દરેક ઉમેદવાર / વાલીઓને આપવામાં આવેલ પરિચય પુસ્તિકામાં તે મુજબ સુધારો કરવા વિનંતી છે.

| નં. | પાના નં. | ઉમેદવારનો નંબર/નામ | વિગત | છપાયેલ વિગત | સુધારીને વાંચવાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૨ | F-61 પ્રિયા કંસારા | મો.નં. | ૯૪૧૩૦૪૪૬૧૪ | ૯૪૧૩૮૪૪૬૧૪ |
| ૨ | ૫૩ | F-98 જ્યોતિ સ્વર્ણકર | વર્ણ | શ્યામ વર્ણ | ગોરા |
| ૩ | ૧૦૧ | M-107 હની કંસારા | શા.ક્ષતિ | હા | ના |

# ચાલો ફરી શરૂ કરીએ... 'જીવન પ્રવાસ'

નરેન્દ્ર એમ. સોની-ગાંધીનગર

સમયનું ચક્ર સતત ફરતું રહે છે. જે કાલ છે તે આજ નથી. જે આજે છે તે આવતી કાલે ચોક્કસ નહી હોય પછી તે વ્યક્તિ હોય કીર્તિ હોય, લક્ષ્મી હોય કે સત્તા હોય કે પછી ભૂમિ, જમીન હોય, આજે માલિક જુદો હોય અને આવતી કાલે માલિકી હકમાં નામ જુદુ હોય. બધુ જ પરિવર્તન શીલ.

આજ કુદરતનો અફર નિયમ છે. સનાતન છે. કેટલાય વર્ષોથી એકાકી જીવન ગાળનારા... કારણ ગમે તે હોઈ શકે. આદર્શ, પ્રતિજ્ઞા કે બ્રહ્મચર્યની ટેક અથવા સમયસર જીવનસાથી પસંદગી કરવામાં વિલંબ.. લંબાઈ ગયો સરવાળે ૪૦-૫૦ વર્ષ પુરા થઈ ગયા હોય ! બનવા જોગ છે. ૨૦ વર્ષે જીવનસાથી વિખૂટા પડી ગયા હોય કારણ માંદગી, અકસ્માત કે છુટાછેડા... પણ કાળચક્ર સતત ફરતું જ હોય છે. પણ જીવનચક્ર અટકી ગયું હોય. જીવન પ્રવાસ કોઈ એક નિમિત્તના માઈલસ્ટોન પર અટકી ગયો હો... સંસારચક્ર અવિરત ફરતું હોય છે. દીકરા દીકરીઓ પરણી તેમના સંસારમાં દેશ કે પરદેશમાં સ્થિર થઈ ગયા હોય !

એકાકી સૂમસામ જીવનપરથ પર 'એકલતા' અસહ્ય થઈ પડે છે. મન ઝંખતું હોય છે. સાથ ! કોઈ એવો સાથી, જેની સાથે સુખ દુઃખ વહેંચી શકીએ ! કોઈને કહીને મન હળવું ફુલ બની જાય. તન-મન-વજન રહિતતાનો અનુભવ-આનંદથી તરબતર થઈ જાય, આંખોમાંથી અમી છલકાય.. એમની હાજરી સમગ્ર અસ્તિત્વ ઓગળવા માંડે... પરમ એક્યનો અદ્‌ભુત આનંદોત્સવ રૂંવાડે રૂંવાડે ઉજવાતો હોય... સરવાળે પ્રતિપલ સ્નેહ પ્રસન્ન જીવન માણવાનું કોને ના ગમે ? આવો જીવનને નવપલ્લવિત કરીએ ગમતાના કરીએ ગુલાલ.

અપરણિત અથવા વિધુર, જેઓને જીવનસાથી સાથે જોડાવવા રસ પડે તેઓને કદી ઉંમરની મર્યાદા નથી નડતી.. હકીકતમાં સદાય જુવાન હોય તેને જ આવા ઉમદા વિચાર આવે.. કોઈને સુખી કરવાથી સુખ બેવડાઈને જીવનમાં પાછું ફરતું હોય છે. જીવન સાર્થકતા જ દાંપત્ય જીવનમાં રહેલી છે. સાથી થઈને સાથ આપવાના જ જીવન યાત્રાની સાર્થકતા છે. સથવારાની ઝંખના પ્રાકૃતિક છે.

જો તમને જીવનસાથી પરિચય પસંદગી સંમેલનમાં રસ છે તો આપને આમંત્રણ છે. સમાજ, કુટુંબ, મિત્રો કે ઘરના સગા સંબંધી જ તમારી સાથે છે અને રહેશે. જીવનના સુંદર ઐતિહાસિક પ્રકરણ શરૂ કરવા શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ સદાય અગ્રેસર અને આપની સાથે છે.

---

યોગ્ય સંખ્યામાં પ્રવેશપત્રો આવ્યે પરિચય પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવશે. પરિચય પસંદગી સંમેલનનું સ્થળ અને તારીખની જાણ ટેલીફોન અથવા પત્ર દ્વારા કરવામાં આવશે.

**અગત્યની માહિતી** :

૧. આ પરિચય પસંદગી સંમેલન ફક્ત અને ફક્ત મારૂ કંસારા સોની સમાજના ભાઈઓ-બહેનો માટે જ છે.

૨. પરિચય પસંદગી સંમેલનમાં ભાગ લેનાર ભાઈ-બહેનોની વય મર્યાદા ૩૦ વર્ષથી ઉપર જ રહેશે.

૩. એન.આર.આઈ. વિદેશમાં વસતા કે નોકરી કરતા ઉપર જણાવેલ લાયકાતવાળા યુવક-યુવતીના વાલીઓ પ્રવેશપત્ર ભરી શકશે.

૪. છૂટાછેડાવાળા, વિધુર-વિધવા, સંતાનવાળા કે નિઃસંતાન, શારીરિક ક્ષતિવાળા કે વિકલાંગ ભાઈ-બહેનો ઉપર જણાવેલ વય મર્યાદામાં ભાગ લઈ શકશે.

૫. મહામંડળ દ્વારા શરૂ કરવામાં આવનાર મેરેજ બ્યુરોમાં આ પસંદગી સંમેલનમાં ભાગ લેનાર યોગ્ય ઉમેરવારોની માહિતી કાયમી રહેશે.

૬. ઉમેદવારે પોતાના બે પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા ફોર્મ સાથે મોકલવા. ઉમેદવારે પોતાના ફોટા પાછળ પોતાનું આખું નામ મોબાઈલ નંબર અને ગામ માર્કર પેનથી લખવું.

૭. ફોર્મ મોકલેલ કવર ઉપર જીવનસાથી પરિચય પસંદગી સંમેલન અવશ્ય લખવું.

૮. આ પરિચય પસંદગી સંમેલનમાં ઉમેદવારની કોઈ પ્રવેશ ફી નથી.

૯. ઉમેદવારોના ફોટાવાળી પરિચય પુસ્તિકા દરેક ઉમેદવારને ફ્રી આપવામાં આવશે.

૧૦. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તા. ૨૦-૭-૨૦૧૩ રહેશે.

### કોઈ કહેશો ?

કોઈ કહેશો કે જાદુ બધા કોને કર્યા
આજ સૃષ્ટિમાં નવા ચેતન કોને ભર્યા
પંખી કિલ્લોલ કરે હરલા ઉલ્લાસ ભરે
કોયલમાં કંઠ ગીત કોને ભર્યા
કોઈ કહેશો કે જાદુ બધા કોને કર્યા
મોર કળા કરે ઢેલ ઢૂંઢે ભલે
સિંહમાં ગર્જના કોને કરી
કોઈ કહેશો કે જાદુ બધા કોને કર્યા
હાથી તો ફરતા ફરે, સસલા તો ગેલ કરે
કાબર ના કલબલાટ કોને કર્યા
કોઈ કહેશો કે જાદુ બધા કોને કર્યા
આજ સૃષ્ટિમાં નવા ચેતન કોને કર્યા

**– વિજયાબેન બુદ્ધભટ્ટી**

# આયુર્વેદમાં આહાર વિહાર

ડૉ. ઉર્વશીબેન પી. મોદી-ભુજ



આયુર્વેદ પ્રાચીન સમયથી ચાલ્યું આવતું વિજ્ઞાન છે. જે આપણને સ્વસ્થ રહેવાના ઉપાયો બતાવે છે એટલે જ કહ્યું છે કે -

સ્વાસ્થ્ય રક્ષણં આતુરસ્ય વિકાર પ્રશમનં ચ ।

માણસે બિમાર પડ્યા પછી દવા લેવી એમ કરતાં બિમાર ના પડાય એ માટે ઉપાય કરવા એવું આયુર્વેદમાં સૂચવેલ છે. આપણું સ્વાસ્થ્ય સારું જળવાઈ રહે એ માટે આયુર્વેદમાં દિનચર્યા, ઋતુચર્યા પ્રમાણે કોને કેટલા પ્રમાણમાં કેવા પ્રકારનો આહાર વિહાર કરવો એનું ખૂબ જ ઊંડાણપૂર્વક વર્ણન કરેલ છે. જો એ પ્રમાણેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તો શરીર તંદુરસ્ત રહી બિમારી દૂર રહે છે. માટે જ ચરકે કહ્યું છે કે, માત્રાયુક્ત ખાધેલો ખોરાક પ્રકૃતિને બગાડ્યા વગર ખાનાર માણસને બળ, વર્ણ સુખ તથા લાંબા આયુષ્યની સાથે જોડે છે.

આયુર્વેદમાં સ્વસ્થ રહેવા માટે નીચે પ્રમાણે આહાર વિહારનો ઉપયોગ બતાવેલ છે.

સ્વાસ્થ્ય માટે પથ્ય પદાર્થો તરીકે ચોખા, મગ, સેંધવ, આમળા, જળ, દિવ્યજળ, ગાયનું દૂધ વગેરેનો કાયમ ઉપયોગ કરવો જોઈએ. ગળો, ગોખરું ને આમળાને આયુર્વેદમાં રસાયન તરીકે વર્ણવ્યા છે જે શરીરની તમામ ધાતુની પુષ્ટી કરી યૌવન આપે છે.

આયુર્વેદમાં ખોરાકનું પ્રમાણ, ખોરાકના દ્રવ્યોનું ભારેપણું તથા હલકાપણું ધ્યાને લઈ જે તે વ્યક્તિના જઠરાગ્નિ બળને ધ્યાને લઈ નક્કી કરાય છે. આયુર્વેદમાં અગ્નિનું મહત્વ ઘણું છે માટે જ કહ્યું છે કે

સમદોષ સમાગ્નિય સમધાતુ મલક્રિય ।

પ્રસન્ન આત્મેન્દ્રિય સ્વસ્થ ઈતિ અભીધિયતે ॥

અગ્નિ સમ હોય તો વ્યક્તિ નિરોગી રહે છે અને લાંબો કાળ જીવે છે. પરંતુ એ અગ્નિ વિકૃત થાય, પ્રમાણથી ઓછો વધતો થાય તો માણસ રોગી બને છે. આયુર્વેદમાં નીચે પ્રમાણેના આહારને સમ્યક આહાર બતાવેલ છે.

● દૂધ જીવન આપે છે. શરીરની પુષ્ટિ કરે છે. દૂધને સંપૂર્ણ આહાર કહેલ છે.

● દાડમ અને આમળા સિવાયના બધા ખાટા દ્રવ્યો પિત્ત કરનારા હોય છે.

● મધ અને જૂના શાલી ચોખા, જવ, ઘઉં સિવાયના મધુર દ્રવ્યો કફ કરનારા હોય છે.

● પીંપર અને સૂંઠ સિવાયના બધા તીખા દ્રવ્યો વાયુ કરનાર છે.

● જે જળ શરદ ઋતુમાં સારી રીતે ગ્રહણ કરેલ હોય તેનો સર્વકાળ ઉપયોગ કરવો.

● દહીં જઠરાગ્નિ ને પ્રદિપ્ત કરનાર, વીર્યવર્ધક, બળ વધારનાર, વાયુનાશક અને પૌષ્ટિક ગણાય છે. દહીં અરૂચિમાં મૂત્રકૃચ્છતામાં કૃશપણામાં વપરાય છે.

એજ પ્રમાણે આયુર્વેદમાં ભોજનના પણ કેટલાક નિયમો બતાવેલ છે જેમ કે,

● દીનચર્યાની શરૂઆત સવાર થાય પછી નિયમિત કર્મ થી નિવૃત્ત થઈ ચાલવા જવું

● સવારના ચાલ્યા પછી નાસ્તામાં પલાળેલા ચણા ચાવીને ખાવા.

● ભોજન કરતા પહેલા સિંધાલુ નાખેલુ આદુ ખાવાથી જીભ અને કંઠની શુદ્ધિ થઈ જઠરાગ્નિ વધે છે.

● તાજી છાશ પીવી. સવારે ૧૧ વાગ્યા સુધી ભોજન કરી લેવું.

● ભોજન કરતી વખતે કોળીયા ને ૩૨ વખત ચાવવો. પાણી ના પીવું.

● ૧૧ વખત કોગળા કરીને મોં સાફ કરો અને માત્ર એક બે ઘૂંટડા પાણી પીઓ. ભોજન ૧ કલાક પછી પાણી પીઓ.

● જમતા પહેલાં પાણી પીવામાં આવે તો, તે અગ્નિમંદ પાડે છે. જમવાની વચ્ચે પાણી પીવાય તો તે અમૃતની ગરજ સારે છે. કારણકે તે અગ્નિને પ્રદિપ્ત કરે છે. જમી રહ્યા બાદ પાણી પીવામાં આવે તો તે કફ, મેદ વધારે છે.

● ભોજન કર્યા પછી શરીરના આરોગ્ય માટે ધીરે ધીરે સો પગલા ચાલવું જોઈએ.

● સાંજે ભોજન ૮ વાગ્યા પહેલા લઈ લેવું.

● સવારે એક બે બદામ એક કપ પાણીમાં પલાળી રાખો સૂતા સમયે એ બદામનું દૂધ પીવું.

એજ પ્રમાણે આયુર્વેદમાં વિરુદ્ધ આહારનું વર્ણન પણ કરેલ છે, જેમ કે -

● વધારે પ્રમાણમાં મીઠુ ખાવાથી આંખના, ચામડીના લોહીના વિકાર થાય છે.

● મૂળા, લસણ, સરગવો, તુલસી વગેરે ખાઈને દૂધ ખાવાથી કોઢ થાય છે.

● દૂધ સાથે કેરી, આમળા, બોર, જાંબુ, અખરોટ, નાળીયેર, દાડમ, મઠ, કળથી, અડદ, વાલ ના લેવા એ વિરુદ્ધ કહેવાય.

● ગરમ કરેલું મધ તથા ગરમ પદાર્થ સાથે મધ નુકશાન કરે છે. મધ અને ઘીનું પ્રમાણ માપસર લેવું.

● સીંગ બટેટાનું વધારે પ્રમાણ પેટમાં વાયુ કરે, અજીર્ણ અને કબજીયાત કરે છે.

**આયુર્વેદની દ્દષ્ટિએ શ્રેષ્ઠ**

| | |
|---|---|
| અનાજમાં રાતા ચોખા | મીઠામાં સિંધવ |
| કઠોળમાં મગ | પાણીમાં કુવાનું |
| ફળોમાં કાળી દ્રાક્ષ | વિહારમાં બ્રહ્મચર્ય |
| શાકમાં પરવળ | ઔષધમાં હરડે |
| ભાજીમાં ડોડી, તાંદળીયો | દૂધમાં ગાયનું દૂધ |
| દાતણમાં કરંજ | કંદમૂળમાં આદુ |
| તેલમાં તલનું તેલ | |

**આયુર્વેદની દ્દષ્ટિએ નુકશાનકારક**

| | |
|---|---|
| ધાન્યમાં બાજરી | કઠોળમાં અડદ |
| શાકમાં ટીંડોળા | ભાજીમાં સરસવ |
| ફળોમાં નાના ફણસ | તેલમાં સીંગતેલ |
| દૂધમાં ઘેટીનું દૂધ | કંદમાં બટેકા |
| મીઠામાં દરિયાનું મીઠું | ઘીમાં વેજીટેબલ ઘી |
| મુખવાસમાં સોપારી, તંબાકુ | પીણામાં ચા,કોફી,કોકો |
| ગોળમાં નવો ગોળ | પાણીમાં નદીનું પાણી |

**આરોગ્ય**

# રૂબેલા

**રોહીણી બી. બુદ્ધભટ્ટી**

આજે 'રૂબેલા' જેને નૂરબીબી તરીકે પણ આપણે ઓળખીએ છીએ તેના વિશે વાત કરવી છે.

આ 'રૂબેલા' શું છે ?

'રૂબેલા'એ વાયરસથી ફેલાતી એક બિમારી છે. જે નાના મોટા સ્ત્રી-પુરુષ બધાને થઈ શકે છે. આ બિમારી ઓરી, નાની ઓરી અથવા નુરબીબી તરીકે પણ ઓળખાય છે. મહિલાને સગર્ભા અવસ્થામાં 'રૂબેલા'નો ચેપ લાગે તો તેના ગર્ભસ્થ બાળકને આ બિમારીનો ચેપ લાગે છે. તેને કારણે બાળક વિકલાંગ કે ખોડખાપણવાળું જન્મે છે.

આ બિમારી હવા દ્વારા ફેલાય છે. તેથી ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જલ્દીથી ફેલાય છે.

લક્ષણો : ચામડી પર નાના નાના લાલ દાણા દેખાય છે. પ્રથમ મોઢા પર ત્યારબાદ ગળા અને આખા શરીરમાં લાલાશ ફેલાય છે. જો સગર્ભાસ્ત્રીને 'રૂબેલા'ની બિમારીનો ચેપ લાગે તો 'રૂબેલા'ના વાયરસ ગર્ભમાં રહેલા બાળકના શરીરમાં પ્રવેશ પામે છે અને બાળકની માતા અને નવજાત શીશુને નીચે મુજબ તકલીફ થઈ શકે છે.

● મહિલાને ગર્ભપાત થઈ જાય છે. ● બાળકને કાનમાં બહેરાશ આવે છે. ● નવજાત શિશુને અંધાપો આવે છે અથવા આંખમાં મોતિયો આવે છે. ● હૃદયની દિવાલમાં કાણું પડી જાય છે. ● બાળકને લીવરની બિમારી થાય છે. ● નવજાત બાળકને મીઠી પેશાબ (મધુપ્રમેહ) ની બિમારી થાય છે. અથવા નાની ઉંમરે આ રોગ લાગુ પડે છે. ● ૧૯૭૦માં રૂબેલા રસી શોધી કાઢવામાં આવી. અમેરિકા, યુરોપ તેમજ વિકાસશીલ ૭૮ દેશોમાં આ રસી રાષ્ટ્રીય રોગ નિવારણ કાર્યક્રમ હેઠળ ૧૯૭૦ થી નિયમિત આપવામાં આવે છે. આ રોગની રસી આપવાનું શરૂ થયા બાદ આ દેશોમાં રૂબેલાનો રોગ લગભગ નાબૂદ થઈ ગયેલ છે. અમેરિકાની ૨૦ કરોડની વસ્તીમાં દર વર્ષે માત્ર રૂબેલાને લીધે ૧ વિકલાંગ બાળક જન્મે છે. ભારતની ૧૦૦ કરોડ વસ્તીની દર વર્ષે ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) વિકલાંગ બાળક જન્મતા વિકલાંગોમાં પોલીયો પછી રૂબેલા બીજા નંબરે આવે છે.

**રૂબેલાની રસી કોને મૂકી શકાય ?**

૯ વર્ષથી ઉપર કોઈપણ અપરિણિત તંદુરસ્ત બહેનો આ રસી લઈ શકે છે.

આ રસી મૂકાવ્યા પછી સ્ત્રીને ત્રણ માસ સુધી ગર્ભ રહેલો જોઈએ નહી.

સુવાવડ પછી તરત જ કોઈપણ સ્ત્રીને આ રસી મુકી શકાય છે.

**આ રસી કોને મૂકી શકાય નહી ?**

૧. સગર્ભા સ્ત્રી ૨. બિમાર સ્ત્રી

રૂબેલાની રસી મુકવવાથી ૨૦ વર્ષ સુધી આ ગંભીર બિમારી સામે રક્ષણ મળે છે.

વર્તમાન પેઢીને અપંગ વ્યક્તિઓનો ભાર ઉપાડવો ન પડે તથા નવી આવનાર પેઢી તંદુરસ્ત જન્મે અને સુધી જીવન જીવે તેના માટે આપણે બધી સ્ત્રીઓ રૂબેલા બિમારીને નાબુદ કરવા યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિને અસરકારક રસી મૂકાવવા સંકલ્પ કરીએ. *(માહિતી નેટ પરથી)*

# ભીંત

હંસરાજ કંસારા

'... હવે તો ડેલીની ભીંત ઠીક કરાવો..!'

યમુનાએ એના પતિ, મકનજી માસ્તરની થાળીમાં ગરમ ફૂલકો મૂકતાં કહ્યું. ફૂલકાના બે પડ વચ્ચેથી છૂટેલી વરાળ માસ્તરની આંખે ભરાણી. એમણે એમના એ પૈત્રુક ઘરની ડેલીની દિવાલ તરફ જોયું. ભૂકંપે ફંગોળેલા એમની સામેના મકાનના કાટમાળે કચડેલી એ દિવાલ, સૂકી નદીના બે કાંઠાની જેમ, એકબીજાથી દૂર, બે ટુકડામાં વહેંચાયેલી હતી. એ દિવાલ અને ડેલીની વચ્ચે ભીંસાયેલું એમના એકના એક યુવા પુત્ર મનહરનું ક્ષત-વિક્ષત શરીર, એમની આંખ સમક્ષ તાદૃશ થયું. માસ્તર ઊભા થઈ ગયા. યમુનાએ એમને જેમતેમ સમજાવી જમવા બેસાડ્યા. જમ્યા પછી માસ્તર હીંચકે બેઠા. હીંચકા પર વેર-વિખેર પડેલી એમના પૌત્ર જિમ્મીની ચોપડીઓ દફતરમાં ભરતાં યમુના ફરી બબડવા લાગી.

''... જિમ્મી નિશાળેથી આવે, જેમતેમ જમે ને રમવા ભાગી જાય. મને તો હવે જરાય ગાંઠતો નથી. અને તમે એને કંઈ કહેતા નથી.''

માસ્તર ચૂપ રહ્યા. એમણે હીંચકાને પગથી ઠેલો માર્યો અને આડે પડખે થયા. યુવાન પુત્રના અકાળ અવસાનના આઘાતે આહત યમુના, આખો દિવસ આમ બબડાટ કરીને શાતા મેળવતી હતી તે માસ્તર સારી રીતે સમજતા હતા અને એટલે જ, એમના ઘર પાસેથી વહેતા રસ્તા પરના વાહનોના ઘોંઘાટની જેમ, યમુનાનો બબડાટ પણ એમને કોઠે પડી ગયો હતો.

''.... જિમ્મી ભણવામાં પાછળ છે એટલે માસ્તરો ટ્યુશન રાખવાનું કહે છે, તમારું પેન્શન અને હમણાની નોકરીનો પગાર બેય ભેગા થાય ત્યારે માંડ ઘર ચાલે છે. તેમાં હવે આ ટ્યુશનનો ખર્ચ કેમ પરવડશે ? ભૂકંપ રાહત રકમ તમે જિમ્મીના ડાક્ટરી ભણતર માટે ચાર વરસની બંધીએ મૂકી દીધી. પણ એના હમણાના ભણતરનું શું ?'' યમુનાએ એના મનનો ઉચાટ વ્યક્ત કર્યો. માસ્તરે પ્રતિસાદમાં માત્ર પડખું ફેરવ્યું. હીંચકો થોડો વધુ ડોલતો હીબકાં ભરતો રહ્યો.

... સરલા વહુ અહીં હોત તો એ જિમ્મીના ભણતરનું ધ્યાન રાખત. પણ તમે ! જાણે, વિધાતાનાય વિધાતા ! યુવાન દિકરાને કાળ ભરખી ગયો તેનું દુઃખ આપણું નસીબ, માની જીરવીએ છીએ તેમ વહુ પણ એના દીકરાના મ્હોં સામું જોતી, મન મારીનેય એનો રંડાપો જીરવતી હતી. પણ તમે એનું 'કન્યાદાન' કરીને જ જંપ્યા. તમારા એ મુંબઈગરાની ઠાવકી વાતો અને સાહ્યબી જોઈને અંજાઈ ગયા. કહેતો હતો કે, બાપુજી મને તમારો મનહર જ સમજજો અને જિમ્મીનું ભણતર હવે મારા જિમ્મે. અને એ મુંબઈગરાની મા એના એક વર્ષના અપંગ અને 'નમાયા' પૌત્ર માટે સરલા વહુના ખોળાની ભીખ માંગતી હતી. સરલાએ તો એ બિચારા અબોલ 'નમાયા' ને 'મા'નો ખોળો આપ્યો પણ જિમ્મીને શું મળ્યું ? ત્રણ મહિનામાં તો એ ખરો રૂપિયો, ખોટો થઈને પાછો ફર્યો. જિમ્મી હવે પહેલાં જેવો નથી રહ્યો. વાત વાતમાં ખીજાય છે ને ખોટો ઉધમાત કરે છે.''

''..... ફ...ડ...ડા...ક જમીન પર કંઈક જોરથી અફડાયું. માસ્તરની તંદ્રા તૂટી... એક કૂતરું વ...ઊ..વ..ઊ.. કરતું, લંગડાતું, ઓસરીમાંથી ભાગ્યું. યમુનાનો ઉશ્કેરાટ ઓસરીમાં પડઘાયો.

''....વહુએ ખૂબ જતનથી જાળવેલી ફૂલવાળીનો પરમ દિ' ચોપાં સૂથ વાળી ગયાં અને આજે આ કૂતરું ઠેઠ ઓસરીયાં..''

''બસ... યમુના બસ.. તું હવે બે ઘડી પોરો ખા અને મને પણ થોડો જંપવા દે.' એમ કહી માસ્તરે હીંચકાને ફરી ગતિ આપી. અને પડખું ફેરવી સૂઈ ગયા. યમુના પણ હીંચકા પાસે જ ચટાઈ પાથરી બેઠી અને જિમ્મીના શર્ટનું બટન ટાંકતાં બબડતી ઝોકે ચડી.'' પૈસાનો જોગ ન હોય તો ભલે મારા દાગીના વેચીને પણ ડેલી તો ઠીક કરાવી જ લ્યો. નહીં તો કોઈ ચોર ધોળે દિવસે આપણા ઘરમાં ખાતર પાડી જશે.'

''... તે ખાતર તો પડ્યું જ છે, યમુના, પણ ડેલીએથી નહી ઘરની પછીતે થી !'' માસ્તરને હોઠે અટકેલા આ શબ્દો સાથે એમને થોડી વિતેલી વાતો યાદ આવી.

... એ રાતે લગભગ દસ વાગ્યે, એ પેઢીએથી ચાલતા ઘેર આવતા હતા. ઊંચા ઓટલાવાળું એમનું ઘર દૂરથી જ દેખાતું હતું. રોડલાઈટનો પ્રકાશ સીધો એમના ઘરના પાછલા રૂમની બારીના પડદા પર પડતો હતો. અને માસ્તર જ્યારે એમના ઘરની સામે, સો એક ફૂટને અંતરે હતા ત્યારે એમને એ બારીના પડદાની લહેરીયાં ડિઝાઈન સુદ્ધાં સ્પષ્ટ દેખાવા લાગી. થોડા દિવસ પહેલાં એમણે મોતિયાનું ઓપરેશન કરાવેલું. જે આટલી હદે સફળ થયું તેના સંતોષ સાથે એમની દ્રષ્ટિ વારંવાર પડદા પર જતી. અચાનક એ પડદો હટ્યો. માસ્તર ફૂટપાથને કિનારે, હોટલ પાસે ઊભા રહ્યા. બારીમાં એમની પુત્રવધુ ઊભી હતી.

હોટલના કાઉન્ટર પાસે એક યુવક ઊભો હતો. એણે બીજા યુવક સાથે હાથ મિલાવતાં થોડા ઊંચા અવાજે કહ્યું, ઓ... કે.. ડિયર, અબ કલ મિલેગેં ઈસી જગહ, ઈસી વક્ત... ! અને ત્યારે માસ્તરે બરાબર જોયું. ત્યારે એ યુવકની નજર એમના ઘરની એ ઉઘાડી બારી તરફ હતી. માસ્તર એ યુવકને કંઈ કહે તે પહેલા એ યુવક હવામાં હાથ ઉછાળતો, બા..ય કહેતો રસ્તો ઓળંગી, માસ્તરના ઘરની નજીક ખાંચામાં

પાર્ક કરેલી લાલરંગની કારમાં બેસી ચાલ્યો ગયો. માસ્તર પણ સડક ઓળંગી એમના ઘર પાસે પહોંચ્યા. એમણે એ બારી તરફ જોયું. બારી આડે પડદો હતો. રોડલાઈટના પ્રકાશમાં એ પડદા પરની વાંકીચૂકી રેખાઓએ માસ્તરના મનમાં વહેમના વમળો સર્જ્યાં. એ ઘેર આવ્યા. યમુનાનું મન રાખવા એમણે જમી લીધું. દાદાની વાટ જોતો જિમ્મી સૂઈ ગયો હતો. એટલે એમને વાર્તા કહેવાની નહોતી. પથારી પર આળોટતાં માસ્તરને અનેક વિચાર આવ્યા. એ યુવક ફરી એવી હરકત કરે તો એને ત્યાં જ ઢીબી નાખવો, પોલીસને સોંપી દેવો, યમુનાને કહી સરલાને ઠપકો આપવો અને એનો રૂમ બદલી નાખવો. આમ અનેક વિકલ્પો પરથી અંતે એ એવા નિશ્ચય પર આવ્યા કે હાલતુરંત પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવી. માસ્તરે એ જ સ્થળે, એ જ સમયે, લગભગ એવા જ દ્રશ્યનું પુનરાવર્તન થતું જોયું...

... હીંચકો થંભી ગયો. માસ્તરના સ્મૃતિપટ પર ઉભરેલાં એ દ્રશ્યો ઓઝલ થયાં. એ બેઠા થયા. યમુના ભરઊંઘમાં હતી. પેઢીએ જવાને હજી વાર હતી. પગને ટેકે હીંચકો સ્થિર રાખી, માસ્તર અખબારનાં પૃષ્ઠો પલટતા રહ્યા. એક વિજ્ઞાપન પર નજર જતાં ફરી એમના ચિત્તતંત્ર પર બીજા દ્રશ્યો ઊભરાયાં...

... તે દિવસે ઘેર જવા પેઢીએથી એ વહેલા નીકળ્યા હતા. રસ્તામાં સુપર બજારમાંથી એમણે થોડી ખરીદી કરી હતી. ત્યાંથી બહાર આવતાં ગેટ પર એમણે એ વરણાગિયા યુવકની લાલ રંગની કાર જોઈ. એ યુવક ત્યાં નહોતો. માસ્તર ઘેર આવ્યા. યમુના રસોડામાં હતી. એમણે સરલા વિષે પૂછ્યું. યમુનાએ કહ્યું કે સરલા સામાન લેવા સુપર બજાર ગઈ છે. આ સાંભળતાં જ, એ યુવકની ગાડીનો લાલ રંગ માસ્તરની આંખમાં છવાઈ ગયો. એમણે આખી વાત યમુનાને કહી એમના મનનો ઊભરો ઠાલવવાની ઈચ્છા થઈ. પરંતુ યમુનાની વ્યથિત મનોદશા સમજતાં માસ્તર એને કંઈપણ કહી શક્યા નહીં. એ અવઢવમાં હતા તે દરમ્યાન સરલા આવી ગઈ.

રાત્રે વાળુ કર્યા પછી, ફરવા બહાને માસ્તર ઘરેથી બહાર નીકળ્યા. બરાબર ત્યારે જ, એ લાલ રંગની કાર, એનું વિચિત્ર હોર્ન સંભળાતી, સડક પરથી એ ખાંચા તરફ વળી. માસ્તરને એ કાર પર પત્થર ફેંકવાનું મન થયું. તે જ વખતે, ઉપરથી કંઈક વજનદાર પેકેટ જેવું, કારના હુડ પર ટકરાઈ નીચે પડ્યું યુવકે એ પેકેટ ઉઠાવ્યું. પાછો એની સીટ પર બેઠો અને, બે એક મિનિટમાં એની કાર, વિચિત્ર હોર્નનો અવાજ સંભળાવ્યા વિના, ચુપચાપ સડક પર આવી સડસડાટ સરી ગઈ.

માસ્તરે એમના ઘરની બારી સામે જોયું. બારી પરનો પડદો હવામાં લહેરાતો હતો. હવે માસ્તરને સામી બાજુ જવાનું કોઈ પ્રયોજન ન હોતાં એ ઘેર પાછા આવ્યા. હીંચકે બેઠા. યમુના ઓસરીમાં એનો પાઠ કરતી હતી. સરલા એના રૂમમાં હતી. જિમ્મી ઓસરીમાં ટીવી પર કાર્ટૂન જોતો હતો. દાદાજીને જોયા એટલે જિમ્મી એમની પાસે આવ્યો. એણે દાદાજીને વાર્તા સાંભળાવવા જીદ કરી. માસ્તરને ગુસ્સો આવ્યો.

'આખો દિવસ રમવું ને ટીવી જોવું, રાત્રે વાર્તા...' આના ભણતરનું કોઈ ધ્યાન રાખો છો કે નહી ?

આટલા ઊંચા અને કઠોર અવાજે માસ્તર આજ પહેલાં ક્યારેય બોલ્યા નહોતા એટલે યમુનાને આશ્ચર્ય થયું એણે જિમ્મીને સમજાવી એની મમ્મી પાસે મૂકી દીધો. પછી એણે માસ્તરને પડકાર્યા.

'શું વાત છે ? ચાર દિવસથી કોઈને કોઈ વાતે ચચર્યા કરો છો ?'

માસ્તરે યમુના સામે જોયું, એ ડરી ગયા. યમુનાની કોરી આંખોમાં લવણ લખલખતું હતું. એના ફફળતા હોઠમાં એમને ધરતીની ધ્રુજારીનો અહેસાસ થયો. અમંગળની આશંકા એમને આખી રાત પજવતી રહી.

એમના સદનસીબે બીજે જ દિવસે, એમના મુંબઈના એક મિત્રે, એના એક ઘરભંગ થયેલા ડોક્ટર મિત્ર માટે, યોગ્ય જીવનસાથી ધ્યાનમાં રાખવા અથવા હોય તો સૂચવવા પત્ર લખ્યો હતો. માસ્તરને આ પત્રમાં એમની સમસ્યાનું સમાધાન દેખાયું. એમને અંદેશો હતો કે કદાચ સરલા અને યમુના એમનો આ પ્રસ્તાવ નહીં સ્વીકારે. પરંતુ સરલાએ કોઈ ઉત્સાહ ન દેખાડ્યો તેમ વિરોધ પણ ન કર્યો. યમુના કોઈ રીતે માને તેમ નહોતી. પરંતુ માસ્તરે એમને સરલાની સંમતિ આડે ન આવવા સમજાવ્યું.

જોતજોતામાં બધું ગોઠવાઈ ગયું અને એક દિવસ સરલા એના બીજા ભવનો ભાગ ભજવવા મકનજી માસ્તરને ઘેરથી એના પુત્ર જિમ્મી સાથે વિદાય થઈ. યમુનાને અસહ્ય દુઃખ થયું. માસ્તરને હાશ થયું...

... કીચૂડ ... કીચૂડ ... માસ્તરના પગને ઠેબે, હીંચકો ફરી ડોલવા લાગ્યો... અને એ અવાજથી ઝબકીને યમુના જાગી ગઈ અને ચ્હા બનાવવા રસોડામાં ગઈ કે પોસ્ટમેને અવાજ દીધો. માસ્તરે ટપાલ લીધી. એક પત્ર સુપર બજારથી મહિલા ગૃહઉદ્યોગનો સરલાને, એના સિલાઈ કામના પૈસા લઈ જવા સૂચન કરતો પોસ્ટકાર્ડ હતો. બીજો પત્ર સરલાનો હતો. માસ્તર હીંચકા પર બેસી યમુનાને ઉદ્દેશીને લખાયેલો એ પત્ર વાંચવા લાગ્યા.

પૂ. બા,

તમને અને બાપુજીને મારા પાયવંદન. જિમ્મીને પ્યાર. જિમ્મીને એના દાદા-દાદીની હૂંફ પાછી મળી તેથી મને નિરાંત થઈ.

બા, તમે મને વિદાય કરી તે તમારા જીવનની સૌથી વસમી ઘડી હતી તે હું જાણુ છું. મારા પુનઃલગ્નના પ્રસ્તાવનો

મેં વિરોધ ન કર્યો તેથી તમે મને સ્વાર્થી સમજી નારાજ થયા હતા. એ પણ હું જાણું છું અને એટલે જ આ પત્ર દ્વારા એ સંયોગોનો ખુલાસો કરું છું.

મારી નેત્ર-દૃષ્ટિ એક જન્મજાત અસાધ્ય દોષને કારણે ઘટતી જાય છે એ વાત મેં અને તમારા પુત્ર મનહરે તમારા બંનેથી છૂપાવી હતી. બહુ થોડા વર્ષમાં હું તદ્દન અંધ થઈ જઈશ. છેલ્લા એકાદ વર્ષથી તો મને દસ-બાર ફૂટથી વધારે દૂરનું પણ એકદમ ધૂંધળું દેખાય છે. મારી આ સ્થિતિ સહ્ય બને અને હું સ્વનિર્ભર રહી શકું તે માટે પુનર્વસન કસરતો ઘરબેઠા મારા રૂમમાં કરી લઉં છું. છતાં તમને અને જિમ્મીને જ્યારે મારી સૌથી વધારે જરૂર પડશે ત્યારે જ હું અંધ હોઈશ અને તમારા પર બોજારૂપ બનીશ તેની મને ચિંતા હતી.

જોગાનુજોગ મારા પુનઃલગ્ન આંખના ડોક્ટર સાથે જ થયા છે. અમે પહેલીવાર મળ્યા ત્યારે મેં એને મારી આંખના રિપોર્ટ બતાવ્યા હતા છતાં એમણે મને સ્વીકારી. હા, એ ઈલાજની સંભાવના ચકાસી રહ્યા છે. પણ બા, મેં પુનઃલગ્નનો વિરોધ ન કર્યો તેનું કારણ આ નથી. એનું ખરું કારણ એ હતું કે, હું બાપુજીની નજરમાં 'હિણી' પડી ગઈ હતી. કોણ જાણે કેમ, બાપુજીને મારા ચારિત્ર્ય પર શંકા થઈ છે એવો મને આભાસ થયો હતો. હા, એ વાત ખરી છે કે એક છેલબટાઉ છોકરડો મારી પાછળ પડી ગયો હતો, પણ એને તો મેં એક જ પથ્થરથી પાંસરો કરી દીધો હતો. મારી ભૂલ એ થઈ કે મેં એ વાત તમને પણ કહી નહીં, તમારી અને ખાસ કરીને બાપુજીની મનોદશા હું સમજી શકું છું. યુવાન પુત્રના મૃત્યુનો આઘાત, વૃદ્ધાવસ્થાની લાચાર સ્થિતિ અને ઘરમાં અઠ્ઠાવીસ વર્ષની એક યુવાન રૂપાળી વિધવા પુત્રવધુ. બાપુજીને મન હું 'જોખમી' હતી. બરાબર છે, પણ હું માત્ર એમની પુત્રવધુ નહોતી. હું એમના એકના એક પૌત્ર અને 'વંશજ'ની જનેતા પણ હતી. એમને પુત્રવધુ પર ન સહી, એક 'જનેતા' પર તો વિશ્વાસ કરવો હતો.. !

ભમ્મ કરતો, ઘૂમરિયો લેતો, ક્રિકેટનો દડો-ઓસરીની દિવાલ પર અફડાઈ નીચે પડ્યો.. અને તે જ વખતે હાંફતો... હાંફતો જિમ્મી દોડતો-કૂદતો ઓસરીમાં આવ્યો. માસ્તર ઊભા થઈ ગયા અને ત્યારે જ યમુનાએ પણ ઓસરીમાં આવી ચ્હાનો કપ ટેબલ પર મૂક્યો.

માસ્તરથી ડરીને જિમ્મી એની બાની સોડમાં સંતાઈ ગયો. બાએ એને બાથમાં લેતાં માસ્તરને પડકાર્યો...

'ખબરદાર, જો છોકરાને કંઈ કહ્યું છે તો ! તમારી ડેલીની ભીંત ભાંગેલી છે, તેમાં બાપડો, એ શું કરે ?

***સૌજન્ય : કચ્છમિત્ર દીપોત્સવી અંકઃ૨૦૦૬ (સંવતઃ૨૦૬૨)***

**પુસ્તક પરિચય**

## 'હું કચ્છનો, કચ્છ મારું' - શ્રી ટી. એમ. શેઠ

**હંસરાજ કંસારા**

પ્રા. નલિનીબેન ઠક્કર અને વિજયલક્ષ્મી શેઠ દ્વારા સંકલિત આ પુસ્તક કચ્છમાં માધ્યમિક શિક્ષણક્ષેત્રે અગ્રણી લોક સંસ્થા 'સારસ્વતમ્' દ્વારા તાજેતરમાં પ્રકાશીત થયું છે. આ પુસ્તક રાજાશાહીના અંતિમ તબક્કે અને આઝાદ ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ ('C' State કચ્છ)ના પ્રથમ તબક્કે અને ત્યારબાદ મુંબઈ તેમજ ગુજરાત રાજ્યના કાર્યનિષ્ઠ અને વતન પરસ્ત ઉચ્ચ અધિકારી 'કચ્છી માડુ' સ્વ. ટી. એમ. શેઠના આંતર ઐશ્વર્યના લોકચેતનામાં ઝીલાયેલા પ્રતિબિંબોનું રસપ્રદ મોન્ટાજ છે.

ગુજરાતના પુરાતત્વ અને ઈતિહાસક્ષેત્રે ખ્યાતનામ સામયિક 'પથિક' ના તંત્રી સ્વ. માનસંગજી બારડે ૧૯૭૬માં સ્વ. શેઠને 'સ્મરણાંજલી' અર્પતો વિશેષાંક પ્રકાશીત કર્યો હતો, આ અંકમાં શ્રી શેઠના વિશાળ સ્વજન વર્તુળના સંસ્મરણો છે, જે આ પુસ્તકનો મુખ્ય આધાર છે. પુસ્તકના પરિશિષ્ઠમાં શ્રી શેઠના અભ્યાસપૂર્ણ લખાણોનું પ્રતિનિધિત્વ કરતું થોડુંક સાહિત્ય પણ પ્રસ્તુત છે. આ લખાણોમાં શ્રી શેઠની દીર્ઘદૃષ્ટિ, વસ્તુલક્ષી વ્યવહારુ આયોજન અને કાર્યક્ષમતા તેમજ એમની વતન પ્રત્યેની પ્રચુર મમતાનો પરિચય મળે છે. એમના આ લેખોમાં સદીઓ પર્યંત રાષ્ટ્રની મુળધારાથી વિમુખ અને સંવેદનશીલ સરહદ ધરાવતા આ પ્રદેશની તત્કાલીન સમસ્યાઓ અને એના સમાધાન તેમજ વિવિધલક્ષી વિકાસની આવશ્યકતાઓનું અભ્યાસપૂર્ણ વિશ્લેષણ છે, જે આજ પણ એટલું જ પ્રસ્તુત છે.

આ પુસ્તકમાં શ્રી શેઠના પચાસથી વધુ સ્વજનો (સગાઓ, મિત્રો અને શુભેચ્છકો)એ ઝીલેલાં શ્રી શેઠના સંદર્ભે સાથે તત્કાલીન કચ્છની રાજકીય, સામાજીક અને સાંસ્કૃતિક સ્થિતિના ઈતિહાસમૂલક પ્રતિબિંબો છે. પ્રા. તરલા દેસાઈ એમના લેખ 'ચેતનાનો અનુબંધ' માં લખે છે કે '.... એક આખા પ્રદેશનું જ નહીં પણ એમાં ધબકતા રાષ્ટ્ર પ્રેમનું ગૌરવગાન અનુભવાય છે.' મહામહોપાધ્યાય ડો. કે. કા. શાસ્ત્રીના લેખમાં શ્રી શેઠની કચ્છી ભાષાના વિકાસ માટેની અંતિમ શ્વાસ સુધીની તડપ વર્તાય છે. તો પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી (દાદા)ના લખાણમાંથી એમની પ્રજાવત્સલતાનો પરિચય મળે છે.

કચ્છના પ્રથમ બેરીસ્ટર ધારાશાસ્ત્રી, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં સામેલ 'કચ્છી પ્રજાકિય પરિષદ' ના અડીખમ કાર્યકર, કચ્છ રાજ્યની વરિષ્ઠ કોર્ટના પ્રથમ કચ્છી ન્યાયાધીશ અને પ્રથમ રેવેન્યુ કમિશ્નર, નૂતન કચ્છના પ્રથમ કલેક્ટર, અને બૃહદ મુંબઈ તેમજ ગુજરાત રાજ્યના ઉચ્ચ અધિકારી તરીકે અને સાંસદ તરીકે અનેકવિધ જવાબદારીઓ પૂર્ણ નિષ્ઠાથી અદા કરનારા 'સારસ્વતમ્' ના સંસ્થાપક શ્રી શેઠના જીવન અને કવનનું આ પુસ્તક પ્રત્યેક કચ્છીએ વાંચવા અને વસાવવા જેવું છે. આ પુસ્તક મેળવવા **સંપર્ક સૂત્ર : 'સારસ્વતમ્' ભીડનાકા, માંડવી (કચ્છ)-૩૭૦ ૪૬૫.**

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## મહિલા સેલ - મેરેજ બ્યુરો

C/o. સદ્‌વિચાર પરિવાર ઓફીસ, વી. ડી. હાઈસ્કુલ પાસે, સીંધી વાડી સામે, ભુજ-કચ્છ

### માહિતી ફોર્મ

૧. અરજદારનું પુરેપુરૂ નામ :

૨. પુરેપુરૂ સરનામું :

૩. મુળ વતન : ૪. બ્લડ ગ્રુપ

૫. ફોન નંબર મોબાઈલ નંબર ઈ-મેઈલ એડ્રેસ

૬. જન્મ તારીખ ૭. જન્મ સ્થળ ૮. જન્મ સમય

૯. શારીરિક ખોડ ૧૦. ઊંચાઈ ૧૧. વજન

૧૨. વ્યવસાય ૧૩. માસિક આવક ૧૪. શનિ / મંગળ

૧૫. કુટુંબની વિગત ૧૬. કુલ સભ્ય સંખ્યા ૧૭. ભાઈઓ / બહેનો

૧૮. પિતાનું નામ ઉંમર ૧૯. માતાનું નામ ઉંમર

૨૦. માતા / પિતાનો વ્યવસાય ૨૦. માતા / પિતાની આવક ૨૧. મોસાળની વિગત

૨૨. મોસાળનું પુરેપુરુ સરનામું

૨૩. કૌટુંબિક ભાવના સંયુક્ત કુટુંબ / વિભક્ત કુટુંબ ૨૪. ભવિષ્યનું આયોજન

૨૫. યુવતીના લગ્ન બાદ વ્યવસાય વિશે મંતવ્ય

૨૬. સામાવાળા પક્ષની જરૂરીયાત ____________ (૧) ભણેલા (૨) અભણ (૩) કોઈપણ

૨૭. અત્યારની સ્થિતિ ____________ (૧) કુંવારા (૨) વિધુર (૩) વિધવા (૪) ત્યકતા (૫) છુટાછેડા (૬) અન્ય

૨૮. અગાઉના લગ્નથી થયેલ હયાત સંતાનની સંપૂર્ણ વિગતો

હું ____________ મહાકાલીકા માતાજીના સોગંદ થઈ જણાવું છું કે ઉપર જણાવેલ તમામ હકીકતો ખરી છે.

**વાલીની સહી** **અરજદારની સહી**

### નિયમો

૧. ફોર્મ ઉપર અરજદારનો ફોટો લગાવવાનો રહેશે તેમજ તેની સાથે એક વધારાનો ફોટોગ્રાફ આપવાનો રહેશે.

૨. ફોર્મ પરત કરતી વખતે (૧) લાણેદાર કાર્ડ (૨) ચૂંટણી કાર્ડ (૩) રાશન કાર્ડ (૪) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા (૫) જન્માક્ષરની ઝેરોક્ષ નકલો આપવાની રહેશે.

૩. ફોર્મ લેતી વખતે નોંધણી ફી રૂા. ........ જમા કરાવવાની રહેશે. જે પરત મળી શકશે નહીં

૪. ફોર્મ સાથે નોંધણી ફીની જમા કરાવેલ રકમની રસીદની ઝેરોક્ષ આપવાની રહેશે.

૫. ફોર્મ હેઠળ વાલીની સહી લેવી જરૂરી છે.

૬. અભ્યાસ અંગેની જરૂરી તમામ વિગતોની ઝેરોક્ષ નકલો સાથે આપવાની રહેશે.

૭. ફોર્મ સ્વીકાર્યા બાદ પક્ષકારને એક પક્ષ સાથે સંપર્ક કરાવવાનો પ્રયત્ન કરવામાં આવશે. જેનો નિર્ણય સાત દિવસની અંદર લેવાનો રહેશે. ત્યારબાદ જ બીજા પક્ષ સાથે સંપર્ક કરાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

૮. જે તે પક્ષકારનો સંપર્ક કરાવવામાં આવે તે પક્ષકાર સગપણ અને લગ્નનો સંબંધ નક્કી કરે તો તે પક્ષકારે મેરેજ બ્યુરોની તેની જાણ કરવાની રહેશે.

૯. વિધવા, વિધુર, ત્યકતા, છુટાછેડા કે અગાઉના લગ્નથી થયેલ સંતાન અંગેની પુરેપુરી વિગત આપવાની રહેશે.

૧૦. ઉપર જણાવેલ નિયમો તથા મેરેજ બ્યુરો સંબંધે ઘડવામાં આવેલ અન્ય નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૧. મેરેજ બ્યુરો દ્વારા ફક્ત સંબંધ જોડવા માટે યુવક/યુવતીની માહિતી પુરી પાડવામાં આવશે. તે સિવાય મેરેજ બ્યુરોની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૨. મેરેજ બ્યુરો દ્વારા થતા પ્રયત્નો દરમ્યાન તથા સગપણ / લગ્ન બાદ સંબંધો અંગેની ઉદ્‌ભવતી સમસ્યાની મેરેજ બ્યુરો કે મહામંડળની કોઈ પ્રકારની જવાબદારી રહેશે નહી.

ફોર્મ નોંધણી ફીની રસીદ નંબર ____________ તારીખ ____________

ફોર્મ આપનારનું નામ હોદ્દો તથા સહી - સિક્કો

# કામણગારા કચ્છને સલામ...!

ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –

ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...




**આજે જ વસાવો...**

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

સંપાદકો :
હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય

કિંમત : રૂ. 700 (બંને ખંડના)

### આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવિભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરાય કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




* વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકાય તેવાં સેંકડો પુસ્તકો
* સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો
* આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

HL Group of Companies

BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]

**The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery**





**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com

SKHAC

# Shree Kachchh Hallmarking & Assaying Centre Pvt. Ltd.

**Regd. Office : Haribhai Soni Building, L. B. Shastri Road Anjar (Kuchchh) 370110 (Guj.) India**
**Ph./ Fax : 02836 329944/242481**

**Hallmarking Office :-** 1st Floor, Plot No. 425 A/B, TPS-2, Malasheri, Anjar (Kachchh) 370110

**Group Companies**

# Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

# Soham Land Development Pvt. Ltd.